G20
भारत 2023 INDIA

વર્ષ : ૬૩ ■ અંક : ૧૨ ■ તા.૧૬-૦૬-૨૦૨૩

# ગુજરાત

ગુજરાતીઓનું વિશ્વસનીય સામયિક



## મહા આફત સામે

### ઝીરો કેઝ્યુઅલ્ટિના સંકલ્પ સાથે

## મહા અભિયાન







# શાળા પ્રવેશોત્સવ









Gujarat
The Reliable fortnightly of Gujaratis

Year : 63 ▪ Issue : 12 ▪ Date 16 - 06 - 2023

**તંત્રી** : ધીરજ પારેખ
**સહતંત્રી** : અરવિંદ પટેલ
**સંપાદક** : મિનેશ ત્રિવેદી
**સહસંપાદક** : દેવાંગ મેવાડા, સુનિલ પટેલ, હર્ષદ રૂપાપરા
**કલાનિર્દેશક** : જસ્મીન દવે
**વિતરણ વિભાગ** : એન. એમ. રાઠોડ, ગીતા દેસાઇ, બી. કે. પરમાર

ગુજરાત પાક્ષિક ન મળતું હોય તો નીચે દર્શાવેલા નંબર ઉપર સંપર્ક કરવા વિનંતી.

**વિતરણ વિભાગ** : ફોન : ૦૭૯ - ૨૩૨૫૩૪૪૨
**ઈ-મેલ એડ્રેસ** : gujaratmagazine@gmail.com
**ફેસબુક લિંક** : gujaratinformation.official

**તંત્રી વિભાગ**

'ગુજરાત' પાક્ષિક કાર્યાલય, માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦.
ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૦

**વાર્ષિક લવાજમ : ₹ ૫૦-૦૦**

રાજ્ય સરકારના સત્તાવાર અહેવાલો સિવાય આ સામયિકમાં પ્રસિદ્ધ થતા અન્ય લેખોમાં વ્યક્ત થયેલા વિચારો સાથે રાજ્ય સરકાર સંમત છે જ, એમ માનવું નહીં.

માહિતી ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા પ્રકાશિત અને સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ. તથા ગુજરાત ઓફસેટ પ્રા. લિ., અમદાવાદ દ્વારા મુદ્રિત

**48 + 4 Cover = Total 52 Pages**

આ અંક નીચેની વેબસાઇટ પરથી વિના મૂલ્યે ડાઉનલોડ કરી શકાશે
**www.gujaratinformation.gujarat.gov.in**

**લવાજમ નીચેનાં સ્થળોએ સ્વીકારાય છે**

- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રાજ્યની તમામ કમ્પ્યૂટરાઇઝ્ડ પોસ્ટ ઓફિસમાં સર્વિસ ચાર્જ ચૂકવી ભરી શકાશે.
- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રોકડેથી તથા ક્રોસ્ડ ડિમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે માહિતી નિયામકશ્રીની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૧૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરના સરનામા પર સ્વીકારવામાં આવશે.
- ગુજરાત પાક્ષિકનું લવાજમ જિલ્લાની માહિતી ખાતાની કચેરીઓ પણ સ્વીકારશે.
- સંપર્ક અધિકારીની કચેરી, ગુજરાત સરકાર, મ્હાડા બિલ્ડિંગ નં. ૩૬, પ્લોટ નં. ૧૫૦, ઓશીવારા પોલીસ સ્ટેશનની બાજુમાં, જોગેશ્વરી (પશ્ચિમ), મુંબઇ - ૪૦૦૧૦૨.
- લવાજમ સ્વીકારવા કોઇ ખાનગી વ્યક્તિ કે સંસ્થાને એજન્સી આપી નથી.

આપના વિસ્તારમાં રાજ્ય સરકારની જનહિતલક્ષી કોઇ મહત્ત્વપૂર્ણ ધ્યાનાકર્ષક બાબત ગુજરાત પાક્ષિકમાં પ્રસિદ્ધ કરવા યોગ્ય લાગે તો આપ gujaratmagazine@gmail.com ઇમેલ આઇડી ઉપર તસવીર સાથે વિગત મોકલી આપશો તો યોગ્યતા અનુસાર તેને ગુજરાત પાક્ષિકમાં સ્થાન આપવાનો અવશ્ય પ્રયત્ન કરવામાં આવશે.

# શબ્દશઃ



- ગ્લોબલ વોર્મિંગના પડકારો સામે પર્યાવરણ જતનની લડાઈથી વિજય મેળવીએ.
- પર્યાવરણ જાળવણી સાથે ઉદ્યોગો વધે તેની પણ રાજ્ય સરકારે ચિંતા કરી છે.
- સૌના સાથ, સૌના વિકાસ, સૌના વિશ્વાસ અને સૌના પ્રયાસના મંત્રથી ગુજરાતને ગ્રીન ગ્રોથની નવી ઊંચાઈએ લઇ જવું છે.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'મિશન લાઈફ' અન્વયે પર્યાવરણપ્રિય જીવનશૈલી અપનાવવાનો વિચાર આપ્યો છે.
- પર્યાવરણપ્રિય વિકાસ દ્વારા વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવું છે.
- શહેરી વિસ્તારોમાં મોટાપાયે વૃક્ષો વાવીને ઑક્સિજન પાર્ક ઊભા કરવામાં આવી રહ્યા છે.
- રાજ્યમાં સાંસ્કૃતિક વનોનું નિર્માણ કરીને પર્યાવરણ પ્રત્યેની પ્રતિબદ્ધતા ગુજરાતે વ્યક્ત કરી છે.
- રાજ્યમાં 'નમો વડ વન' યોજનાને વ્યાપક લોકપ્રતિસાદ મળ્યો છે.
- 'મિષ્ટી' પ્રોજેક્ટ અન્વયે ગુજરાતના ૧૧ જિલ્લામાં ૨૫ સ્થળોએ મેંગ્રોવનું વાવેતર કરવામાં આવ્યું છે.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ગ્રીન ગ્રોથ-પર્યાવરણપ્રિય વિકાસ માટે આ વર્ષના કેન્દ્રીય બજેટમાં પ્રાધાન્ય આપ્યું છે.
- કાર્બન ડાયોક્સાઇડ ઉત્સર્જનમાં ઘટાડો, સૌર ઊર્જા ઉત્પાદનને વેગ આપવા જેવા નવતર આયામો અપનાવાઇ રહ્યા છે.

(મુખ્યમંત્રીશ્રીએ વિશ્વ પર્યાવરણ દિવસ પ્રસંગે આપેલા વક્તવ્યના અંશો)

# આકર્ષણ






**6**
**આપત્તિ વ્યવસ્થાપન**
બિપરજોય વાવાઝોડા સામે ગુજરાત સંપૂર્ણ સજ્જ

**16**
**શાળા પ્રવેશોત્સવ**
રાજ્યવ્યાપી શાળા પ્રવેશોત્સવ - ૨૦૨૩

**22**
**સ્માર્ટ વિલેજ**
રાજ્યના ગામડાઓ બન્યાં સ્માર્ટ વિલેજ

**32**
**જળસંચય**
સુજલામ્ સુફલામ જળસંચય અભિયાનનું છઠ્ઠું ચરણ સંપન્ન

**33**
**પર્યાવરણ**
અંબાજીમાં 'વન કવચ'નું લોકાર્પણ


**42**
**જન સેવા**
એકસાથે ૨૧ નગરોમાં સિટી સિવિક સેન્ટરનો પ્રારંભ

**44**
**વિકાસયાત્રા**

**47**
**નિર્ણય**

**48**
**યોગ દિન વિશેષ**
ચેતના સાથે ચિત્તને જોડે એ યોગ
- નીરવ રાવલ

**50**
**સમાચાર વિશેષ**

વાચકોનો અભિપ્રાય એ પત્રકારત્વનો પ્રાણ છે. તમારું માનીતું અને વિશ્વસનીય પાક્ષિક 'ગુજરાત' તમારા અભિપ્રાયના આધારે જ વધુ વાંચનક્ષમ અને રસપ્રદ બને છે. 'ગુજરાત' પાક્ષિકનો અંક કેવો લાગ્યો, તેની વાંચનસામગ્રી, ભાષા, વિચારો વગેરે વિશે તમારાં મંતવ્યો અમને મળે અને પાક્ષિકની વિકાસયાત્રા વધુ ગતિશીલ બને એ દિશામાં અમારો આ નમ્ર પ્રયાસ છે. આપનાં મંતવ્યો **તંત્રીશ્રી, ગુજરાત પાક્ષિક કાર્યાલય, પ્રકાશન શાખા, બ્લોક નં. ૧૯, ભોંયતળિયે, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર**ના સરનામે સુવાચ્ય રીતે કાગળની એક બાજુ લખીને મોકલી આપવા વિનંતી છે.

- તંત્રી



# મક્કમતા અને નિર્ણાયકતા સાથે અગ્રેસર ગુજરાત

ગુજરાત પર જ્યારે જ્યારે પૂર, વાવાઝોડા, ભૂકંપરૂપી કુદરતી આફતો આવી છે ત્યારે ગુજરાતે તેનો મક્કમતાથી સામનો કર્યો છે અને જનજીવનને ધબકતું રાખ્યું છે. મુશ્કેલીમાંથી સાંગોપાંગ પાર ઊતરવું એ ગુજરાતનો સ્વભાવ રહ્યો છે. આપત્તિને અવસરમાં પલટવાની કુશળતા ગુજરાતે કેળવી લીધી છે.

તાજેતરમાં ગુજરાતના પશ્ચિમી કિનારા પર આફત બની આવેલા વાવાઝોડા 'બિપરજોય' અંગે રાજ્ય સરકાર દ્વારા આગોતરું આયોજન કરીને વાવાઝોડા પૂર્વેની સલામતી અને બચાવ રાહતની કામગીરીની પૂરતી તૈયારીઓ કરવામાં આવી હતી. 'ઝીરો કેઝ્યુઅલ્ટિ'ના અભિગમ સાથે વહીવટીતંત્રે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં પ્રાથમિક જરૂરિયાતો જેવી કે, વીજળી, પાણી અને કમ્યુનિકેશન નેટવર્ક સહિતની બાબતે ચીવટપૂર્વક આગોતરા આયોજનના પગલે નાગરિકોને ઓછામાં ઓછી હાલાકીનો સામનો કરવો પડે તેવું આયોજન કર્યું. ખાસ કરીને, દરિયાકાંઠાના નજીકના વિસ્તારોમાં નાગરિકોના સ્થળાંતરની પ્રક્રિયા ઝડપી બનાવી શેલ્ટર હોમમાં તમામ જીવન જરૂરિયાતની સુવિધાઓ ઉપલબ્ધ કરવા અંગે ખાસ તકેદારી રાખવામાં આવી. આ સિવાય, આરોગ્ય અને સેનિટેશન સેવા જળવાઈ રહે તે માટેની તમામ વ્યવસ્થાઓ તાકીદે ઊભી કરવામાં આવી. તો દરિયાકાંઠાના વિસ્તારોમાં પ્રચાર-પ્રસાર કરી નાગરિકોને જાગૃત કરવામાં આવ્યા હતાં.

શિક્ષણ ગમે તેવી આપત્તિમાંથી માર્ગ કાઢી શકે છે. ગુજરાતે આ વાતને સારી રીતે સમજી છે તેથી જ કુદરતી આફતો વચ્ચે પણ ગુજરાતે શિક્ષણની જ્યોતને પ્રજ્જ્વલિત રાખવાનો અભિગમ જાળવી રાખ્યો છે. સશક્ત અને સમૃદ્ધ ભારતના નિર્માણમાં શિક્ષણ ખૂબ અગત્યની ભૂમિકા ભજવી શકે છે તે પારખીને તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરાવેલા શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવની પરંપરાએ ૨૦મા વર્ષમાં પ્રવેશ કર્યો છે. તેના પરિપાકરૂપે શાળાઓમાં ડ્રોપઆઉટ રેટમાં મોટો ઘટાડો આવ્યો છે. કન્યા કેળવણીને ઉત્તેજન મળ્યું છે.

વિશ્વને શુદ્ધ હવા માટે વનોની આવશ્યકતા છે. આજે જે રીતે હવાનું પ્રદૂષણ વધી રહ્યું છે. તે પૃથ્વી પરના વાતાવરણને પ્રભાવિત કરે છે. આ વર્ષે પર્યાવરણ દિવસની ઉજવણીના ભાગરૂપે 'રક્ષાકવચ' વન તૈયાર કરી, પ્રકૃતિનું રક્ષણ કરાશે. તેની સાથે, દરિયાકિનારા વિસ્તારની સુરક્ષા માટે મેંગ્રોવ (ચેર)નાં વૃક્ષોના વાવેતરમાં વધારો કરવાનો રાજ્ય સરકારે નિર્ધાર કર્યો છે, જે ખરેખર ગુજરાતના પર્યાવરણની રક્ષામાં ઉપકારક બનશે.

નાગરિકોની સુવિધામાં વધારો કરતાં રાજ્યમાં ૨૧ City Civic Centre (CCC)નું તાજેતરમાં મુખ્યમંત્રીશ્રીએ પાલનપુરથી ઈ-લોકાર્પણ કર્યું હતું. આ કેન્દ્રો પર ૪૦ પ્રકારની નાગરિકલક્ષી સેવાઓ પ્રદાન કરવામાં આવશે. આ કેન્દ્રો અશક્ત, દિવ્યાંગો, વૃદ્ધોને કોઈ પણ પ્રકારની તકલીફ ન પડે તે રીતે ડિઝાઈન કરવામાં આવ્યાં છે. રાજ્યમાં વાહનવ્યવહારની સુવિધા સુગમ બનાવવા માટે ૩૫ હજારથી વધુ પુલોની સર્વેક્ષણ કામગીરી હાથ ધરાઈ છે.

આ સિવાય, આ અંકમાં સ્માર્ટ વિલેજ, રાજ્યમાં થયેલા વિકાસની વાત, શાળાકક્ષાએ થયેલા નાવીન્યસભર પ્રયોગોની સફળતાની વાત વણી લેવામાં આવી છે. મને વિશ્વાસ છે કે, ગુજરાત પાક્ષિકનું આ સંસ્કરણ સુજ્ઞ વાચકબંધુઓને મહત્ત્વપૂર્ણ જાણકારી મેળવવા માટે ઉપયોગી બની રહેશે.

જય જય ગરવી ગુજરાત...

**- ધીરજ પારેખ,** આઇ.એ.એસ.
**માહિતી નિયામક**

# 'બિપરજોય' અંગે ઉચ્ચસ્તરીય સમીક્ષા કરતા વડાપ્રધાનશ્રી





ગુજરાતમાં સંભવિત 'બિપરજોય' વાવાઝોડા સામે ઝીરો કેઝ્યુઅલ્ટિના સંકલ્પ સાથે રાજ્ય સરકાર કાર્ય કરી રહી છે. નાગરિકોને કોઈ પણ પ્રકારની મુશ્કેલી ન પડે તેમજ જાનહાનિ ન થાય તે પ્રકારનું આયોજન કરવામાં આવ્યું છે. રાજ્ય સરકારની સાથે કેન્દ્ર સરકાર પણ 'બિપરજોય'ને કારણે ઊભી થયેલી પરિસ્થિતિમાં તમામ જરૂરી મદદ કરી રહી છે. તા.૧૨ જૂનના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં તોળાઈ રહેલા ચક્રવાત 'બિપરજોય'ને કારણે ઊભી થયેલી પરિસ્થિતિને પહોંચી વળવા કેન્દ્ર તેમજ ગુજરાતનાં મંત્રાલયો/એજન્સીઓની તૈયારીઓની સમીક્ષા કરવા માટે એક ઉચ્ચસ્તરીય બેઠક યોજી હતી.

વડાપ્રધાનશ્રીએ સંવેદનશીલ સ્થળોએ રહેતા લોકોને સુરક્ષિત રીતે બહાર કાઢવા અને તમામ આવશ્યક સેવાઓ જેવી કે, પાવર, ટેલિકોમ્યુનિકેશન, આરોગ્ય, પીવાનું પાણી વગેરેની જાળવણી સુનિશ્ચિત કરવા નિર્દેશ કર્યો હતો. તેમજ નુકસાનગ્રસ્ત વિસ્તારમાં તાત્કાલિક પુનઃસ્થાપન કરવામાં આવે તે સુનિશ્ચિત કરવા માટે દરેક સંભવિત પગલાં લેવાનું જણાવ્યું હતું. તેમણે વધુમાં નાગરિકોને મદદ કરવા કંટ્રોલ રૂમની ૨૪ x ૭ કામગીરી માટે નિર્દેશ આપ્યો હતો.

વડાપ્રધાનશ્રી સાથે યોજાયેલી બેઠકમાં ભારતીય હવામાન વિભાગે (IMD) માહિતી આપી હતી કે, ગૃહ મંત્રાલય (MHA) પરિસ્થિતિની ૨૪ x ૭ સમીક્ષા કરી રહ્યું છે અને રાજ્ય સરકાર અને સંબંધિત કેન્દ્રીય એજન્સીઓના સંપર્કમાં છે. NDRFએ ૧૨ ટીમોને પૂર્વ-સ્થિતિમાં મૂકી છે, જે બોટ, ટ્રી-કટર, ટેલિકોમ સાધનો વગેરેથી સજ્જ છે અને ૧૫ ટીમોને સ્ટેન્ડબાય રાખવામાં આવી છે.

ભારતીય કોસ્ટ ગાર્ડ અને નેવીએ રાહત, શોધ અને બચાવ કામગીરી માટે જહાજો અને હેલિકૉપ્ટર તૈનાત કર્યાં છે. આર્મીના એરફોર્સ અને એન્જિનિયર ટાસ્ક ફોર્સ યુનિટ, બોટ અને બચાવ સાધનો સાથે, તૈનાતી અને સ્ટેન્ડબાય છે. સર્વેલન્સ એરક્રાફ્ટ અને હેલિકૉપ્ટર દરિયાકાંઠે એરિયલ સર્વેલન્સ કરી રહ્યાં છે. આર્મી, નેવી અને કોસ્ટ ગાર્ડની ડિઝાસ્ટર રિલીફ ટીમો (ડી.આર.ટી.) અને મેડિકલ ટીમો (એમ.ટી.) સ્ટેન્ડબાય છે.

વડાપ્રધાનશ્રીને વાવાઝોડાનો સામનો કરવા માટે ગુજરાત સરકાર દ્વારા લેવામાં આવેલાં પગલાં વિશે પણ માહિતી આપવામાં આવી હતી. મુખ્યમંત્રીશ્રીના સ્તરે જિલ્લા વહીવટીતંત્ર સાથે સમીક્ષા બેઠકો યોજવામાં આવી છે અને રાજ્યનું સમગ્ર વહીવટી તંત્ર કોઇપણ આકસ્મિક પરિસ્થિતિને પહોંચી વળવા સજ્જ છે. ઉપરાંત, કેબિનેટ સચિવ અને ગૃહ સચિવ, ગુજરાતના મુખ્ય સચિવ અને સંબંધિત કેન્દ્રીય મંત્રાલયો/એજન્સીઓના સતત સંપર્કમાં છે. આ બેઠકમાં ગૃહમંત્રી, વડાપ્રધાનના અગ્ર સચિવ, કેબિનેટ સચિવ અને અન્ય વરિષ્ઠ અધિકારીઓએ હાજરી આપી હતી. ●

# કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રીએ 'બિપરજોય' વાવાઝોડા સામે આપદા પ્રબંધનની વીડિયો કૉન્ફરન્સથી સમીક્ષા કરી



કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઇ શાહે 'બિપરજોય' વાવાઝોડા સામે સરકાર અને વહીવટી તંત્રની તૈયારીઓની સમીક્ષા કરવા માટે તાજેતરમાં નવી દિલ્હી ખાતે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી બેઠક યોજી હતી.

ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ, કેન્દ્રીય મંત્રી સર્વશ્રી મનસુખભાઇ માંડવિયા અને પુરુષોત્તમભાઇ રૂપાલા, ગુજરાત સરકારના મંત્રીશ્રીઓ, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, સચિવશ્રીઓ અને કલેક્ટરશ્રીઓ વર્ચ્યુઅલ માધ્યમથી બેઠકમાં જોડાયા હતા. કેન્દ્રીય ગૃહ સચિવ, હવામાન વિભાગના મહાનિર્દેશક, નૅશનલ ડિઝાસ્ટર મૅનેજમેન્ટ ઓથોરિટી (NDMA)ના સભ્ય સચિવ અને ગૃહ મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓ પણ બેઠકમાં હાજર હતા.

કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, અમારો ઉદ્દેશ્ય ચક્રવાતી તોફાન 'બિપરજોય' દ્વારા થતા સંભવિત નુકસાનને ઘટાડવાનો અને 'ઝીરો કેઝ્યુઅલ્ટિ' એટલે કે, એક પણ જાનહાનિ ન થાય તે સુનિશ્ચિત કરવાનો હતો.

શ્રી અમિતભાઇ શાહે જણાવ્યું હતું કે, કેન્દ્રએ રાહત અને બચાવ કામગીરી માટે પૂરતી સંખ્યામાં NDRF ટીમો તૈનાત કરી છે. આ ઉપરાંત, આર્મી, નેવી, એરફોર્સ અને કોસ્ટ ગાર્ડની ટુકડીઓને જરૂરિયાત મુજબ સહાય પૂરી પાડવા માટે તૈનાત કરવામાં આવી છે. ગૃહ મંત્રાલય અને રાજ્ય સરકારનો કંટ્રોલ રૂમ ૨૪ કલાક પરિસ્થિતિ પર નજર રાખી રહ્યો છે અને ભારત સરકારની તમામ એજન્સીઓ કોઈ પણ કટોકટીનો સામનો કરવા માટે તૈયાર છે. ગુજરાત સરકારને શક્ય તમામ મદદની ખાતરી તેમણે આપી હતી.

તેમણે જણાવ્યું હતું કે, વાવાઝોડાથી અસરગ્રસ્ત ૪૩૪ નીચાણવાળા વિસ્તારોને અલગ તારવવામાં આવ્યા હતા. આ ૨૫ તાલુકાઓમાં ૧,૫૨૧ આશ્રયસ્થાનોની વ્યવસ્થા ઉપલબ્ધ કરવામાં આવી હતી. ૮ જિલ્લાઓમાં ૪૫૦ હૉસ્પિટલોની ઓળખ કરવામાં આવી હતી. આ હૉસ્પિટલોમાં દવા, ઉપકરણો, મેડિકલ સ્ટાફ અને ડી.જી સેટની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. વાવાઝોડા અંગેની મહત્ત્વની જાણકારી પ્રિન્ટ અને ઇલેક્ટ્રોનિક મીડિયા દ્વારા લોકો સુધી પહોંચાડવામાં આવી હતી. ●

## વાવાઝોડા સંદર્ભે મુખ્ય સચિવશ્રીએ પરિસ્થિતિનો તાગ મેળવ્યો

ગુજરાત ઉપર 'બિપરજોય' વાવાઝોડું આવવાની શક્યતાને લઈને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં સમગ્ર ગુજરાત એક થઈને કાર્ય કરી રહ્યું છે. ગુજરાતમાં સંભવિત 'બિપરજોય' વાવાઝોડાથી કોઇ પણ પ્રકારની જાનહાનિ ન થાય તે માટે રાજ્ય સરકાર સતત કાર્યરત છે. દરિયા કિનારાના કચ્છ, જામનગર, પોરબંદર, દેવભૂમિ દ્વારકા, જૂનાગઢ, ગીર સોમનાથ, મોરબી, પાટણ અને બનાસકાંઠા જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી, પ્રભારી સચિવશ્રી, કલેક્ટરશ્રી તેમજ વહીવટ તંત્ર સાથે વાવાઝોડા સંદર્ભે ગાંધીનગરથી મુખ્ય સચિવ શ્રી રાજકુમારે જિલ્લા વહીવટી તંત્ર સાથે વીડિયો કૉન્ફરન્સના માધ્યમથી બચાવ-રાહત કામગીરીની પરિસ્થિતિનો તાગ મેળવી જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

રાહત કમિશનર શ્રી આલોકકુમાર પાંડેએ જિલ્લા વહીવટી તંત્રની તૈયારીઓ અંગે વિગતો આપતાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં 'બિપરજોય' વાવાઝોડાથી પ્રભાવિત જિલ્લાઓમાં પ્રથમ તબક્કામાં દરિયા કિનારાથી ૦ થી ૫ કિ.મિ. અને ત્યારબાદ ૫ થી ૧૦ કિ.મિ.ના અંતરે વસતા લોકોને સલામત સ્થળે ખસેડાશે. જેમાં બાળકો, ગર્ભવતી મહિલાઓ તેમજ વૃદ્ધોને પ્રાધાન્ય આપવામાં આવશે. વાવાઝોડા બાદ વીજળી પુરવઠો પૂર્વવત્ કરવા PGVCLની ટીમો દ્વારા વીજ પોલ સહિતનો જરૂરી જથ્થો સબ સ્ટેશનોમાં ઉપલબ્ધ કરાવવામાં આવ્યો છે.

ભારે પવન અને વરસાદથી લોકોને સલામત સ્થળે ખસેડવા વાવાઝોડા પ્રભાવિત જિલ્લાઓમાં NDRF-SDRFની ૧૨-૧૨ ટીમો તૈનાત કરાઈ છે. બચાવ કાર્ય માટે સંબંધિત જિલ્લા વહીવટી તંત્રને જરૂરી તમામ સહાય તાત્કાલિક પૂરી પાડવા રાજ્ય સરકાર સતત સંપર્કમાં છે. ●

# બિપરજોય અંગેની પરિસ્થિતિ-તંત્રની સજ્જતા અંગે અદ્યતન માહિતી મેળવતાં CM



રાજયમાં દરિયાકાંઠાના વિસ્તારોમાં બિપરજોય વાવાઝોડાના તોળાઇ રહેલા સંભવિત સંકટને પગલે સર્જાયેલી પરિસ્થિતિ તથા તંત્રની સજ્જતા અંગે અદ્યતન માહિતી મેળવવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સતત સ્ટેટ ઇમર્જન્સી ઑપરેશન સેન્ટરની મુલાકાતો લઇને મુખ્ય સચિવશ્રી સહિતના ઉચ્ચ સચિવશ્રીઓ અને જિલ્લા વહીવટી તંત્ર પાસેથી વિગતો મેળવી બચાવ - રાહત કામગીરી માટે જરૂરી સૂચનાઓ આપી માર્ગદર્શન આપ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ વિવિધ વિભાગો વચ્ચે જરૂરી સંકલન જાળવવા ખુદ પરિસ્થિતિની બાગડોર પોતાના હાથમાં લીધી હતી. સંભવિત પરિસ્થિતિ અંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાથે ટેલિફોનિક વાતચીત કરીને જરૂરી માર્ગદર્શન મેળવ્યું હતું. કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહે મુખ્યમંત્રીશ્રી અને ઉચ્ચ અધિકારીઓ સાથે વર્ચ્યુઅલ બેઠક કરીને જરૂરી તમામ સહાય આપવાની ખાતરી આપી હતી.

મુખ્યમંત્રીશ્રીએ રાહત-બચાવની કામગીરી વેગવંતી બને તે માટે મંત્રીશ્રીઓને વિવિધ જિલ્લાઓમાં ફરજ સોંપી હતી. આ સિવાય કેન્દ્રીય મંત્રીશ્રીઓ પણ આપદાના આ સમયમાં ગુજરાતની પડખે ઊભા રહીને જરૂરી કેન્દ્રીય મદદ સાથે વિવિધ જિલ્લાઓમાં પહોંચ્યા હતા.

બચાવ અને રાહત કાર્ય અંગે રાહત કમિશનર શ્રી આલોકકુમાર પાંડેએ તા. ૧૫ મી જૂન સુધીના આંકડા આપતાં જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે સ્થળાંતર પર ખાસ ભાર મૂકીને ૮ જિલ્લાઓમાં કુલ ૯૪ હજારથી વધુ નાગરિકોનું સુરક્ષિત સ્થળાંતર કરાવ્યું છે. જૂનાગઢ જિલ્લામાં ૪,૮૬૪, કચ્છમાં ૪૬,૮૨૩, જામનગરમાં ૯,૯૪૨, પોરબંદરમાં ૪,૩૭૯, દેવભૂમિ દ્વારકામાં ૧૦,૭૪૯, ગીર સોમનાથમાં ૧,૬૦૫, મોરબીમાં ૯,૨૪૩ અને રાજકોટમાં ૬,૮૨૨ મળી કુલ ૯૪,૪૨૭ લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે.

તેમણે ઉમેર્યું હતું કે, વાવાઝોડું જેમ-જેમ દરિયાકાંઠાની નજીક આવ્યું હતું, તેમ-તેમ પવનની ગતિ અને વરસાદમાં વધારો થઇ રહ્યો છે. સંભવિત વાવાઝોડાથી અસરગ્રસ્ત ૮ જિલ્લાના ૫૫ તાલુકાઓમાં કુલ ૨,૨૪૮ M.M. વરસાદ નોંધાયો હતો.

તેમણે ઉમેર્યું હતું કે, સંભવિત વાવાઝોડાના પરિણામે જનજીવન ઉપરાંત વન્ય પ્રાણીઓ પણ પ્રભાવિત થઇ શકે છે. વન્યજીવોની સુરક્ષા-સલામતીને ધ્યાને લઇ વન વિભાગ

## મુખ્યમંત્રીશ્રીની પ્રજાજનોને અપીલ

રાજયના દરિયાકાંઠા વિસ્તારોમાં બિપરજોય વાવાઝોડાની સંભવિત આપદાને પગલે નાગરિકોને સુરક્ષા-સલામતી માટે વહીવટી તંત્રનો સહયોગ કરવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે રાજ્યના નાગરિકોને અનુરોધ કર્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, બિપરજોય વાવાઝોડાની આ સંભવિત આપત્તિને પહોંચી વળવા રાજ્ય સરકારે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી અને ગૃહ મંત્રી શ્રી અમિતભાઇ શાહના માર્ગદર્શનમાં જે આગોતરૂં આયોજન કર્યું છે અને ઝીરો કેઝ્યુઅલ્ટિના એપ્રોચ સાથે રાજ્ય સરકારે આગોતરા બચાવ-રાહત, પુન:વ્યવસ્થાપનનું આયોજન સુનિશ્ચિત કર્યું હતું.

તેમણે ઉમેર્યું હતું કે, ખાસ કરીને ભારે વરસાદ અને તીવ્ર પવનની આગાહીને પગલે બને ત્યાં સુધી ઘરમાં જ સલામત રહી અને બહાર નીકળવાનું ટાળીએ. વૃક્ષ નીચે, થાંભલાઓ પાસે કે જૂનાં જર્જરિત મકાનોમાં આશ્રય લેવાનું ટાળીએ. વીજળીના તાર કે વીજ ઉપકરણોને અડીએ નહીં અને વીજ થાંભલાથી દૂર રહી સૌને જરૂરિયાતના સમયે સ્થળાંતર માટે તંત્રનો સહયોગ કરવા અને સૂચનાઓનું પાલન કરી પોતાની અને પોતાના પરિવારની સુરક્ષા સુનિશ્ચિત કરવા અનુરોધ કર્યો હતો. સલામતી, સાવચેતી અને અગમચેતી એ જ આવી આપદાઓ સામે ટકી રહેવાનો યોગ્ય માર્ગ છે અને આવા સમયે રાજ્ય સરકાર દિવસ-રાત સૌની સલામતી માટે સેવારત છે અને રહેશે. ●

દ્વારા ૧૮૦ જેટલી ટીમો તૈયાર કરવામાં આવી છે. આ ઉપરાંત રહેણાક વિસ્તારોમાં પણ ઢોરઢાંખર ખુલ્લાં રાખવા માટેની સૂચનાઓ આપવામાં આવી હતી.

પાણી પુરવઠાને વિપરીત અસર ન પડે અને પાણી પુરવઠો ચાલુ રહે તે માટે કુલ મળીને ૨૫ જેટલા જનરેટર સેટ કચ્છ, દ્વારકા અને જામનગરમાં સ્ટેન્ડ બાય રાખવામાં આવ્યા છે. એટલું જ નહીં, પાંચ ડિઝલ જનરેટર સેટ મોરબીમાં બેકઅપ તરીકે તૈયાર રાખવામાં આવ્યા હતા.

આ ઉપરાંત, વૃક્ષો ધરાશાયી થાય તો તેને ખસેડીને રસ્તાઓ પુનઃ કાર્યરત કરવા માર્ગ અને મકાન વિભાગની ટીમોને જરૂરી મશીનરી અને ડિઝલ જનરેટર સાથે તૈયાર રાખવામાં આવી છે. રાજ્યમાં વૃક્ષ ધરાશાયી થવાની ૪૦૦થી વધુ ઘટનાઓ નોંધાઈ છે, તે તમામ વૃક્ષોને હટાવીને રસ્તાઓને ચાલુ કરી દેવામાં આવ્યા હતાં.

આ ઉપરાંત, જરૂરી દવાઓ તથા અન્ય સામગ્રી, ફૂડ પૅકેટ, વીજ થાંભલાઓ અને પાણી પુરવઠાની પૂરતી તૈયારી પણ કરવામાં આવી છે. કચ્છ જિલ્લામાં આ વાવાઝોડાની વ્યાપક અસરની શકયતાને પગલે કચ્છમાં ૪૦ હજારથી વધુ ફૂડ પેકેટ- બે હજાર કિલોગ્રામ મિલ્ક પાવડર-૪૫ હજાર ટ્રેટાપેક મિલ્ક જરૂરતમંદ લોકોને પહોંચાડવા તૈયાર કરવામાં આવ્યું હતું. ૧૬૭ જે.સી.બી., ૨૩૦ ડમ્પર સહિત ૯૨૪ મશીનરી-વાહનો સાથે માર્ગ-મકાન વિભાગ સજ્જ કરવામાં આવ્યો હતો.

એટલું જ નહીં, ઊર્જા વિભાગે ૮ સંભવિત અસરગ્રસ્ત જિલ્લામાં ૫૯૭ સહિત કુલ ૮૮૯ ટીમ સ્ટેન્ડબાય રાખી છે અને આ આઠ જિલ્લાઓના ૬,૯૫૦ ફિડરો પરથી મળતા વીજ પુરવઠાને અસર ન પહોંચે તેની પણ તકેદારી રાખી હતી.

લોકોની સલામતી અને બચાવ રાહત માટે NDRFની ૧૫ તથા SDRFની ૧૨ ટીમ તૈનાત કરવામાં આવી હતી. સંદેશા વ્યવહાર માટે સેટેલાઈટ ફોન્સ, હેમ રેડિયો ઓપરેટર, જી-સ્વાન નેટવર્કની સેવાઓ પણ તકેદારીના ભાગરૂપે તૈયાર રાખવામાં આવી હતી, મોબાઈલ સર્વિસ ઓપરેટર્સને પણ તકેદારીના ભાગરૂપે અલ્ટરનેટિવ ટાવર્સ ચાલુ રાખવા જણાવવામાં આવ્યું હતું.

દરિયાકાંઠાના જિલ્લાઓનાં ગામો-નગરોના લોકોને સંભવિત વાવાઝોડાની અસરો સામે સલામતી-સાવચેતીના પગલાં અને રાજ્ય સરકારે ગોઠવેલી સ્થળાંતર સહિતની વ્યવસ્થાઓમાં સહયોગ આપવા અંગે મુખ્યમંત્રીશ્રીનો ઓડિયો મેસેજ તથા વૉટ્સઅપ વીડિયો મેસેજ પણ માહિતી ખાતા દ્વારા મોકલવામાં આવી રહ્યા છે તેની પણ વિગતો આ સમીક્ષા બેઠકમાં આપવામાં આવી હતી.

આ સમીક્ષા બેઠકમાં મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કૈલાસનાથન, મહેસૂલ અને આરોગ્ય વિભાગના અધિક મુખ્ય સચિવશ્રીઓ સહિત વરિષ્ઠ અગ્ર સચિવો, સચિવો અને અધિકારીઓએ પોતાના વિભાગ દ્વારા અત્યાર સુધી હાથ ધરાયેલી કામગીરીની વિગતો મુખ્યમંત્રીશ્રીને આપી હતી. ●



## અસરગ્રસ્ત ગામડાઓ સાથે સીધો સંપર્ક કરતાં મુખ્યમંત્રીશ્રી


મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે દ્વારકા, જામનગર, કચ્છ અને ગીર-સોમનાથ જિલ્લાના ગામોના સરપંચોનો સી.એમ. ડેશબોર્ડ અને જનસંવાદ કેન્દ્ર મારફતે સંપર્ક કરીને તેમના ગામોની સ્થિતિની જાત માહિતી મેળવી હતી. કચ્છના માંડવીના પીપરી ગામના સરપંચ સહિતના અન્ય સરપંચો સાથે વાતચીત કરીને સંભવિત વાવાઝોડાની સ્થિતિમાં દરિયાકાંઠાનાં ગામોનો સંપર્ક સતત જળવાઈ રહે તે માટેની વ્યવસ્થાઓ અંગે માર્ગદર્શન આપ્યું હતું. સરપંચોએ જિલ્લા વહીવટી તંત્ર અને રાજ્ય સરકાર દ્વારા મળી રહેલી મદદ માટે સંતોષની લાગણી વ્યક્ત કરી હતી.

ઉલ્લેખનીય છે કે, સી.એમ. ડેશબોર્ડ દ્વારા બિપરજોય વાવાઝોડાની સંભવિત આપત્તિને પગલે દરિયાકાંઠા વિસ્તારમાં દરિયાથી ૦ થી ૫ તથા ૫ થી ૧૦ કિ.મિ. વિસ્તારના ૧૬૪ ગામોનો સંપર્ક કરવામાં આવ્યો હતો અને સરપંચોને સ્થળાંતર અંગેની તથા વાવાઝોડા સામે સાવચેતીની સમજ આપવામાં આવી હતી. રાજ્યમાં છેલ્લાં ૨૦ વર્ષમાં આવેલા વાવાઝોડાના પવનની તીવ્રતા તથા અન્ય અસરો અંગે મેળવવામાં આવેલા ડેટાબેઝના આધારે મુખ્યમંત્રીશ્રીએ શમન માટેના લાંબાગાળાના ઉપાયો યોજી શકાય તે માટે જરૂરી વ્યવસ્થાઓ અને સર્વેક્ષણનું સૂચન કર્યું હતું.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે બિપરજોય વાવાઝોડાને પગલે સ્ટેટ ઇમર્જન્સી ઓપરેશન સેન્ટરના કન્ટ્રોલરૂમમાંથી હોટલાઇન દ્વારા કચ્છ અને દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલેક્ટર કચેરીના કન્ટ્રોલ રૂમમાં વાતચીત કરી સ્થાનિક પરિસ્થિતિની વિગતો પણ મેળવી હતી. ●

# બિપરજોય વાવાઝોડા સામે ગુજરાત સંપૂર્ણ સજ્જ




ગુજરાતના દરિયાકાંઠાના જિલ્લામાં બિપરજોય વાવાઝોડાની વ્યાપક અસરો સામે જિલ્લાતંત્રોની આપત્તિ વ્યવસ્થાપન સજ્જતાની મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સમીક્ષા કરી હતી. મુખ્યમંત્રીશ્રી ગાંધીનગરના સ્ટેટ ઇમર્જન્સી ઑપરેશન સેન્ટરથી વીડિયો કૉન્ફરન્સ યોજીને દરિયાઈ વિસ્તારના વિવિધ જિલ્લાઓના કલેક્ટર્સ પાસેથી આપત્તિ વ્યવસ્થાપન આયોજનની તલસ્પર્શી માહિતી મેળવી હતી. તેમણે લોકોની સલામતી જળવાઈ રહે તે રીતે આપત્તિ વ્યવસ્થાપન માટેના દિશા-નિર્દેશો આપ્યા હતા.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આમ છતાં દરિયાકાંઠાના ૧૩ જિલ્લાઓ દેવભૂમિ દ્વારકા, ગીર સોમનાથ, પોરબંદર, અમરેલી, જામનગર, સુરત, વલસાડ, નવસારી વગેરેમાં કલેક્ટરશ્રીઓને પૂરતી સતર્કતા અને તકેદારી રાખવા માર્ગદર્શન આપ્યું હતું. મુખ્ય સચિવ શ્રી રાજકુમારે જિલ્લા તંત્રવાહકોને સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, કેન્દ્રીય હવામાન વિભાગના વખતોવખતના બુલેટિન અને સૂચનાઓનું સ્થાનિક સ્થિતિ મુજબ પાલન થાય તે જરૂરી છે. તેમણે રાજ્ય સરકારની મદદની જરૂર જણાય તો સ્ટેટ ઇમર્જન્સી ઑપરેશન સેન્ટરનો ત્વરાએ સંપર્ક કરવા પણ સૂચનાઓ આપી હતી.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જિલ્લા તંત્રોને જરૂર જણાયે કાંઠા વિસ્તારના નીચાણવાળાં ગામોમાં લોકોને પોલીસતંત્રની મદદ લઈ સલામત આશ્રયસ્થાનોમાં પહોંચાડવા તાકીદ કરી હતી. તેમણે વીજળી, પાણી, દવાઓ જેવી આવશ્યક વસ્તુઓના પુરવઠાને જો અસર પહોંચે તો તત્કાલ પુન: સ્થાપન માટેની ટીમો, પંપિંગ મશીન્સ, જનરેટર સહિત વ્યવસ્થાઓ તૈનાત રાખવા સૂચનો કર્યાં હતાં.

સંભવિત વાવાઝોડાને પગલે તીવ્ર ગતિએ પવન ફુંકાવાની સ્થિતિ સર્જાવાની શક્યતાઓ ધ્યાનમાં લઈને જિલ્લાઓમાં હોર્ડિંગ્સ હટાવી લેવા, માર્ગો પર વૃક્ષો, વીજ થાંભલાઓ પડી જાય તો ત્વરાએ દુરસ્તી કાર્ય હાથ ધરવા માટેની વ્યવસ્થાઓ અંગે મુખ્યમંત્રીશ્રીએ માહિતી મેળવી હતી.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ દરિયાકાંઠાના ૬ જિલ્લાઓમાં તેમજ રાજ્યના અન્ય કેટલાક વિસ્તારોમાં સંભવિત વાવાઝોડાની અસરના પરિણામે ભારેથી અતિ ભારે વરસાદ, તીવ્ર ગતિએ પવન ફૂંકાવો અને દરિયાઈ મોજાં ઊછળવાં જેવી સ્થિતિ સર્જાઈ શકે છે. મુખ્યમંત્રીશ્રીએ દરિયાકાંઠાના અને સંભવિત વાવાઝોડાની વધુ અસર થઈ શકે તેવા ૬ જિલ્લાઓ કચ્છ, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, જામનગર, જૂનાગઢ અને મોરબીમાં શાળા પ્રવેશોત્સવ હાલ પૂરતો મોકૂફ રાખવાનો નિર્ણય લીધો હતો. આ ઉપરાંત ૯ મંત્રીશ્રીઓને જિલ્લા વહીવટીતંત્રએ કરેલા આપત્તિ વ્યવસ્થાપન આયોજન કામગીરીમાં માર્ગદર્શન આપવા અને મદદરૂપ થવા જિલ્લાઓની જવાબદારી પણ મુખ્યમંત્રીશ્રીએ સોંપી છે.

તદ્અનુસાર કચ્છ માટે આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ અને શિક્ષણ રાજ્યમંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરીયા, મોરબી માટે નાણા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, રાજકોટ માટે કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલ, પોરબંદર માટે પાણી પુરવઠા મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયા, જામનગર માટે પ્રવાસન મંત્રી શ્રી મૂળુભાઈ બેરા, દ્વારકા માટે ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી, જૂનાગઢ માટે સહકાર મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા અને ગીર સોમનાથ માટેની મત્સ્યોદ્યોગ મંત્રી શ્રી પરષોત્તમભાઈ સોલંકીને જવાબદારી સોંપવામાં આવી હતી.

આ સંભવિત આપત્તિને પહોંચી વળવા જિલ્લાતંત્રોએ આશ્રયસ્થાન સુનિશ્ચિત કરવા, દરિયાકાંઠે લાંગરેલી હોડી - બોટને સલામત સ્થળે મૂકવા તેમજ દવાઓ, પશુહાનિ થાય તો ત્વરિત મૃતદેહ નિકાલ, વાવાઝોડાની સ્થિતિમાં સગર્ભા માતાઓની પ્રસૂતિમાં કોઈ તકલીફ ન પડે તે માટે આરોગ્ય સેવાઓની સજ્જતા તેમજ જે તમામ જરૂરી વ્યવસ્થાઓ કરી છે તેની વિગતોની ચર્ચા મુખ્યમંત્રીશ્રીએ તંત્રવાહકો સાથે કરી હતી.

રાજ્ય સરકારે આ સંભવિત આપદાના

સમયે જરૂર જણાય તો એરફોર્સ, નેવી, કોસ્ટગાર્ડ અને આર્મીની મદદ મળી રહે તે માટે સંકલન સાધ્યું છે અને આ એજન્સીઓને પણ આપદા પ્રબંધન માટે સ્ટેન્ડબાય રાખવામાં આવી હતી. NDRFની ટીમો રાજકોટ, કચ્છ, મોરબી, જામનગર અને દ્વારકામાં ડિપ્લોય કરવા સાથે ૩ ટીમ વડોદરામાં સ્ટેન્ડબાય રખાઈ હતી. SDRFની ૧૨ ટીમ પણ જરૂર જણાય તે વિસ્તારોમાં પહોંચવા સજ્જ કરવામાં આવી હતી.

મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને યોજાયેલી આ વીડિયો કૉન્ફરન્સ બેઠકમાં મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કૈલાસનાથન, મુખ્ય સચિવ શ્રી રાજકુમાર, મહેસૂલ, ઊર્જા, માર્ગ-મકાન, વન પર્યાવરણ, બંદરો, સાયન્સ ટેક્નોલોજી, પશુપાલન સહિતના વિભાગોના વરિષ્ઠ સચિવોએ ઉપસ્થિત રહીને પોતાના વિભાગે કરેલા આગોતરા આયોજનની ભૂમિકા આપી હતી.

### દેવભૂમિ દ્વારકા

ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ દેવભૂમિ દ્વારકાના ખંભાળિયામાં તમામ સંબંધિત વિભાગના અધિકારીશ્રીઓ સાથે વાવાઝોડા પૂર્વેની સલામતી અને બચાવ રાહતની કામગીરી અંગેની સમીક્ષા કરી હતી.

ગૃહ રાજ્ય મંત્રીશ્રીએ ઝીરો કેઝ્યુઅલ્ટિના અભિગમ સાથે કામગીરી કરવા માટે આદેશ આપ્યો હતો. તેમણે વીજળી, પાણીની વિતરણની સુવિધા અને કમ્યુનિકેશન નેટવર્ક વહેલી તકે ફરીથી સ્થાપિત થઈ શકે તે બાબતની ખાસ તકેદારી રાખવા જણાવ્યું હતું. દરિયાકાંઠાના નજીકના વિસ્તારોમાં નાગરિકોના સ્થળાંતરની પ્રક્રિયા તુરંત કરવા અને શેલ્ટર હોમમાં તમામ જીવન જરૂરિયાતની સુવિધાઓ ઉપલબ્ધ રાખવા પણ તેમણે જણાવ્યું હતું.

પોલીસ વિભાગને સતત પેટ્રોલિંગ કરીને કોઈ જ વ્યક્તિ દરિયાકાંઠે ના જાય તે સુનિશ્ચિત કરવા જણાવ્યું હતું. સંભવિત વાવાઝોડાની આગાહીના પગલે જિલ્લા તથા અન્ય સ્થળેથી નાગરિકોને ૧૬ જૂન સુધી દ્વારકાના પ્રવાસે આવવાનું ટાળવા તેમણે લોકોને અપીલ કરી હતી. આ સાથે બંદરો ઉપર માર્ગદર્શન સૂચનાઓ તેમજ સિગ્નલ દર્શાવવા જેવાં માર્ગદર્શક પગલાં લેવામાં આવ્યાં હતાં.

ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ રૂપેણ પ્રાથમિક શાળામાં સ્થળાંતર કરાયેલા નાગરિકોની મુલાકાત લીધી હતી. ત્યારબાદ રૂપેણ બંદર કાંઠે જઈ સુરક્ષા સંબંધિત બાબતો નિરીક્ષણ કરી તેમણે ઝીરો કેઝ્યુઅલ્ટિ રહે અને ઓછામાં ઓછું નુકસાન થાય તે માટે જરૂરી દિશાનિર્દેશ આપ્યા હતા.

વાવાઝોડાની સંભાવનાને લઈ કેન્દ્રીય પશુપાલન મંત્રી શ્રી પરશોત્તમભાઈ રૂપાલાએ દેવભૂમિ દ્વારકામાં પરિસ્થિતિની સમીક્ષા કરી હતી. તેઓએ જિલ્લાના વરવાળામાં સ્થળાંતરિત લોકોના આશ્રયસ્થાનની મુલાકાત લઈ ખબર અંતર પૂછ્યા હતા. વાવાઝોડાની સંભવિત અસરોને પગલે આશરે ૩૮૦થી વધુ લોકોને આશ્રય અપાયો હતો.

કેન્દ્રીય મંત્રીશ્રીએ માતા, બહેનો, વડીલોને મળીને તેમને મળતી સુવિધાઓની માહિતી મેળવી હતી. દવાઓના પૂરતા જથ્થા સાથે આરોગ્ય કર્મચારીઓ ૨૪ કલાક માટે ફરજરત કરાયા હતાં. ઉપરાંત ભોજન માટે રસોડું શરૂ કરાયું હતું. લોકોની મદદ માટે ગ્રામ પંચાયતનો સ્ટાફ, શિક્ષકો વગેરે પણ તૈનાત કરવામાં આવ્યા હતાં.

કેન્દ્રીય મંત્રી શ્રી રૂપાલાએ રૂપેણ બંદર પ્રાથમિક શાળામાં ઊભા કરાયેલા આશ્રય સ્થાનની મુલાકાત લઈને સ્થિતિની સમીક્ષા કરી હતી. જ્યાં ૧૨૦થી વધુ લોકોને આશ્રય આપવામાં આવ્યો હતો. તેમજ દવાના પૂરતા જથ્થા સાથે આરોગ્ય કર્મચારીઓ તેમજ શિક્ષકો લોકોની મદદ માટે તૈનાત કરાયા હતા.








દેવભૂમિ દ્વારકાના દરિયાકાંઠાના ગામોમાં ખાસ કરીને નીચાણવાળા વિસ્તારોમાં જ્યાં વધારે અસર થઈ શકે તેવી સંભાવનાનાં કેટલાંક સ્થળો નક્કી કરી ૧૦,૭૪૯થી વધુ લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું હતું. બીજી તરફ જિલ્લામાં સંભવિત વાવાઝોડા અંગે સંકલન તેમજ ડિઝાસ્ટર મૅનેજમૅન્ટ અંગે કોમ્યુનિકેશન, મદદ, રાહત બચાવ કામગીરી થઈ શકે તે માટે કલેક્ટર શ્રી અશોક શર્માના માર્ગદર્શન હેઠળ કંટ્રોલરૂમ પણ શરૂ કરવામાં આવ્યો હતો.

## જામનગર

કેન્દ્રીય સંચાર રાજ્ય મંત્રી શ્રી દેવુસિંહ ચૌહાણે જામનગર જિલ્લામાં 'બિપરજોય' વાવાઝોડાની સમગ્ર પરિસ્થિતિની સમીક્ષા કરી હતી. કેન્દ્રીય મંત્રીશ્રીએ જામનગરમાં વાવાઝોડાથી અસરગ્રસ્ત લોકોની મુલાકાત લીધી હતી. તેમજ તેઓને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. તેમજ અસરગ્રસ્તોનું સુરક્ષિત જગ્યા પર સ્થળાંતર કરાવવામાં આવ્યું હતું.

આ ઉપરાંત, તેમણે સિક્કાના નગર સેવા સદનમાં અધિકારીશ્રીઓ અને પદાધિકારીશ્રીઓ સાથે બિપરજોય વાવાઝોડાની તૈયારીઓની સમીક્ષા અંગેની બેઠક યોજી હતી. ત્યાર બાદ સિક્કામાં કાચા મકાનોમાં રહેતા લોકોની મુલાકાત લીધી હતી. તેમને અન્ય સલામત સ્થળોએ સ્થળાંતરિત કરવાની કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. તેમજ અટલ ભવન અને લેઉવા પટેલ સમાજ ખાતે તૈયાર કરાઈ રહેલા ફૂડ પેકેટ્સ બનાવવાની કામગીરીનું પણ નિરીક્ષણ કર્યું હતું.










કેન્દ્રીય મંત્રીશ્રી સાથે રાજ્યના પ્રવાસન મંત્રી શ્રી મૂળુભાઈ બેરા, મેયર શ્રીમતી બીનાબહેન કોઠારી, ધારાસભ્ય શ્રી દિવ્યેશભાઈ અકબરી, શ્રીમતી રીવાબા જાડેજા તેમજ અન્ય અધિકારીગણ અને આગેવાનશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

## કચ્છ

કચ્છ જિલ્લામાં બિપરજોય લેન્ડફોલ કરે તેવી શક્યતાઓ વચ્ચે વહીવટીતંત્ર દ્વારા બચાવ અને રાહતની પૂર્વ તૈયારીઓ કરવામાં આવી હતી. આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ તેમજ કચ્છ જિલ્લાના પ્રભારી મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરીયાના અધ્યક્ષસ્થાને વાવાઝોડાની પૂર્વ તૈયારીઓ અંગે બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. બંને મંત્રીશ્રીઓએ કચ્છ જિલ્લાના વહીવટીતંત્રના અધિકારીશ્રીઓ પાસેથી વાવાઝોડા પૂર્વેની તૈયારીઓની માહિતી લઈને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

આરોગ્ય મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, તમામ અધિકારીશ્રીઓને સંકલનમાં રહીને રાહત બચાવની કામગીરી કરે જેથી વાવાઝોડાના સંકટનો સામનો કરી શકાય. અધિકારીશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ અને આગેવાનો સાથે સંપર્કમાં રહીને સ્થાનિક જરૂરિયાત મુજબ કામગીરી કરે તે જરૂરી છે. વાવાઝોડાની ગંભીરતાને સમજીને કોઈપણ અધિકારીશ્રી હેડક્વાટર્સ ન છોડે તે સુનિશ્ચિત કરવા પણ તેઓએ જણાવ્યું હતું.

મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, વાવાઝોડા બાદ ભારે પવનના લીધે વૃક્ષો ધરાશાયી થઈ જાય છે તેના લીધે પરિવહન સેવા ખોરવાય જાય છે. પરિવહન સેવા ખોરવાય જવાથી અન્ય સેવાઓ પણ લોકો સુધી પહોંચાડી શકાતી નથી. આથી ઝડપથી પરિવહન સેવા શરૂ કરી શકાય તે માટે અલાયદી ટીમો રાખવા મંત્રીશ્રીએ સૂચના આપી હતી.

આ મીટિંગ દરમિયાન કચ્છ સાંસદ શ્રી વિનોદભાઈ ચાવડાએ પણ સ્થાનિક આગેવાનોને સાથે રાખીને રાહત બચાવની કામગીરી કરવા તંત્રને સૂચના આપી હતી. આ બેઠકમાં કચ્છ કલેક્ટર શ્રી અમિત અરોરા સહિતના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ગીર સોમનાથ

બિપરજોય વાવાઝોડાને અનુલક્ષીને મત્સ્યઉદ્યોગ મંત્રી શ્રી પરસોત્તમભાઈ સોલંકીએ ગીર સોમનાથના વિવિધ બંદરોની મુલાકાત લઈ કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. તેમજ ઉના ખાતે અધિકારીઓ સાથે બેઠક કરી જરૂરી સુચનો કર્યા હતા.

આ ઉપરાંત કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ, આયુષ રાજય મંત્રી શ્રી ડૉ. મહેન્દ્રભાઈ મુંજપરાએ ગીર સોમનાથ જિલ્લાના આદ્રી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તેમજ દરિયાઈ વિસ્તારની મુલાકાત નિરીક્ષણ કર્યુ હતુ. આ મુલાકાત દરમિયાન મંત્રીશ્રીએ સંભવિત બિપરજોય વાવાઝોડાની પરિસ્થિતિને પહોંચી વળવા માટે આરોગ્ય કેન્દ્રના ડૉક્ટર્સ, હેલ્થવર્કર તેમજ કર્મચારીઓને આવશ્યક સૂચનો આપ્યાં હતાં.

પ્રાથમિક જરૂરિયાતની તમામ દવાનો

સ્ટોક પૂરતા પ્રમાણમાં રાખવા તાકીદ કરી હતી. મુલાકાત દરમિયાન મંત્રીશ્રીએ આરોગ્ય કેન્દ્રમાં નવજાત શિશુના માતાને 'બેબી કિટ' આપી સ્વાસ્થ્ય અંગે પૃચ્છા કરી હતી. આ તકે, પૂર્વ મંત્રી શ્રી જશાભાઈ બારડ, સાંસદ શ્રી રાજેશભાઈ ચુડાસમા, ધારાસભ્ય શ્રી પ્રદ્યુમ્નભાઈ વાજા સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

## મોરબી

બિપરજોય વાવાઝોડા પૂર્વે મોરબી જિલ્લામાં અગમચેતીનાં પગલાંની સમીક્ષા નાણા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ કરી હતી. આ બેઠકમાં મંત્રીશ્રીએ જિલ્લા તેમજ તાલુકાના તમામ કંટ્રોલરૂમના નંબરની સાથે કોમન મોબાઈલ રાખી મોબાઈલ નંબર જારી કરવા, રણમાંથી અગરિયાઓને તેમજ પોર્ટ પરના સ્ટાફને શિફ્ટિંગ કરવા અને નવલખી પોર્ટ પર પ્રવેશ પર પ્રતિબંધ મૂકવા તથા કંટ્રોલરૂમ નંબરની સાથે પોલીસ કંટ્રોલ રૂમના નંબર પણ અલગથી જારી કરવા તેમણે સૂચના આપી હતી.

PGVCL દ્વારા કરવામાં આવેલી વ્યવસ્થાઓની સમીક્ષા કરી તેમણે સ્પષ્ટ સૂચના આપી હતી કે, કોઈ પણ કામગીરી અટકવી ન જોઈએ. ઉપરાંત બસો અને અન્ય વાહનો રિઝર્વ રાખવા પણ સૂચના આપી હતી.

વધુમાં, તેમણે ફિશરીઝને અનરજિસ્ટર બોટ વેરીફાઈ કરવા, છાપરાવાળાં તેમજ કાચાં મકાનોમાં રહેતા લોકોને શિફ્ટિંગ કરવા અને સંભવિત અસરગ્રસ્ત વિસ્તારોમાં અનાજનો પૂરતો જથ્થો ઉપલબ્ધ કરાવવા જિલ્લા પુરવઠા અધિકારીશ્રીને સૂચના આપી હતી.

જિલ્લા તેમજ તાલુકા કક્ષાએ શરૂ કરેલા કંટ્રોલરૂમ, સંભવિત અસરગ્રસ્ત ગામો અને ત્યાંની વસતીની વિગતો, દરિયાકાંઠાથી ચારથી પાંચ કિલોમિટરના દાયરામાં આવેલા ગામોની સંખ્યા, ઊભાં કરાયેલાં આશ્રયસ્થાનો, સ્ટેન્ડ બાય રાખેલી બોટ તેમજ અન્ય બચાવ કામગીરીનાં સાધનો, સેવાભાવી સંસ્થાઓ તેમજ ઍસોસિયેશન, જિલ્લામાં આવી ગયેલી એન.ડી.આર.એફ. તેમજ એસ.ડી.આર.એફ.ની ટીમ, જિલ્લાના આપદા મિત્રો તેમજ વાવાઝોડા સંદર્ભે કરવામાં આવેલી હોર્ડિંગ હટાવવાની, શિફ્ટિંગ, સર્ચ રેસ્ક્યૂ કામગીરીની તૈયારી, પાણી તેમજ દવાનો સ્ટોક ઉપલબ્ધ કરવાની કામગીરી વગેરે બાબતોથી મંત્રીશ્રીને વાકેફ કરવામાં આવ્યા હતા.

મોરબી જિલ્લામાં બિપરજોય વાવાઝોડા સંદર્ભે સંભવિત અસરગ્રસ્ત ગામોના લોકોની સલામતી માટે જિલ્લા વહીવટી તંત્ર તેમજ સામાજિક સંસ્થાના સહયોગથી આશ્રયસ્થાનો ઊભાં કરવામાં આવ્યાં હતાં. તમામ આશ્રયસ્થાને જિલ્લા વહીવટી તંત્ર તેમજ સામાજિક સંસ્થાના સહયોગથી તમામ સગવડતા ઊભી કરવામાં આવી હતી.

## પોરબંદર

મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને યોજાયેલી વીડિયો કૉન્ફરન્સમાં પોરબંદર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વાવાઝોડા સંદર્ભે કરવામાં આવેલી પૂર્વ તકેદારીની કામગીરીની માહિતી આપવામાં આવી હતી. વાવાઝોડામાં લોકોને સ્થળાંતરિત કરવા માટે ચાર શેલ્ટર હોમ પણ કાર્યરત કરવામાં આવ્યાં છે. એન.ડી.આર.એફ.ની ટીમ, કોસ્ટ ગાર્ડ, નેવી ઉપરાંત અન્ય ટીમો પણ કાર્યરત કરવામાં આવી હતી. કલેક્ટરશ્રીએ પોરબંદર જિલ્લા ડિઝાસ્ટર કંટ્રોલરૂમની મુલાકાત લઈ ફરજ પરના અધિકારીઓ, કર્મચારીઓને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. પાર્કિંગ એરિયામાં ૪૫૦૦ જેટલી બોટને લાંગરવામાં આવી હતી. દરિયાકિનારાના ૩૧ જેટલાં ગામોમાં પ્રાથમિક જરૂરિયાત મુજબના અંદાજે ૩ હજાર જેટલા પરિવારોની યાદી તૈયાર કરાઈ હતી. જેઓને પરિસ્થિતિ અનુસાર આશ્રયસ્થાનોમાં ખસેડવા પૂર્વ તૈયારી કરવામાં આવી હતી. પોરબંદર જિલ્લામાં ૨૯૭ જેટલાં આશ્રયસ્થાનો ઉપરાંત ચાર સાયક્લોન સેન્ટર કાર્યરત કરાયાં હતાં.

પોરબંદરમાં કેન્દ્રીય રેલવે રાજ્ય મંત્રી શ્રીમતી દર્શનાબહેન જરદોશે વાવાઝોડા સંદર્ભે સમીક્ષા બેઠક કરી હતી. પોરબંદર જિલ્લા પ્રશાસન દ્વારા કરવામાં આવેલી કામગીરીની સરાહના કરતા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, પોરબંદર જિલ્લામાં ૫૯ સગર્ભા બહેનોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવી છે. તેમને કોઈ પણ પ્રકારની મુશ્કેલી ન પડે તેવા આરોગ્ય વિષયક પગલા લેવામાં







આવ્યા છે. હૉસ્પિટલમાં પૂર્વ તૈયારી તેમજ વીજ પુરવઠો ખોરવાય તો વહેલાસર પુન: સ્થાપિત થઈ શકે તે માટે પણ તૈયારી રાખવામાં આવી છે. પોરબંદર જિલ્લામાં ૪,૩૭૯ લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા છે અને હજુ આ કામગીરી ચાલુ છે.

આ તકે પ્રભારી મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયા, સાંસદ શ્રી રમેશભાઈ ધડુક, કુતિયાણાના ધારાસભ્ય શ્રી કાંધલભાઈ જાડેજા, પોરબંદરના કલેક્ટર શ્રી કે.ડી. લાખાણી તથા ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.







### રાજકોટ

બિપરજોય ચક્રવાત સૌરાષ્ટ્ર નજીકથી પસાર થવાની સંભાવનાને અનુલક્ષીને કેન્દ્રીય આરોગ્ય મંત્રી શ્રી મનસુખભાઈ માંડવિયાની ઉપસ્થિતિમાં સમીક્ષા બેઠક યોજાઈ હતી. રાજકોટ એઈમ્સ ખાતે આયોજિત આ બેઠકમાં રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સાવચેતીના ભાગરૂપે લેવામાં આવેલા આવશ્યક પગલાંઓની માહિતી કલેકટરશ્રીએ પૂરી પાડી હતી. જિલ્લા આસપાસ ૮૦ થી ૧૦૦ કિ.મિ. ઝડપે પવન ફૂંકાવાની તેમજ વરસાદ પડવાની હવામાન ખાતાની આગાહી હોવાથી રાજકોટમાં બે SDRFની ટીમ તૈનાત કરાઈ હતી. ડિ-વોટરિંગ, જે.સી.બી. સહિતનાં સાધનો, જરૂર પડ્યે લોકોના સ્થળાંતર અને આશ્રયસ્થાનોની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. આ તકે આરોગ્ય મંત્રીશ્રીએ જરૂર પડ્યે ઈમર્જન્સી સારવાર માટે એઈમ્સ તથા અન્ય સારવાર કેન્દ્રોને સજ્જ રહેવા સૂચના આપી હતી. જરૂર પડ્યે અન્ય જિલ્લાઓમાંથી મેડિકલ ટીમ બોલાવવા પણ તાકીદ કરી હતી. આ સમીક્ષા બેઠકમાં સાંસદ શ્રી મોહનભાઈ કુંડારિયા, ધારાસભ્ય સર્વ શ્રી રમેશભાઈ ટીલાળા, ઉદય કાનગડ, પી.જી.વી.સી.એલ., વિભાગના અધિકારીશ્રીઓ સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ખેડા

ખેડા તથા આણંદ જિલ્લામાં બિપરજોય નામનું વાવાઝોડું તેમજ ભારેથી અતિભારે વરસાદ પડવાની સંભાવના હોઈ ખેડૂતને સાવચેતીનાં પગલાં લેવા અનુરોધ કરવામાં આવ્યો હતો. કમોસમી વરસાદથી બાગાયતી પાકને નુકસાનથી બચાવવા ખેતરમાં કાપણી કરેલ બાગાયતી પાક ખુલ્લા હોઇ તો તેને તાત્કાલિક સલામત સ્થળે ખસેડવાની કાર્યવાહી કરવી અથવા તાડપત્રી/પ્લાસ્ટિકથી યોગ્ય રીતે ઢાંકી દેવું અને ઢગલાની ફરતે માટીનો પાળો બનાવી વરસાદનું પાણી ઢગલાની નીચે જતું અટકાવવા જરૂરી પગલાં લેવા તંત્ર દ્વારા જણાવવામાં આવ્યું હતું. માર્કેટ યાર્ડમાં આ દિવસોમાં ખેત પેદાશો ખુલ્લી જગ્યામાં ન રાખતા સુરક્ષિત સ્થળે રાખવા પણ સૂચના આપવામાં આવી હતી.

### સુરત

દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠા વિસ્તારોમાં બિપરજોય વાવાઝોડું ત્રાટકવાની ભીતિને પગલે સુરત જિલ્લા વહીવટી તંત્રની સજ્જતા અંગે કલેકટરે બેઠક યોજી હતી. સુરતના દરિયાકાંઠે વાવાઝોડું ટકરાય તો કોઈ પણ વિકટ સ્થિતિને પહોંચી વળવાની સજ્જતા અંગે આગોતરું આયોજન કરવા તમામ અધિકારીઓને તાકીદ કરી હતી. વાવાઝોડાની સંભાવનાને ધ્યાનમાં લઈ ભારે પવનના કારણે વીજપોલ ધરાશાયી થાય, વીજ પુરવઠો ખોરવાય તો દક્ષિણ ગુજરાત વીજ કંપની લિ.ને વીજલાઈનની મરામત કરી વીજપુરવઠો પૂર્વવત્ કરવાની કાર્યવાહી હાથ ધરવાની સૂચના આપી હતી.

પીવાના પાણી, વીજળી, દૂરસંચારનાં માધ્યમો જેવી આવશ્યક સેવાઓ ખોરવાય નહીં તે માટે અધિકારીઓની ટીમો સ્ટેન્ડ બાય રાખવાની તેમણે તાકીદ કરી હતી. હજીરા-ઘોઘા રો-રો ફેરી સર્વિસ બંધ કરવામાં આવી હતી. સુરતના સુવાલી, ડુમસ, ડભારી સહિતમાં તમામ દરિયાકિનારા જાહેર જનતા માટે બંધ કરવામાં આવ્યા હતાં. લોકોને દરિયાકિનારાનાં સ્થળોએ ન જવાનો અનુરોધ કર્યો હતો. ●





# ખતરાની અગાઉથી જાણ કરતાં બંદર સિગ્નલ

**નરેશ મહેતા**



જ્યારે જ્યારે બિપરજોય જેવાં વાવાઝોડાં આવવાની સંભાવના ભારતીય હવામાન વિભાગ દ્વારા કરવામાં આવે ત્યારે સૌની નજર તેના પર કેન્દ્રિત થઈ જાય છે. વાવાઝોડાની જાણકારી મળતાં જ રાજ્ય સરકારના તમામ વિભાગો આવા વાવાઝોડાથી ઓછામાં ઓછું નુકસાન થાય તે માટે કાર્યરત થઈ જાય છે. વાવાઝોડાને કારણે દરિયાકિનારે ભારે ખાનાખરાબી થતી હોય છે. આવા સમયે ક્યારે કેટલી ઝડપથી પવન ફૂંકાશે કે દરિયાઈ પરિસ્થિતિ કેવી રહેશે તેના વિશેની જાણકારી દરિયાકિનારે લગાવવામાં આવેલ સિગ્નલથી મળે છે. જોખમ છે કે નહીં ? છે તો કેટલું છે? તે વિશેની જાણકારી માટે સિગ્નલ વિશેની જાણકારી હોય તો જાનમાલનું નુકસાન ઘટાડવા તે ખૂબ જ ઉપયોગી સાબિત થઈ શકે છે. ત્યારે ચાલો આપણે તે વિશેની જાણકારી મેળવીએ...

દરિયાકાંઠાનાં બંદરો પર સિગ્નલ નંબર સ્થિતિ પ્રમાણે લગાવવામાં આવે છે. ૧ થી ૧૧ નંબરનાં આ સિગ્નલ્સ શું છે તેના વિશેની જાણકારી હોય તો તે મુશ્કેલીના સમયમાં ખૂબ જ ઉપયોગી બની જાય છે ત્યારે દરેક નંબર કયા પ્રકારનો ભય સૂચવે છે તે જાણવું જરૂરી છે.

બંદર પર વાવાઝોડાની પરિસ્થિતિ સમયો સંકેત કે નિશાનીઓ જેને બંદર સિગ્નલ્સ કહેવામાં આવે છે. વાવાઝોડા સમયે બંદર ઉપરથી થતી સાયરન નિશાનીઓના આધારે માછીમારો તેમજ દરિયાકાંઠે રહેતા લોકોને સાવધ કરવામાં આવતા હોય છે.

બંદર વિભાગ, મત્સ્યોદ્યોગ વિભાગ અને સ્થાનિક જિલ્લા વહીવટી તંત્ર દ્વારા દરિયાકાંઠે વસતા ખાસ કરીને માછીમારીના વ્યવસાય સાથે સંકળાયેલા લોકોને બંદર ઉપર લાગેલા સિગ્નલ મુજબ સાવચેત રહેવા દ્વારા સાવધ અને સચેત કરવામાં આવે છે.

આમ, કોઈપણ પ્રકારના લેખિત સંદેશા વગર દૂરથી સિગ્નલ્સ જોઈને પરિસ્થિતિનો તાગ મેળવી શકાય છે. સિગ્નલ્સની જાણકારી આપણને અગાઉથી સાવધ કરે છે જેના આધારે બચાવ-રાહતનાં પગલાં લઈને મોટી જાનહાનિથી બચી શકાય છે. ●

| સિગ્નલ નંબર | લક્ષણો | દિવસની નિશાની | રાત્રિની નિશાની |
|---|---|---|---|
| ૧ | હવા તોફાની અથવા સપાટીવાળી છે કે નહીં. વાવાઝોડું આવશે કે નહીં તેની ચેતવણી મળે છે. |  |  |
| ૨ | વાવાઝોડું ઉદભવ્યું છે. સિગ્નલ નંબર એક અને બે બતાવે છે કે, બંદર છોડ્યા પછી વહાણોને બળનો સામનો કરવો પડશે. |  |  |
| ૩ | સપાટીવાળી હવાથી બંદર ભયમાં છે. |  |  |
| ૪ | વાવાઝોડાથી બંદર ભયમાં છે, છતાં, સાવચેતીના પગલાં લેવા પડે તેવો ભય નથી. |  |  |
| ૫ | થોડા અથવા સાધારણ પ્રકારનું વાવાઝોડું બંદરથી દક્ષિણ દિશાના કિનારાઓ ઓળંગવાનો સંભવ છે. ભારે હવા આવવાનો સંભવ છે. |  |  |
| ૬ | થોડો ભય. સાધારણ પ્રકારનું વાવાઝોડું બંદરથી ઉત્તર તરફનો કિનારો ઓળખવાનો સંભવ છે. ભારે હવા આવે. |  |  |
| ૭ | પાતળા અથવા સાધારણ પ્રકારનું વાવાઝોડું બંદર અથવા બંદર ઉપર થઈને પસાર થવાનો સંભવ છે. જેમાંથી બંદરે ભારે તોફાની હવાનો સામનો કરવો પડે. |  |  |
| ૮ | મહાભય. ભારે જોરવાળું વાવાઝોડું બંદરથી દક્ષિણ તરફ કિનારો ઓળંગવાનો સંભવ છે. તોફાની હવાનો અનુભવ થશે. |  |  |
| ૯ | મહાભય છે. ભારે જોરવાળું વાવાઝોડું બંદરથી ઉત્તર તરફ કિનારો ઓળંગવા સંભવ છે. બંદરે તોફાની હવાનો અનુભવ થશે. |  |  |
| ૧૦ | મહાભય દર્શાવે છે. ભારે જોરવાળું વાવાઝોડું બંદરથી અગર બંદર ઉપર થઈને પસાર થવાનો સંભવ છે. બંદરને ભારે તોફાની હવાનો અનુભવ થવાની શક્યતા છે. |  |  |
| ૧૧ | ખરાબ હવામાનનો ભય છે. તાર વ્યવસ્થા બંધ, હવા ચેતવણીના કેન્દ્ર સાથેનો તાર વ્યવહાર ખોવાઈ ગયેલ છે. |  |  |



# રાજ્યવ્યાપી શાળા પ્રવેશોત્સવ - ૨૦૨૩
## ગાંધીનગરના ગોલથરાના શાળા પ્રવેશોત્સવમાં સહભાગી થતા મુખ્યમંત્રીશ્રી

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી વર્ષ ૨૦૦૩થી ગુજરાતમાં પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે શાળા પ્રવેશપાત્ર બાળકોનું નામાંકન વધારવા માટે શાળા પ્રવેશોત્સવની શરૂઆત કરાઈ હતી. જે પરંપરાને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ જોમ-જુસ્સાથી આગળ ધપાવી રહ્યા છે. ગુજરાતમાં શાળા પ્રવેશોત્સવ અભિયાનને આ વર્ષે ૨૦ વર્ષ પૂર્ણ થઈ રહ્યાં છે. ત્યારે આ વર્ષે ૨૦મા તબક્કાના શાળા પ્રવેશોત્સવની રાજ્યભરમાં ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ રાજ્યવ્યાપી બે દિવસીય શાળા પ્રવેશોત્સવના પ્રથમ દિવસે ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાની ગોલથરા પ્રાથમિક શાળાની ઓચિંતી મુલાકાતે પહોચ્યા હતા.

શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવનાં ઉજળાં પરિણામો મળી રહ્યાં છે. છેલ્લાં ૨૦ વર્ષ દરમિયાન ગુજરાતમાં બાળકોના નામાંકનનો દર ૭૫ ટકાથી વધીને ૧૦૦ ટકાની નજીક પહોંચ્યો છે તે રાજ્ય સરકારની સિદ્ધિ છે. કન્યા કેળવણીને પ્રોત્સાહિત કરતી વિવિધ યોજનાઓના અમલીકરણથી ધો. ૧ થી ૮ની બાળાઓનો ડ્રોપઆઉટ દર ૨૨.૮ ટકાથી ઘટીને ૩.૦૧ ટકા થયો છે. આજે શિક્ષણક્ષેત્રે થયેલી રાજ્ય સરકારની પ્રગતિ આભને આંબી ગઈ છે.

સમગ્ર રાજ્યમાં યોજાઈ રહેલા શાળા પ્રવેશોત્સવ અન્વયે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ગોલથરા પ્રાથમિક શાળામાં કોઈ પૂર્વનિર્ધારિત કાર્યક્રમ વગર પહોંચી જતાં શિક્ષકો, બાળકો અને વાલીઓએ આનંદ સહ આશ્ચર્યની અનુભૂતિ કરી હતી.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગોલથરા પ્રાથમિક શાળામાં પ્રતીકરૂપે બે બાળકોને ધોરણ-૧ અને બાલવાટિકામાં પ્રવેશ કરાવી શાળા પ્રવેશ કિટ અર્પણ કરી હતી. ગોલથરા અને લક્ષ્મીપુરા પ્રાથમિક શાળામાં બાલવાટિકામાં ૯૫, આંગણવાડીમાં ૨૪ અને ધોરણ-૧ માં ૫ બાળકોનું પ્રવેશોત્સવ અન્વયે નામાંકન કરવામાં આવ્યું હતું.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે NNMSમાં જિલ્લામાં પ્રથમ આવેલી આ શાળાની વિદ્યાર્થિનીનું સન્માન કર્યુ હતું. તેમજ, પ્રાથમિક શાળા સ્કોલરશીપ પરીક્ષામાં પ્રથમક્રમ મેળવનાર દીકરીને પણ તેમણે સન્માનિત કરી હતી.

ગાંધીનગર જિલ્લામાં શાળા પ્રવેશોત્સવ અંતર્ગત ૬૦૧ શાળાઓમાં આંગણવાડી, બાલવાટિકા અને ધોરણ-૧ માં મળીને કુલ અંદાજે ૧૪,૬૦૦ થી વધુ બાળકોનું નામાંકન કરવામાં આવ્યું હતું. અત્રે નિર્દેશ કરવો જરૂરી છે કે, રાજ્યવ્યાપી શાળા પ્રવેશોત્સવ અન્વયે આ વર્ષે ધો-૧ માં અંદાજે ૨.૩૦ લાખ અને બાલવાટિકામાં ૯.૭૭ લાખ મળી અંદાજે ૧૨.૭

લાખ બાળકોનો શાળા પ્રવેશ કરાવાયો હતો.

આ મુલાકાત દરમિયાન મુખ્યમંત્રીશ્રીએ ગોલથરા પ્રાથમિક શાળાનાં બાળકો સાથે વડીલ વાત્સલ્યભાવે સહજ સંવાદ સાધ્યો હતો. તેમણે બાળકોને શાળામાં અપાતા ભોજન અંગે પૃચ્છા કરી હતી અને બાળકો સાથે પ્રશ્નોત્તરી કરતાં ટી.વી જોવાનો, ઘરે અભ્યાસનો કેટલો સમય બાળકો આપે છે તેની અને માતા-પિતા પ્રત્યેના બાળકોના વર્તનની પણ જાણકારી મેળવી હતી.

શાળામાં બાળકોને કોઈ નવીન સુવિધા સગવડ જોઈતી હોય તો તેની પૂછપરછ કરતાં બાળકોએ ગામમાં જ ધોરણ-૮ પછીના અભ્યાસ માટે શાળા શરૂ થાય તેવી લાગણી મુખ્યમંત્રીશ્રી સમક્ષ દર્શાવી હતી. આ અંગે યોગ્ય કાર્યવાહી કરવાની મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ખાતરી આપી હતી. એટલું જ નહીં, શાળાના મેદાનમાં રમતનાં સાધનો પૂરાં પાડવા અંગે પણ તેમણે સકારાત્મક પ્રતિભાવ આપ્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ શાળા પ્રવેશોત્સવ બાદ SMC(SCHOOL MANAGEMENT COMMITTEE) અને બાળકોના વાલી સાથે બેઠક યોજીને શાળામાં અન્ય વધુ સુવિધાઓ ઊભી કરવા અંગેનાં સૂચનો મેળવી પરામર્શ કર્યો હતો. ●



## પ્રવેશોત્સવની 20 વર્ષની સિદ્ધિઓ...

**100% નામાંકન**
2002-03 **75.05%** | 2021-22 **99.52%**

ધોરણ 1-8ના
**ડ્રોપઆઉટ રેટમાં ઘટાડો**
2004-05 **18.79%** | 2021-22 **2.80%**

2001 થી 2022
**2,01,000 શિક્ષકો અને હેડ ટીચર્સની ભરતી**

2001 થી 2022
**1,42,000 નવા વર્ગખંડ બાંધવામાં આવ્યા**

**વિદ્યાર્થીઓ દીઠ શિક્ષકના પ્રમાણમાં સુધારો**
2001-02 **40:1** | 2021-22 **28:1**

**વિદ્યાર્થીઓ દીઠ વર્ગખંડના પ્રમાણમાં સુધારો**
2001-02 **38:1** | 2021-22 **26:1**

**વિદ્યા સમીક્ષા કેન્દ્ર** રિયલ ટાઇમ ઓનલાઇન મોનિટરીંગ માટે શિક્ષણ ક્ષેત્રે દેશનું સર્વપ્રથમ અત્યાધુનિક ટેક્નોલોજી આધારિત ડેટા સેન્ટર જે વિદ્યાર્થીઓની ધોરણ અનુરૂપ અધ્યયન નિષ્પત્તિઓ સુનિશ્ચિત કરવામાં મદદરૂપ બને છે.



## દાહોદ - છોટાઉદેપુર



રાજયવ્યાપી શાળા પ્રવેશોત્સવ-૨૦૨૩ અંતર્ગત 'ઉજવણી.. ઉજ્જવળ ભવિષ્યની..' સૂત્ર સાથે પ્રાથમિક, માધ્યમિક તેમજ પ્રૌઢ શિક્ષણ મંત્રી શ્રી કુબેરભાઈ ડીંડોરે દાહોદના ગરબાડા તાલુકાના નેલસુર ઘાટી, અભલોડ અને ગરબાડા કુમારશાળા ખાતે બાલવાટિકામાં અને ધો. -૧માં પ્રવેશ પામનાર બાળકોનું નામાંકન કરાવ્યું હતું.

આ અવસરે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાષ્ટ્રના ભાવિ નાગરિક એવા બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે આયોજિત પ્રવેશોત્સવ અંતર્ગત પ્રવેશ મેળવેલા વિદ્યાર્થીઓ માટે શાળાનો પ્રથમ દિવસ યાદગાર બની રહે છે. ઈશ્વરે દરેક બાળકને ભેટ રૂપે વિશિષ્ટ કલા આપેલી હોય છે, બાળકની રૂચિને પારખી, તેના કૌશલ્યને કેળવવું એ શિક્ષકની નૈતિક ફરજ છે. રાજ્ય સરકાર શિષ્યવૃત્તિ, નિ:શુલ્ક સાઈકલ, વિદેશ અભ્યાસ માટે લોન જેવી અનેકવિધ યોજના સાથે શિક્ષણ ક્ષેત્રે પ્રગતિ કરવા કટિબદ્ધ છે. શાળા પ્રવેશોત્સવનો આ કાર્યક્રમ છેલ્લા ૨૦ વર્ષથી નિરંતર ચાલે છે. કન્યા કેળવણી ક્ષેત્રે આ કાર્યક્રમ દ્વારા નોંધપાત્ર પરિવર્તન આવ્યું છે. રાજ્યમાં ડ્રોપ આઉટ રેશિયો ખૂબ જ ઘટ્યો છે. હવે ખાનગી શાળામાંથી સરકારી શાળામાં પ્રવેશ મેળવવાનો રિવર્સ ટ્રેન્ડ શરૂ થયો છે, જેમાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવનો ખૂબ મોટો ફાળો રહ્યો છે.

આ ઉપરાંત, મંત્રીશ્રીએ છોટાઉદેપુરના કવાંટ તાલુકાના રાયસા, સિંહાદા અને પાનવડ ખાતે ૧૭૪ બાળકોને કુમકુમ તિલક, રમકડાંની કીટ, ભેટ આપી હર્ષોઉલ્લાસ સાથે શાળા પ્રવેશ કરાવ્યો હતો. બાળકોને વિશ્વસ્તરીય શિક્ષણ મળે, ગુજરાતનું દરેક બાળક ભણે તે વિચારને ધ્યાનમાં રાખી શાળા પ્રવેશોત્સવની સમગ્ર રાજ્યમાં ઉમંગભેર, ઉજવણી કરવામાં આવી રહી છે. આ પ્રસંગે જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી સહિત શાળાના આચાર્યશ્રીઓ, શિક્ષકગણ, બાળકો અને તેમના વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●



## રાજકોટ

દીકરાઓની સાથે દીકરીઓને શિક્ષણની સમાન તક આપી, તેમને સપનાં સાકાર કરવા પ્રોત્સાહિત કરવી જોઈએ તેમ રાજકોટનાં કોઠારિયા ગામ ખાતે શાળા પ્રવેશોત્સવ અને કન્યા પ્રવેશોત્સવનો પ્રારંભ કરાવતાં મહિલા અને બાળ કલ્યાણ મંત્રી શ્રી ભાનુબહેન બાબરીયાએ જણાવ્યું હતું.

મંત્રી શ્રી ભાનુબહેન બાબરિયાએ પ્રવેશપાત્ર બાળકોને ઉજ્જવળ ભવિષ્યની શુભેચ્છા પાઠવતાં જણાવ્યું હતું કે, તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી ગામડાંઓની સરકારી શાળામાં જતા ત્યારે વિદ્યાર્થીઓને અભ્યાસ પૂર્ણ કરાવવા તેમજ દીકરીઓને શિક્ષણ લેવા માટે પ્રોત્સાહન આપવા અંગે ભાર મૂકતા હતા. તેઓના પ્રયાસોના પરિણામે વિદ્યાર્થીઓના શાળા છોડીને જવાના પ્રમાણમાં ઘટાડો જોવા મળ્યો છે.

મંત્રીશ્રીએ વાલીઓને અનુરોધ કરતાં ઉમેર્યું હતું કે દીકરા-દીકરી એક સમાન છે. દીકરીઓ માત્ર એક નહીં, પરંતુ બે કુળને તારે છે. આથી, દીકરાઓની સાથે દીકરીઓને પણ શિક્ષણની તક આપી, તેઓને પણ તેમના સપનાં સાકાર કરવા પ્રોત્સાહિત કરવી જોઈએ.

શાળા પ્રવેશોત્સવ - ૨૦૨૩ અંતર્ગત તિરુપતિ પ્રાથમિક શાળા ખાતે બાલવાટિકામાં ૩૮ વિદ્યાર્થીઓ તથા ધો. ૧માં ૨૭ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો હતો. આ તકે મંત્રીશ્રીની અધ્યક્ષતામાં આયોજિત બેઠકમાં શાળાની કામગીરી અને સમસ્યાઓની સમીક્ષા કરાઈ હતી. તેમજ મંત્રીશ્રીએ શાળાના મેદાનમાં વૃક્ષારોપણ કર્યું હતું. આ તકે જિલ્લા શિક્ષણાધિકારી કાર્યાલયના અધિકારીઓ સહિતના કોર્પોરેટરો, અગ્રણીઓ, વિદ્યાર્થીઓ અને વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●



## પંચમહાલ



કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ-૨૦૨૩ના ભાગરૂપે પંચમહાલ જિલ્લાનાં મોરવાહડફ તાલુકાની ખાનપુર પ્રાથમિક શાળા ખાતેથી પંચાયત અને કૃષિ રાજ્ય મંત્રી શ્રી બચુભાઈ ખાબડ દ્વારા બાલવાટિકા અને ધોરણ-૧માં ભૂલકાઓને પ્રવેશ આપવામાં આવ્યો હતો.

શાળા પ્રવેશોત્સવ-૨૦૨૩ના પ્રસંગે મંત્રી શ્રી ખાબડે ભૂલકાઓને પ્રોત્સાહિત કરતાં જણાવ્યું હતું કે, દેશ આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી કરી રહ્યો છે, ત્યારે કોઈ બાળક શિક્ષણથી વંચિત ના રહે તેનું સરકાર વિશેષ ધ્યાન રાખી રહી છે. આજે શાળાઓમાં ડિજિટલ માળખાની સુવિધાઓ, સ્માર્ટ ક્લાસ, લેબ, રમત-ગમતનું મેદાન, મિશન સ્કૂલ ઓફ એક્સેલન્સ વગેરે સુવિધાઓ થકી શ્રેષ્ઠ શિક્ષણ આપવામાં આવી રહ્યું છે. આ કાર્યક્રમમાં ગામના અગ્રણીઓ, તાલુકા પંચાયતના સભ્યો સહિત એસ.એમ.સી. સમિતિના સભ્યો, ગામલોકો અને શાળાનાં ભૂલકાઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

## ભરૂચ

તત્કાલીન મુખ્યમંત્રી તથા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા શરૂ કરાયેલ શિક્ષણરૂપી યજ્ઞને આગળ ધપાવતાં ભરૂચ જિલ્લામાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવનો આરંભ વન અને પર્યાવરણ રાજ્ય મંત્રી શ્રી મુકેશભાઈ પટેલ દ્વારા શાળાઓનાં ભૂલકાઓને પ્રવેશ કરાવ્યો હતો. આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, સાંપ્રત સમયમાં રાજ્ય સરકાર સામેથી જ બાળકોના ઘરે ઘરે જઈને શાળામાં નામાંકન કરાવે છે. તેમણે હાંસોટની કુમાર શાળા, કન્યા પ્રાથમિક શાળા, રામનગરની પ્રાથમિક શાળા તથા ઉર્દૂ મિશ્ર શાળા, અંભેટા પ્રાથમિક શાળા તથા પારડીની પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓને પુષ્પગુચ્છ તથા સ્કૂલબેગ આપીને વિધિવત્ શાળા પ્રવેશોત્સવ કરાવ્યો હતો.

આ પ્રસંગે સમગ્ર તાલુકામાં ધોરણ - ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ઉત્કૃષ્ટ પરિણામ હાંસલ કરનાર વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. વધુમાં, શાળામાં સારાં પરિણામ હાંસલ કરનારને પણ આ પ્રસંગે પુરસ્કૃત કરાયા હતા. આ વેળાએ મંત્રી શ્રી મુકેશભાઈ પટેલે શાળાનાં ભૂલકાઓ સાથે બાળસહજ વાર્તાલાપ કર્યો હતો. ●





## સાબરકાંઠા

સાબરકાંઠા જિલ્લામાં વિજયનગર તાલુકાના ચામઠણ, ઇટાવડી, ચિત્રોડીની પ્રાથમિક શાળામાં અન્ન નાગરિક પુરવઠા રાજ્ય મંત્રી શ્રી ભીખુસિંહજી પરમારની અધ્યક્ષતામાં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ-૨૦૨૩ યોજાયો હતો. મંત્રીશ્રીએ આંગણવાડી, બાલવાટિકા અને ધોરણ-૧ ના બાળકોને કુમકુમ તિલક, રમકડાંની કિટ, ગિફ્ટ આપી હર્ષોલ્લાસ સાથે પ્રવેશ કરાવ્યો હતો. આ કાર્યક્રમમાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ૨૦ વર્ષથી ચાલી રહેલાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી અભિયાનના પરિણામે શિક્ષણનું પ્રમાણ વધ્યું છે અને ડ્રોપઆઉટ રેશિયો ઘટ્યો છે. આજે બાળકોને સરકારી શાળામાં ગુણવત્તાયુક્ત શિક્ષણ મળે છે. આ કાર્યક્રમમાં શાળા પરિવારના વિદ્યાર્થીઓ દ્વારા પાણી બચાવો, સ્વચ્છતા, પ્રાકૃતિક ખેતી જેવા વિષયો ઉપર વક્તવ્ય રજૂ કરવામાં આવ્યાં હતાં. તેમજ શાળાના તેજસ્વી વિદ્યાર્થીઓને મહાનુભાવોના હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમના અંતે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં સરપંચશ્રી, શાળાના આચાર્યશ્રી, શિક્ષકગણ, વાલીગણ, વિદ્યાર્થીઓ તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. ●

# નવ વર્ષમાં ૪.૫૦ લાખથી વધુ વિદ્યાર્થીઓનો સરકારી શાળાઓમાં પ્રવેશ

**ગોપાલ મહેતા**

રાજ્યમાં સરકારી શાળાઓમાં વધેલી શૈક્ષણિક સુવિધાઓ અને અન્ય માળખાગત સુવિધાઓની સાથે ટેક્નોલોજીના સમન્વયથી વિદ્યાર્થીઓને અપાતા શિક્ષણને પગલે સરકારી શાળાઓ સ્માર્ટ સ્કૂલમાં પરિવર્તિત થઇ રહી છે. રાજ્ય સરકાર દ્વારા શિક્ષણ સુધારવા માટે જે પ્રકારની કામગીરી થઇ રહી છે તેના પરિણામરૂપે ખાનગી (સેલ્ફ ફાયનાન્સ) શાળા છોડીને હવે વાલીઓ તેમના બાળકોને સરકારી શાળામાં મૂકતા થયા છે. આમ, ખાનગીને બદલે સરકારી શાળામાં દાખલ થવાનો રિવર્સ ટ્રેન્ડ શરૂ થયો છે.

આ અંગે રાજ્યમાં છેલ્લાં ૯ વર્ષના આંકડા જોઇએ તો, અંદાજિત ૪.૫૧ લાખથી વધુ વિદ્યાર્થીઓએ ખાનગી શાળા છોડી સરકારી પ્રાથમિક શાળાઓમાં પ્રવેશ મેળવ્યો છે. જ્યારે અમદાવાદ શહેરમાં છેલ્લાં ૯ વર્ષમાં અંદાજિત કુલ ૫૦,૨૮૮થી વધુ વિદ્યાર્થીઓએ ખાનગી સ્કૂલ છોડી સરકારી શાળામાં પ્રવેશ લીધો છે.

અમદાવાદ શહેરની વાત કરીએ તો, વર્ષ ૨૦૧૪-૧૫થી સરકારી શાળામાં પ્રવેશ માટે ટ્રેન્ડ્ઝ શરૂ થયો છે. વર્ષ ૨૦૨૨-૨૩માં







૯,૫૦૦ વિદ્યાર્થીઓએ સેલ્ફ ફાયનાન્સ શાળા છોડી સરકારી પ્રાથમિક શાળાઓમાં પ્રવેશ મેળવ્યો હતો.

વાલીઓ સરકારી શાળાઓમાં પણ ખાનગી સ્કૂલ કરતા શ્રેષ્ઠ શિક્ષણ મળે છે તે જાણ્યા, અનુભવ્યા અને મુલાકાત લીધા બાદ તેમના બાળકોને ખાનગી શાળામાંથી ઉઠાવી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની સરકારી શાળાઓમાં પ્રવેશ અપાવે છે.

સેલ્ફ ફાયનાન્સમાંથી સરકારી શાળામાં આવવાનું મુખ્ય કારણ સરકારી શાળાઓમાં મળતું ગુણવત્તાયુક્ત શિક્ષણ તેમજ સમયની સાથે કદમથી કદમ મિલાવીને ટેક્નૉલોજીયુક્ત શિક્ષણ, ઉત્તમ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને અભ્યાસુ શિક્ષકો દ્વારા શિક્ષણ આપવામાં આવી રહ્યું છે. આ બધી ખાસિયતોને કારણે સરકારી શાળાઓમાં ખાનગી શાળા કરતા સારી સુવિધાઓ મળતી હોવાથી વાલીઓ તેમજ વિદ્યાર્થીઓ સરકારી શાળા તરફ આકર્ષાયા છે અને સતત પ્રવેશમાં પણ વધારો થઇ રહ્યો છે. આ વર્ષના નવા સત્રમાં ઘણી સરકારી શાળાઓમાં પ્રતીક્ષા યાદી પણ જોવા મળી છે. ●

# શાળા સમૃધ્ધિની વાણી, શાળા પ્રવેશોત્સવ સાથે દાનની સરવાણી

**સુનિલ પટેલ**

પાલિતાણાની શ્રી ઝવેરચંદ મેઘાણી પ્રાથમિક શાળા એટલે શિક્ષણનું ધમધમતું પવિત્ર ક્ષેત્ર. શેત્રુંજય પર્વતની પવિત્ર ભૂમિમાં આવેલા આ શાળાના શિક્ષક શ્રી નાથાભાઈ ચાવડાએ શિક્ષણની ધૂણી ધખાવી છે. શાળાના બાળકનો સર્વાંગી વિકાસ થાય તે માટે નાથાભાઈ રજાના દિવસોમાં પણ બાળકોને વધારાના વર્ગો દ્વારા શિક્ષણ આપવાનું કાર્ય કરે છે. શાળામાં બાળકોને રજાના દિવસોમાં સાઇકલિંગ, બાળાઓને સિલાઇ કામ શીખવાડે છે. નીતનવીન શૈક્ષણિક સાધાનોના નિર્માણ દ્વારા બાળકોના વિકાસ કઈ રીતે કરી શકાય તે માટે તેઓ



સતત સક્રિય રહીને કાર્ય કરે છે. તાજેતરમાં ઉજવાયેલા શાળા પ્રવેશોત્સવમાં અને તે સિવાય પણ તેઓના પ્રયત્નોથી ગામના અને બહારના દાતાઓ દ્વારા અનેક પ્રકારની ભેટ સમયે-સમયે મળતી રહી છે. શાળા પ્રવેશોત્સવના એક જ દિવસે શાળાને દાતાઓ દ્વારા રૂ. ૬ લાખની ભેટ મળી હતી.

પોતાના ખિસ્સાના ખર્ચે બાળકોના શૈક્ષણિક વિકાસ માટે કાર્યરત નાથાભાઈ રજાના દિવસે પણ પ્રવૃત્ત રહીને બાળકોને વધુ સારા કેવી રીતે શિક્ષિત અને દીક્ષિત કરી શકાય તે માટે સતત કાર્યરત રહે છે. સમય, શક્તિ અને નાણાના દાન દ્વારા પોતે એક આગવી મિસાલ કાયમ કરી છે. આમ, શાળા પ્રવેશોત્સવ દાનની સરવાણીમય બની ગયો હતો. કુલ પાંચથી વધુ સામાજિક સંસ્થાના જોડાણ સાથે આગામી સમયમાં આ શાળા તમામ સુવિધાથી સમૃદ્ધ થશે. શાળા પ્રવેશોત્સવ એ શાળા સાથે સમાજને જોડીને ભાવિ પેઢીને સંસ્કાર સમૃદ્ધ બનાવવાનો ઉપક્રમ બની રહ્યો હતો. ●

# મુક્ત વાતાવરણમાં બાળ કેળવણી - દક્ષિણામૂર્તિ બાલમંદિર

*ચિંતન રાવલ*



ભાવનગરનું દક્ષિણામૂર્તિ બાલમંદિર તેની વિશિષ્ટ કાર્યશૈલી અને અભિગમના કારણે સમગ્ર રાજ્યમાં અલગ છબી ધરાવે છે. જાણીતા બાળ વાર્તાકાર અને કેળવણીવિદ સ્વ. શ્રી ગિજુભાઇ બધેકા આ પ્રકારના બાલમંદિરના સ્વપ્નદ્રષ્ટા હતા અને તેમણે વિકસાવેલી શૈલીના આધારે વર્ષ ૧૯૨૦માં દક્ષિણામૂર્તિ બાલમંદિરનો પાયો નંખાયો હતો. આ સંસ્થાની સ્થાપનાને એક શતકથી પણ વધુનો સમય વીતી ગયો હોવા છતાં હજુ પણ અહીં સ્વ. ગિજુભાઇ બધેકાના સર્વાંગી શિક્ષણના સિદ્ધાંતોને અનુસરી કર્તવ્યરત છે.

નૈસર્ગિક વાતવરણ વચ્ચે આવેલા આ બાલમંદિરમાં આજે પણ બાળકોને ઇનામ કે શિક્ષા આપવાની પ્રથા નથી, પરંતુ બાળકો જેવી રીતે ઇચ્છે તેવી રીતે અહીં રહી શકે છે. બાલમંદિર એટલે પ્રિ-સ્કૂલના ત્રણેય ધોરણો અભ્યાસ કરતા બાળકો માટે અહીં પહેલો તાસ મેદાનમાં રમવાનો હોય છે, ત્યારબાદ બીજો તાસ સંગીત કે નાટકનો હોય છે. ત્યારબાદ બાળકો તેમના વર્ગમાં જાય છે અને વિવિધ પ્રવૃત્તિઓ કરે છે. જો બાળકને અહીં એકલું લાગે તો તેમના માતા-પિતા કે અન્ય પરિવારજનો પણ વર્ગખંડમાં તેમની સાથે બેસી શકે છે. બાળકનું વર્ગખંડમાં મન ન લાગે તો તે મુક્તપણે હીંચકા ખાવા કે બગીચામાં જઇ શકે છે અને બાળક સૂવા માંગે તો તેમના માટે નાના પલંગ પણ અહીં રાખવામાં આવ્યા છે.

બાળકો તેમના શિક્ષિકાબહેનો સાથે આત્મીયતા કેળવે તે માટે 'મેડમ', 'મિસ' કે 'ટીચર' જેવાં સંબોધનની જગ્યાએ તેમને 'બહેન' કહીને બોલાવે છે. ઉપરાંત, બાળક પહેલાં ધોરણમાં ન આવે ત્યાં સુધી તેમના હાથમાં પેન્સિલ કે પેન આપવામાં આવતા નથી. બાળકો ભવિષ્યમાં મરોડદાર અક્ષરો લખી શકે તે માટે બાલમંદિરના વર્ષોમાં 'થ્રી-ફિંગર એક્ટિવિટી' કરવવામાં આવે છે. જેમાં સોયમાં દોરો પરોવવો, દોરામાં મોતી અને અન્ય વસ્તુઓ પરોવવી, બટન ટાંકવા, માળા ફેરવવી સહિતની પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. જેથી લખવા માટે ઉપયોગમાં લેવાનારી ત્રણેય આંગળીઓ સારી રીતે વિકાસ પામી શકે. હાલ અહીંના બાલમંદિરમાં ૬૦૦થી વધુ વિદ્યાર્થીઓ શિક્ષણ મેળવે છે.

જે - તે સમયે ભારતમાં શાળા પહેલાં અપાતા પૂર્વ શિક્ષણ માટે વિવિધ પદ્ધતિઓ ચલણમાં હતા. જો કે, આ તમામ પદ્ધતિઓનો અભ્યાસ કરી ગિજુભાઈએ સંશોધન અને પરિશ્રમ દ્વારા આગવી શૈલી વિકસાવી હતી. જેમાં મારિયા મોન્ટેસરીની શિક્ષણપદ્ધતિ, ફ્રેડરિક ફ્રોબેલની કિન્ડરગાર્ટન (કે.જી.) પદ્ધતિ, માર્ગારેટ અને રેચલ મેકમિલન બહેનોની નર્સરી પદ્ધતિ, ગાંધીજી દ્વારા ભલામણ કરાયેલી નઇ તાલીમ કે બાલવાડી તરીકે ઓળખાતી પદ્ધતિઓનો સમન્વય કરવામાં આવ્યો છે.

આ સંસ્થાના આદ્યસ્થાપક સ્વ. શ્રી નાનાભાઇ કાલિદાસ ભટ્ટે વર્ષ ૧૯૧૦માં હોસ્ટેલ જેવી વ્યવસ્થા ધરાવતું દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવન ત્યારબાદ દક્ષિણામૂર્તિ વિનયમંદિર એટલે કે શાળાની શરૂઆત કરી ત્યારે સંસ્થાનાં કાનૂની સલાહકાર તરીકે ગિજુભાઇ બધેકા હતાં. તે સમયે ગિજુભાઈને વિચાર આવ્યો હતો કે, વિદ્યાર્થીઓને વિનયમંદિરમાં ભણાવવાથી કે છાત્રાલયમાં રાખવાથી કામ કાચું રહે છે. કાચા પાયા પર પાકી ઈમારત કેવી રીતે ચણી શકાય. બાળપણથી જ સંસ્કાર સિંચન થાય અને સર્વાંગી વિકાસનો પાયો નંખાય તે માટે બાલમંદિરથી જ અલગ વાતાવરણ આપવું ઘટે. આ વિચારના કારણે દક્ષિણામૂર્તિ બાલમંદિરની સ્થાપના થઇ. ઉલ્લેખનીય છે કે, આ બાલમંદિરનું ઉદઘાટન તા. ૪-૫-૧૯૨૨ના રોજ કસ્તુરબા ગાંધીએ કર્યું હતું. ●





### 'આત્મા ગામનો, સુવિધા શહેરની'

# રાજ્યના ગામડાઓ બન્યાં સ્માર્ટ વિલેજ




વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતનાં ગામોને શહેરો સમકક્ષ સ્માર્ટ, સસ્ટેઇનેબલ અને સુવિધાયુક્ત બનાવવાની નેમ સાથે રૂર્બન - 'આત્મા ગામનો સુવિધા શહેરની'નો વિચાર આપેલો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વડાપ્રધાનશ્રીની આ વિચારધારાને આગળ ધપાવતાં સ્માર્ટ વિલેજ પ્રોત્સાહક યોજનાને વધુ વ્યાપક સ્વરૂપે વિસ્તારી છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યમાં તાલુકા દીઠ એક ગામ સ્માર્ટ વિલેજ બનાવવાના વિકાસલક્ષી અભિગમ સાથે ૧૬ જિલ્લાનાં ૩૫ ગામોને સ્માર્ટ વિલેજ જાહેર કર્યાં છે. આ ગામો રાજ્ય સરકારની સ્માર્ટ વિલેજ પ્રોત્સાહક યોજના અન્વયે પસંદ કરાયેલાં ગામો છે.

સ્માર્ટ વિલેજ પ્રોત્સાહક યોજનામાં પસંદ થયેલાં આ ગામોના સર્વાંગી વિકાસ માટે ગ્રામ પંચાયત દીઠ પાંચ લાખ રૂપિયાની પુરસ્કાર રકમ આપવામાં આવશે. એટલું જ નહીં, આ ગામોને વિકાસ કામો માટેના સ્વ-ભંડોળનો આ પુરસ્કાર રાશિ ભાગ બનશે.

મુખ્યમંત્રીશ્રીના દિશાદર્શનમાં તૈયાર થયેલી સ્માર્ટ વિલેજ યોજનામાં આવા સ્માર્ટ વિલેજની પસંદગી માટેનાં જે ધોરણો નિર્ધારિત કરાયાં છે તેમાં ગામમાં અદ્યતન ટેક્નોલોજીનો વિનિયોગ, ગ્રામીણ જીવનશૈલીને જાળવી રાખીને ગ્રામજનોના ક્વૉલિટી ઓફ લાઇફમાં સુધારો કરવો તેમજ ગામના આર્થિક, સામાજિક અને પર્યાવરણીય મૂલ્યના સંવર્ધન સાથે માળખાકીય સુવિધા ઉપલબ્ધ કરાવવાનો ધ્યેય રાખેલો છે.

આવા સ્માર્ટ વિલેજ અન્ય ગામો માટે ''ગુડ ગવર્નન્સ''ના મોડેલ ગામ અને ટૂરિઝમ સ્થળ તરીકે વિકસે તથા એક્શન લેબોરેટરી તરીકે કાર્ય કરે તેવો હેતુ પણ રાખવામાં આવ્યો છે.

આવા સ્માર્ટ વિલેજ પસંદગી માટેનાં ધોરણોમાં ગામ રોડથી જોડાયેલું હોય, રોડથી તદ્દન નજીકમાં હોય, ગામ શક્ય હોય ત્યાં સુધી સ્ટેટ હાઇવે પર હોય, પ્રાથમિક સુવિધા તરીકે પાકા રસ્તા અને ગટરવ્યવસ્થા, સ્ટ્રીટ લાઇટ તેમજ સંપૂર્ણ સફાઈ થતી હોય અને ગામની વસ્તી ૨,૦૦૦ થી ૬,૦૦૦ સુધીની હોય તે માપદંડો ધ્યાને લેવામાં આવેલા છે.

આ ધોરણો ધરાવતાં ગામોએ જે ૧૧ માપદંડો પરિપૂર્ણ કર્યા છે. તેમાં (૧) સરસ ગ્રામ વાટિકા/ગાર્ડન (૨) ફરજિયાત ડોર ટુ ડોર કલેક્શન (૩) દરેક ઘરે પીવાના પાણીનું નળ કનેક્શન (૪) પંચાયત વેરા વસૂલાત (૫) રસ્તા પર ઉકરડા ન હોય અને રસ્તાઓ નિયમિત સાફ થાય (૬) સ્માર્ટ ઈ-ગ્રામ સેન્ટરની સુવિધા (૭) ગ્રામ પંચાયત કચેરી ઉપર સોલર રૂફટોપ (૮) ઓપન ડેફિકેશન ફ્રી વિલેજ (૯) ગ્રામ પંચાયત દ્વારા લાઇટબીલ ભરવાની નિયમિતતા (૧૦) ગામમાં ગટર બનાવવી (૧૧) ગામતળના પાકા રસ્તા વગેરેને આવરી લેવાયા છે.



આવા ૧૧ માપદંડો પરિપૂર્ણ કરતી ગ્રામ પંચાયતો દ્વારા સ્પર્ધામાં ભાગ લેવા માટે નિયત કરાયેલા ફોર્મ ભરવામાં આવેલા તેમાં પાયાનાં વર્ષ તરીકે ૨૦૨૨-૨૩ લેવામાં આવ્યું હતું.



આવાં ગામો પસંદ કરતાં પૂર્વે ગ્રામ પંચાયત દ્વારા ભરેલા ફોર્મ અન્વયે તાલુકા કક્ષાની સમિતિએ રૂબરૂ મુલાકાત લઈ પ્રાથમિક ચકાસણી કરી હતી અને એ પ્રમાણે ગુણ આપી પોતાના અભિપ્રાય સાથેની યાદી રાખી જિલ્લા કક્ષાની સમિતિમાં દરખાસ્ત મોકલી આપી હતી.

આ ફોર્મના આધારે મેરિટના બેઝ પર સ્માર્ટ વિલેજની પસંદગી જિલ્લા કક્ષાની સમિતિ દ્વારા કરવામાં આવી છે. ૯૦% ગુણ મેળવેલા ગ્રામ પંચાયતોને થર્ડ પાર્ટી વેરિફિકેશન કરાવ્યાં પછી જ પુરસ્કાર/પ્રોત્સાહક રકમ જાહેર કરવામાં આવી હતી.



આ સમગ્ર અમલીકરણ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ, લઘુતમ ૯૦ માર્ક્સ મેળવેલ હોય તેવી ગ્રામ પંચાયતો પૈકી મહત્તમ મળેલ માર્ક્સના આધારે તાલુકાદીઠ એક ગ્રામ પંચાયતને સ્માર્ટ વિલેજ તરીકે જાહેર કરવામાં આવી છે. ●

## સ્માર્ટ વિલેજની યાદી

| ક્રમ | જિલ્લાનું નામ | તાલુકાનું નામ | ગ્રામ પંચાયતનું નામ |
|---|---|---|---|
| ૧ | ગાંધીનગર | કલોલ | રામનગર |
| ૨ | | ગાંધીનગર | અડાલજ |
| ૩ | નર્મદા | ડેડિયાપાડા | ડેડિયાપાડા |
| ૪ | | સાગબારા | સેલંબા |
| ૫ | વલસાડ | પારડી | ઉદવાડા |
| ૬ | | વાપી | મોરાઈ |
| ૭ | | ઉમરગામ | ભિલાડ |
| ૮ | કચ્છ | અંજાર | ભીમાસર |
| ૯ | અમરેલી | કુંકાવાવ | મોટા ઉજળા |
| ૧૦ | | બાબરા | ઊંટવડ |
| ૧૧ | પોરબંદર | કુતિયાણા | ઈશ્વરીયા |
| ૧૨ | | પોરબંદર | બગવદર |
| ૧૩ | છોટા ઉદેપુર | બોડેલી | જબુગામ |
| ૧૪ | | પાવીજેતપુર | જેતપુર |
| ૧૫ | આણંદ | ઉમરેઠ | લીંગડા |
| ૧૬ | | આંકલાવ | આસોદર |
| ૧૭ | | પેટલાદ | નાર |
| ૧૮ | | સોજીત્રા | રૂણજ |
| ૧૯ | મોરબી | મોરબી | નાની વાવડી |
| ૨૦ | સુરત | મહુવા | મહુવા |
| ૨૧ | | માંડવી | તડકેશ્વર |
| ૨૨ | | બારડોલી | સુરાલી |
| ૨૩ | | ચોર્યાસી | જૂનાગામ (શિવરામપુર) |
| ૨૪ | | પલસાણા | એના ગોટિયા |
| ૨૫ | | કામરેજ | ઉભેળ |
| ૨૬ | સાબરકાંઠા | ઈડર | નેત્રામલી |
| ૨૭ | દેવભૂમિ દ્વારકા | કલ્યાણપુર | કલ્યાણપુર |
| ૨૮ | રાજકોટ | ઉપલેટા | કોલકી |
| ૨૯ | | પડધરી | મોવૈયા |
| ૩૦ | | ધોરાજી | જમનાવડ |
| ૩૧ | ભાવનગર | ભાવનગર | લાખણકા |
| ૩૨ | વડોદરા | પાદરા | સાધી |
| ૩૩ | ખેડા | નડિયાદ | ઉત્તરસંડા |
| ૩૪ | | ગળતેશ્વર | અંઘાડી |
| ૩૫ | | વસો | પીજ |

# અમરેલી જિલ્લાનું સ્માર્ટ વિલેજ
# મોટા ઉજળા



**જય મિશ્રા**

સ્માર્ટ વિલેજ યોજના હેઠળ પસંદગી પામેલું અમરેલીના કુંકાવાવ તાલુકાનું મોટા ઉજળા ગામ ઘણી રીતે અનોખું છે. રાજ્ય સરકાર દ્વારા નક્કી કરવામાં આવેલા સ્માર્ટ વિલેજ યોજના હેઠળના નિયત ૧૧ માપદંડોમાં ૯૫ ટકા ગુણ મેળવી મોટા ઉજળા ગામ સ્માર્ટ વિલેજ તરીકે પસંદગી પામ્યું હતું.

મોટા ઉજળા ગામની સુવિધાઓ વિશે માહિતી આપતા ગામના સરપંચ શ્રી વિપુલભાઈ ખીમાણીએ જણાવ્યું હતું કે, 'અમારા ગામની વસ્તી ૨,૦૨૦ છે. આ વસ્તી મુજબ વેરા વસૂલાતમાં ૮૦ ટકા સુધી ગ્રામ પંચાયતને સફળતા મળી છે. ગામમાં શહેરી વિસ્તારમાં હોય તેવી ભૂગર્ભ ગટર, પીવાના પાણીના બે જાહેર આર.ઓ. પ્લાન્ટ, અઠવાડિયામાં બે દિવસ ડોર-ટુ-ડોર કચરાના કલેક્શનની સુવિધા, નલ સે જલ અંતર્ગત ઘરે-ઘરે પીવાના પાણીની લાઇન, સોલાર ઊર્જા સંચાલિત ગ્રામ પંચાયત કચેરી, પબ્લિક એનાઉન્સમેન્ટ સિસ્ટિમ વગેરે જેવી સુવિધાઓ વિવિધ સરકારી અનુદાનથી વિકસાવવામાં ધારી સફળતા મળી છે. આ ઉપરાંત ગામની શાળામાં સ્માર્ટ બોર્ડ પણ આપવામાં આવ્યાં છે. સ્માર્ટ બોર્ડ દ્વારા બાળકોને અદ્યતન શિક્ષણ પ્રાપ્ત થઈ રહ્યું છે.

ગામની આ સુવિધાઓથી મહિલાઓની જીવનશૈલીમાં પણ પરિવર્તન આવ્યું છે. ઘરે પીવાનું શુદ્ધ પાણી પહોંચતું હોવાથી અને કચરાના ડોર ટુ ડોર કલેક્શનની સુવિધાઓથી ગ્રામીણ વિસ્તારની મહિલાઓના આરોગ્યમાં સુધારો આવ્યો છે. તેમને સ્થાનિક સ્તરે સુવિધા મળી રહેતા તેમનો સમય અને ઊર્જા તે અન્ય કામ માટે રોકી શકે છે.

ગામનાં રહેવાસી શ્રી શ્રેયાબેન કથીરિયાએ આ અંગે વાત કરતાં જણાવ્યું હતું કે, ભૂગર્ભ ગટરની સુવિધાઓથી ગામની સ્વચ્છતામાં પણ વધારો થયો છે. અમારું ગામ સ્વચ્છ બનતાં રોગચાળાની ભીતિ નથી. આ સુવિધા થકી ગામના નાગરિકોનું સ્વાસ્થ્ય સુદ્રઢ થયું છે.

સ્માર્ટ વિલેજ પ્રોત્સાહક યોજનામાં પસંદ થયેલાં આ ગામોના સર્વાંગી વિકાસ માટે ગ્રામ પંચાયતદીઠ રૂ. ૫ લાખની રકમ પુરસ્કાર તરીકે આપવામાં આવશે. આ ગ્રાન્ટના આયોજન અંગે માહિતી આપતાં ગામના તલાટી કમ મંત્રી શ્રી જે.સી. પટોળિયાએ જણાવ્યું હતું કે, મોટા ઉજળાની સ્માર્ટ વિલેજ યોજનામાં પસંદગી થતાં જે ગ્રાન્ટ મળશે તે પ્રાથમિક સુવિધાઓ વધારવા માટે ઉપયોગમાં લેવાનું આયોજન છે. મોટા ઉજળા ગામને વધુ સારી સુવિધાયુક્ત બનાવવા બાબતે ગ્રામજનોનો સકારાત્મક અભિગમ અને સતત પ્રયાસ રહે છે. આ યોજનામાં મોટા ઉજળાની પસંદગી થવા બદલ રાજ્ય સરકારનો ખૂબ ખૂબ આભાર.

મહત્ત્વની વાત છે સૂર્ય ઊર્જા સંચાલિત મોટા ઉજળા ગ્રામ પંચાયતમાં તમામ પ્રકારના દાખલાઓ નિ:શુલ્ક કાઢી આપવામાં આવે છે. આ અંગે ગામના ખેડૂત શ્રી માલવિયાએ જણાવ્યું હતું કે, ગ્રામ પંચાયતમાં ઇ-ગ્રામ સુવિધા પરથી ૭/૧૨, ૮-અ, ઈ-શ્રમ કાર્ડ, આવકના દાખલા, જાતિના દાખલા વગેરે નિ:શુલ્ક કાઢી આપવામાં આવે છે. અમે ગ્રામ પંચાયતની આ સેવાઓથી સંતુષ્ટ છીએ. ●



# લાખેણી સુવિધાઓથી સોહતું 'સ્માર્ટ વિલેજ' લાખણકા

કૌશિક શિશાંગિયા



છેવાડાના માનવીનું જીવન ઘડતર ઊંચું લાવવાની નેમ સાથે રાજ્ય સરકાર કાર્ય કરે છે. ગામડાને ધ્યાનમાં રાખીને અનેક યોજનાઓ દ્વારા ગામડાઓને જીવંત અને ધબકતાં કરવા માટે તાજેતરમાં રાજ્ય સરકાર દ્વારા 'સ્માર્ટ વિલેજ' ની યોજના જાહેર કરવામાં આવી છે. આ યોજના અંતર્ગત 'સ્માર્ટ વિલેજ' તરીકે જાહેર થયેલા ગામને ગામના વિકાસ માટે રૂ. ૫ લાખનું અનુદાન આપવામાં આવે છે.

માળખાકીય સુવિધાથી સજ્જ ગામડું એ આધુનિક ભારતના ગામડાની સંકલ્પના છે. આજે ગુજરાતનાં ગામડાઓ પણ વિકાસનાં મીઠાં ફળ ચાખી રહ્યાં છે. ગામડાઓમાં શહેરી સુવિધાઓ ઊભી થવા સાથે લોકોના જીવનધોરણમાં પણ નોંધપાત્ર સુધારો આવી રહ્યો છે.

વિશ્વપટલ પર ભારતની મજબૂત છબી ઊભી કરનાર ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની કાર્યશૈલી ગામડાના છેવાડે રહેતા માનવી શહેરમાં રહેતા લોકોને પ્રાપ્ત થાય એ તમામ પ્રકારની સુખસુવિધા મેળવે તેવી રહી છે. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ પણ એ જ દિશા સાથે આગળ વધી રહ્યા છે. જેના સ્વરૂપે શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગુજરાતમાં 'સ્માર્ટ વિલેજ યોજના'ને વધુ વ્યાપક બનાવી છે.

સ્માર્ટ વિલેજ યોજનામાં ગુજરાતનાં જે ગામોની પસંદગી થઈ છે તેમાં ભાવનગરના લાખણકા ગામની પસંદગી કરવામાં આવી છે. ત્યારે આવો જાણીએ લાખણકાની ગામડાથી સ્માર્ટ વિલેજ સુધીની સફરને...

ચોખ્ખા-ચણાક રસ્તાઓ, ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શન, ત્રીસેય દિવસ પીવાના પાણીનો પુરવઠો, આધુનિક આરોગ્ય કેન્દ્ર, સોલર સ્ટ્રીટ લાઇટ, સ્માર્ટ ક્લાસરૂમવાળી શાળા, બાળકોને રમવા માટેની ગ્રામવાટિકા.... આ તમામ સુવિધાઓ વિશે સાંભળીએ તો એવું પ્રતીત થાય કે, શહેરના કોઈ પોશ વિસ્તારની વાત થતી હશે. જોકે, આ વાત કોઇ શહેરી વિસ્તારની નહીં, પરંતુ ભાવનગર જિલ્લાના લાખણકા ગામની છે..



૩૫૦૦ થી ૪૦૦૦ લોકોની વસતી ધરાવતું લાખણકા ગામ અલંગથી ૧૮ કિ.મિ. દૂર છે. આ ગામમાં પ્રવેશતાં જ સ્વચ્છતા તમારું મન મોહી લે છે. આર.સી.સી. રસ્તા તમારું ગામમાં સ્વાગત કરવા રાહ જોતા હોય તેવા ભાસે છે. આરોગ્ય કેન્દ્ર આજુબાજુનાં છ થી વધુ ગામોને આરોગ્ય સેવા પૂરી પાડે છે. ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શન કરી ગામથી દૂર ડમ્પિંગ સાઇટ પર તેનો નિકાલ કરવાની વ્યવસ્થા ગામમાં ઊભી કરવામાં આવી છે. શિક્ષણ માટે ધો. ૧ થી ૮ સુધીની સ્માર્ટ ક્લાસરૂમ ધરાવતી શાળા આકર્ષણનું કેન્દ્ર છે.

ગામમાં ૭૦,૦૦૦ લિટરની ઓવરહેડ ટાંકી તથા અંડર ગ્રાઉન્ડ ૧,૫૦,૦૦૦ લિટરનો સંપ આવેલો છે. જેથી લોકોને નિયમિત અને સતત પીવાનું પાણી મળી રહે છે.

લાખણકા ગામના પૂર્વ સરપંચ શ્રી ઝવેરભાઈ ચૌહાણ જણાવ્યું હતું કે, છેલ્લાં થોડાં વર્ષોમાં ગામમાં સુવિધાઓની સાથોસાથ લોકોના જીવનધોરણમાં પણ આંખે ઊડીને વળગે તેવો વિકાસ થયો છે. તેઓ ૫૯ વર્ષથી ગામમાં રહે છે. પરંતુ, છેલ્લા બે દશકામાં ગામમાં વિકાસની જે ગતિ જોવા મળી છે તે અગાઉ જોવા મળી નહોતી. સ્માર્ટ વિલેજ સ્કીમ હેઠળ લાખણકા ગામની પસંદગી થતાં ગ્રામજનોમાં હરખની હેલી ઉભરાઈ છે.

લાખણકા ગામના પૂર્વ ઉપસરપંચ શ્રી લાલજીભાઇ બારૈયાએ જણાવ્યું હતું કે, ગામમાં મુખ્ય રોડ પર સી.સી.ટી.વી. ની સુવિધા સાથે રાત્રે અંધકારમાં સોલર સ્ટ્રીટ લાઇટથી અમારું ગામ ઝળહળી ઊઠે તે જુઓ તો વિકાસ કેવો હોય તેની પ્રતીતિ થાય. ગામ લોકો લાઇટબિલ અને વેરા ભરી શકે તે માટે ગ્રામ પંચાયતના ઇ-ગ્રામ સેન્ટરની સુવિધા ઉપલબ્ધ છે.

ગામમાં મહિલા સશક્તીકરણનું ઉદાહરણ પૂરું પાડતી લાખણકા મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી મહિને ૫,૫૦૦ લિટર દૂધના ઉત્પાદન સાથે સ્વનિર્ભરતાના રસ્તે અગ્રેસર છે.

લાખેણી સુવિધાઓથી સોહતું લાખણકા ગામ ભાવનગરનું નવલું અને લાખેણું નજરાણું બની એમ ગામ થી 'સ્માર્ટ વિલેજ' સુધીની સફર કરી અન્ય ગામ માટે પણ પ્રેરણારૂપ બન્યું છે. ●

# ગામ અને શહેર વચ્ચેની ભેદ રેખાઓને આંબીને 'સ્માર્ટ વિલેજ' બનતું ઉત્તરસંડા

**અલ્પેશ મકવાણા**

મઠિયા-પાપડને લઈને દેશ-વિદેશમાં પ્રખ્યાત એવા ઉત્તરસંડા ગામની હવે એક નવી ઓળખ ઊભી થઈ છે. સ્વ-રોજગાર માટે ખ્યાત ખેડા જિલ્લાનું ઉત્તરસંડા હવે 'સ્માર્ટ વિલેજ' પણ બન્યું છે. અગાઉ તણસોલ-વણસોલ તરીકે ઓળખાતું, ખેડા જિલ્લાના નડિયાદ-આણંદ રોડ દાંડીમાર્ગ પર આવેલા નડિયાદ તાલુકાનું ઉત્તરસંડા ગામ આજે આધુનિક સુવિધાઓથી સજ્જ થઈને ગુજરાતના ૧૬ જિલ્લાઓના ૩૫ 'સ્માર્ટ વિલેજ' પૈકીનું એક બન્યું છે. ૧૨,૦૦૦ની વસ્તી ધરાવતું ઉત્તરસંડા ગામ અને શહેર વચ્ચેની ભેદ રેખાઓને આંબીને રૂર્બન ટાઉન બનવા અગ્રેસર છે.

ગામડામાં રહીને શહેરી જીવનની અભિલાષા ધરાવનાર કોઈ પણ વ્યક્તિને ઉત્તરસંડા ગામની જીવન પદ્ધતિ આકર્ષે તેવી છે. અહીં દરેક મૂળભૂત જરૂરિયાતનું સારી રીતે ધ્યાન રાખવામાં આવે છે, જેના કારણે ગ્રામજનોની જીવનશૈલીમાં પણ સુધારો થયો છે. રોડ, રસ્તા, પાણી, ગટર યોજના, તળાવ અને સ્વચ્છતા સહિતની મૂળભૂત સુવિધાઓના તમામ માપદંડો પર ઉત્તરસંડા ગામે જમીની સ્તર પર નક્કર સિદ્ધિ હાંસલ કરી છે. ગામમાં શિક્ષણ, આરોગ્ય, કન્યા કેળવણી પર વિશેષ કામગીરી કરવામાં આવે છે. શાળાઓ હોય કે આંગણવાડી કેન્દ્રો, ભારતની સ્માર્ટ આવતીકાલ ઘડવા માટે તમામને સ્માર્ટ ઇન્ફ્રાસ્ટ્રક્ચર સાથે અદ્યતન કરવામાં આવ્યાં છે.

ઉત્તરસંડા ગ્રામ પંચાયત દ્વારા ગ્રામ લોકોની ફરિયાદના નિવારણ હેતુ સનરાઇઝ ઉત્તરસંડા ઍપ્લિકેશન લોન્ચ કરવામાં આવી છે. ગામમાં સી.સી.ટી.વી.થી સર્વેલન્સ કરવામાં આવે છે. ગામમાં ચાર પાણીની પરબ ઊભી કરવામાં આવી છે. જ્યાંથી ગામ લોકો ઠંડું પાણી મેળવી શકે છે.

ઉત્તરસંડા ગામ દીકરીઓના વિકાસ માટે ગામના દાતા ડૉ. મોહનભાઈ પટેલ દ્વારા સુકન્યા સમૃદ્ધિ સ્કીમ હેઠળ કોઈ પણ પ્રકારના ભેદભાવ વિના ૪ થી ૭ વર્ષની બાળાઓ માટે દીકરી દીઠ રૂ. ૧૧,૦૦૦ એમ કુલ ૩૪૯ દીકરીઓના ખાતામાં રૂ. ૩૮,૩૯,૦૦૦ જમા કરવામાં આવ્યા છે.



ગ્રામ પંચાયત સભ્ય શ્રી હિનલબહેન પટેલે જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૨૨થી લઈને અત્યાર સુધીમાં ગામના સરપંચ શ્રી ઈશિતભાઈ પટેલના સખત પરિશ્રમથી ઉત્તરસંડા ગામમાં અનેકવિધ સુવિધાઓ ઊભી કરવામાં આવી છે. જેમાં ઉત્તરસંડા ગ્રામ પંચાયત દ્વારા ૨ નવા ટેમ્પા અને ૧ નવું ટ્રેક્ટર પણ વસાવવામાં આવ્યું છે. જેના દ્વારા ડોર ટુ ડોર કચરો કલેક્ટ કરી યોગ્ય નિકાલ કરવામાં આવે છે. ઉપરાંત બસ સ્ટેન્ડનું અંદાજિત રૂ. ૧૫ લાખના ખર્ચે નવીનીકરણ કરવામાં આવ્યું છે.




ગામની મધ્યમાં આવેલા વેરા તળાવની ગામના એન.આર.આઈ. મિત્રોના સહયોગથી રૂ. ૨ કરોડના ખર્ચે કાયાપલટ કરવામાં આવી છે. તળાવના પરિસરમાં જ બનાવેલ ચિલ્ડ્રન પાર્કમાં બાળકો આનંદ કલ્લોલ કરે છે.



ઉત્તરસંડા ગામમાં પાણીના મુદ્દે ખૂબ જ સચોટ કામગીરી કરવામાં આવી છે. શિક્ષણને લઈને ઉત્તરસંડા ગામમાં શિક્ષણની સુવિધાઓ સાથે પુસ્તકાલય દ્વારા ગામ લોકો તેમની જ્ઞાનપીપાસા સંતોષે છે. ગુણવત્તાસભર ટેકનિકલ શિક્ષણની બાબતમાં ઉત્તરસંડા આઈ.ટી.આઈ.નું સ્થાન સમગ્ર ગુજરાતમાં ત્રીજા નંબર પર છે.

સામાજિક સશક્તીકરણના ભાગરૂપે ગામની ૪૦ ગંગાસ્વરૂપા બહેનોને દર મહિને રાશનની કિટ આપવામાં આવે છે. ગામમાં એક દૂધ મંડળી, સેવા સહકારી મંડળી, ત્રણ પ્લેગ્રાઉન્ડ, ૧૦૦ વર્ષ જૂની એક સ્કૂલ અને એક હૉસ્પિટલ, પાંચ બેંક અને એક પોસ્ટ ઑફિસ આવેલી છે. ગામમાં ૮૫ વર્ષ જૂની ઉત્તરસંડા પીપલ્સ કો-ઑપરેટિવ બેન્ક પણ આવેલી છે.

વર્ષ ૨૦૨૩માં ઉત્તરસંડા ગામને 'અસ્મિતા યોજના' હેઠળ રૂ. ૩ લાખનો ઍવૉર્ડ મળેલો છે. વર્ષ ૨૦૦૮માં ખેડા જિલ્લાનું પ્રથમ 'ગોકુળિયું ગામ' બનેલું છે. ખેડા જિલ્લાની પ્રથમ ભૂગર્ભ ગટર યોજના ઉત્તરસંડા ગામમાં નાંખવામાં આવેલી. અહીં, ૩૭ લાખના ખર્ચે નવું સ્મશાન ગૃહ નિર્માણ પામી રહ્યું છે. ગામમાં વાઇ-ફાઈની પણ સુવિધા છે. ગ્રામ પંચાયતમાં ઇ-ગ્રામ દ્વારા ગામ લોકોને સરકારની વિવિધ યોજનાઓના લાભ માટે મદદ કરવામાં આવે છે. ●

# સ્વચ્છતા, સુવિધા અને આધુનિકતાનો સંગમ એટલે સાધી


સાગર રાવ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા 'રૂર્બન કોન્સેપ્ટ'ને સાકાર કરતા રાજ્યમાં તાલુકા દીઠ એક ગામ 'સ્માર્ટ વિલેજ' તરીકે વિકસાવવાની દિશામાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે મહત્ત્વપૂર્ણ કદમ ઉઠાવ્યું છે. વડોદરા માટે ગર્વની વાત એ છે કે, રાજ્યની 'સ્માર્ટ વિલેજ' તરીકે જાહેર થયેલી ૩૫ ગ્રામ પંચાયતોમાં વડોદરા જિલ્લાના પાદરા તાલુકાના સાધી ગામનો પણ સમાવેશ થાય છે. સાધી ગામમાં પ્રાથમિક અને આંતરમાળખાકીય સુવિધાઓની રૂબરૂ મુલાકાત લીધા પછી એવું અચૂક બોલાય જાય કે, ખરા અર્થમાં સ્માર્ટ વિલેજ હોય તો આવું જ..!. 'સ્માર્ટ વિલેજ' માટે સરકારે જે ૧૧ માપદંડો નક્કી કર્યા હતા, એની પરિપૂર્તિ તો ગામમાં થાય જ છે, તદ્ઉપરાંત, પણ શહેરોમાં હોય તેવી અનેક સુવિધાઓથી સંપન્ન છે સાધી ગામ...


સ્વચ્છ ગામ, ગોકુળિયું ગામ, નિર્મળ ગામ, સમરસ ગ્રામ પંચાયત અને શ્રેષ્ઠ ગ્રામ પંચાયત સ્પર્ધા સ્વર્ણિમ પુરસ્કાર જેવા અનેક ઍવૉર્ડથી સન્માનિત સાધી ગામમાં સ્વચ્છતા, સુવિધા અને આધુનિકતાનું સાયુજ્ય જોવા મળે છે. ગ્રામ્યજીવનના સંસ્કારો સાથે શહેરની આધુનિક સગવડોના સરવાળાનો સંગમ સાથે તેને 'સ્માર્ટ વિલેજ' બનાવે છે.

આરોગ્યની વાત હોય કે ઉચ્ચ શિક્ષણની વાત હોય, સિંચાઈ-જળસંચયની વાત હોય કે સોલાર રૂફ ટોપથી ઊર્જાસંચયની વાત હોય, વાઇ-ફાઇ અને ઇન્ટરનેટથી સજ્જ ગ્રામ પંચાયત કચેરી હોય કે પશુઆરોગ્યની વાત હોય, આર.સી.સી. રસ્તાની વાત હોય કે પછી ખૂણે-ખૂણે સી.સી.ટી.વી. કેમેરાની વાત હોય, ઘર-ઘર નળ અને ખુલ્લામાં શૌચમુક્ત ગામનું સન્માન લેવાની વાત હોય, અહીં તમામ સવલતો, ભૌતિક સગવડો અને પ્રાથમિક જરૂરિયાતોની ચોક્કસથી પરિપૂર્તિ થાય છે.

સુવિધાઓથી સંપન્ન વિકાસશીલ ગામની 'સ્માર્ટ વિલેજ' તરીકે પસંદગી થાય તો ઉત્સાહ બેવડાય જ ને ! આવા જ પ્રબળ ઉમંગથી સાધી ગામના સરપંચ અને ગ્રામજનો રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારનો આભાર માનતા થાકતા નથી. ગ્રામજનોનું કહેવું છે કે, અહીં વિકાસની કોઈ ઉણપ કે ખૂટતી કડી નથી. પરંતુ સ્માર્ટ વિલેજ પ્રોત્સાહક યોજના અંતર્ગત જે પાંચ લાખ રૂપિયાનો પુરસ્કાર રકમ મળશે તે આ ગામના વિકાસને વેગ આપી સંપૂર્ણતા તરફ દોરી જશે. ગામના સરપંચ શ્રી અંજનાબહેન પટેલે જણાવ્યું હતું કે, અમને ગર્વ છે કે, વડોદરા જિલ્લામાં એક માત્ર સાધી ગામની 'સ્માર્ટ વિલેજ' તરીકે પસંદગી થઈ છે. 'સ્માર્ટ વિલેજ'ની વિભાવનાથી ગામમાં અદ્યતન ટૅક્નોલોજીનો વિનિયોગ, ગ્રામીણ જીવનશૈલીની સાથે ગ્રામજનોના જીવનધોરણમાં ગુણાત્મક પરિવર્તન આવશે. સાથે જ ગામના આર્થિક, સામાજિક અને પર્યાવરણીય મૂલ્યના સંવર્ધન સાથે માળખાકીય સુવિધા ઉપલબ્ધ કરાવવાનો રાજ્ય સરકારનો ધ્યેય ચોક્કસથી ચરિતાર્થ થશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતનાં ગામોને શહેરો સમકક્ષ સ્માર્ટ, સસ્ટેઇનેબલ અને સુવિધાયુક્ત બનાવવાની નેમ સાથે રૂર્બન-આત્મા ગામનો સુવિધા શહેરનો વિચાર આપેલો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વડાપ્રધાનશ્રીની આ વિચારધારાને આગળ ધપાવતાં સ્માર્ટ વિલેજ પ્રોત્સાહક યોજનાને વધુ વ્યાપક સ્વરૂપે વિસ્તારી છે. ●





# વિકાસથી ભરપૂર કચ્છનું 'સ્માર્ટ વિલેજ' ભીમાસર



**જિજ્ઞા વરસાણી**

વર્ષ ૨૦૦૨માં આવેલા ભૂકંપ બાદ કચ્છ વિકાસનું પર્યાય બન્યું છે. ગુજરાતના પનોતાપુત્ર અને તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દ્રઢ સંકલ્પ અને દીર્ઘ દૃષ્ટિના કારણે કચ્છ વિશ્વના નકશા ચમક્યું છે. કચ્છમાં આવેલું ભુજ, મુન્દ્રા, ધોળાવીરા, અંજાર જેવાં મોટાં સ્થળો જ નહીં કચ્છનાં ગામડાઓમાં પણ ઊડીને આંખે વળગે તેવો વિકાસ થયો છે. આવું જ એક ગામ એટલે અંજાર તાલુકામાં આવેલું ભીમાસર.

તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકારે સાત હજારની વસ્તી ધરાવતા ભીમાસરની સ્માર્ટ વિલેજ તરીકે પસંદગી કરી છે. ભૂકંપની થપાટથી ભોં ભેગું થયેલું ભીમાસર આજે વિકાસની કેડી પર ચાલીને નમૂનારૂપ બન્યું છે. ભીમાસર ગામમાં શહેરને ટક્કર મારે તેવી સુવિધા છે. દરેક ઘરને નળથી જળ તથા પાકી ગટર વ્યવસ્થા છે. ગામમાં જ આંગણવાડીથી લઈને ધો. ૧૨ સુધી અભ્યાસની સુવિધા છે.

આરોગ્યની વાત કરીએ તો ગામમાં પી.એચ.સી તથા એમ્બ્યુલન્સની પણ સુવિધા છે. ગામના લોકો પશુપાલન સાથે સંકળાયેલા હોવાથી ગામમાં જ પશુ ડૉક્ટર અને એનિમલ એમ્બ્યુલન્સ પણ છે. આ ઉપરાંત ભીમાસરમાં બેંક તથા એ.ટી.એમ. સુવિધા, પોસ્ટ ઑફિસ, ઈ-ગ્રામ સેન્ટર, લાઈબ્રેરી, ભારતમાતા નમન સ્થળ અને ગાર્ડન, નિલકંઠ પાર્ક તથા વોક-વે, સાર્વજનિક કમ્યૂનિટિ હૉલ, ખેડૂત સેવા સહકારી મંડળી, દૂધ ઉત્પાદક સહકારી મંડળી, ક્રિકેટ ગ્રાઉન્ડ, ૮ ઓવરહેડ અન્ડર ગ્રાઉન્ડ પાણીના ટાંકા, ૩૦ એકર ગૌચર જમીનમાં ઘાસચારા પ્લોટ આવેલો છે.

આ ઉપરાંત, ગામને સી.સી.ટી.વી.થી સજ્જ કરાયું છે. ઈમર્જન્સીમાં લોકો સુધી સંદેશો પહોંચાડવા ગામની શેરીઓમાં સાયરન સિસ્ટિમ મૂકાયેલી છે ગટર સફાઈ માટે જેટિંગ મશીન, બે પંચવટી તથા તેમાં આઉટડોર જિમ પણ આવેલું છે. પર્યાવરણના રક્ષણ માટે ભીમાસર પંચાયત દર વર્ષે ગૌચરમાં ૧૦૦૦ વૃક્ષોની વાવણી કરીને જતન કરે છે. ગામના ગટરના પાણીનો ઉપયોગ થાય તે માટે ખેડૂતોને વેચાણ કરવામાં આવે છે. તેની આવક ગૌશાળામાં વપરાય છે. મહિલાઓ પગભર બને તે માટે મહિલાઓ માટે ૩ સ્કિલ ડેવલોપમેન્ટ સેન્ટર કાર્યરત છે.

ભીમાસરની વિકાસ ગાથા અંગે વાત કરતાં ગામના મહિલા સરપંચ શ્રી ડાહીબહેન હુંબલ જણાવે છે કે, ભૂકંપ પહેલાં અવિકસિત ભીમાસર ગામમાં સરકારના સહયોગથી વિકાસની વણથંભી યાત્રા અવિરત ચાલુ જ છે. આજે ભીમાસર શહેરને ટક્કર મારે તેવી તમામ સુવિધાથી સજ્જ છે. છેલ્લા બે દાયકાથી મોડેલ ગામ તરીકે પ્રખ્યાત થયેલા ભીમાસરની દેશ-વિદેશના અનેક મહાનુભાવો મુલાકાત લઈ ચૂકયા છે. નેપાળના વડાપ્રધાન, બાંગ્લાદેશનું પ્રતિનિધિ મંડળ, વિશ્વ બેંકના પ્રતિનિધિ તેમજ ભારતનાં જુદાં - જુદાં રાજ્યોના મહાનુભાવો ભીમાસર ગામની મુલાકાતે આવી ચૂકયા છે. ●









# સંસ્કાર સાથે સુવિધાની સુવાસ - સુરત જિલ્લાનું ઉભેળ

**મેહુલ વાંઝવાલા**

ગામડાના દેશ તરીકે જાણીતા ભારત દેશમાં સમયની સાથે હવે ગામડાં પણ આધુનિક બનતાં જાય છે. જ્યાં પાકા સી.સી.રોડ, પાકાં મકાનો, સી.સી.ટી.વી. કૅમેરા અને ઈન્ટરનેટ સેવા સાથે જોડાયેલી ગ્રામ પંચાયતોથી બનેલા 'સ્માર્ટ વિલેજ' શહેરને પણ ટક્કર મારી રહ્યાં છે. સુરત જિલ્લાના કામરેજ તાલુકામાં પણ આવું જ એક આધુનિક ગામ એટલે ઉભેળ ગામ..

ગામની અંદર પ્રવેશ કરતાં જ ગામનું આહલાદક વાતાવરણ સૌ કોઈને આકર્ષી જાય છે. ઉભેળ ગામમાં સ્માર્ટ પ્રાથમિક શાળા, લાઈબ્રેરી, સ્વચ્છ રોડ-રસ્તા, સી.સી.ટી.વી., બાગ-બગીચા, ૨૪ કલાક પીવાના પાણીની સુવિધા, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, બેંક, ભૂગર્ભ ગટર યોજના જેવી સુવિધાઓ ઉપલબ્ધ છે. ગ્રામ પંચાયતની પોતાની વેબસાઈટ છે, જેમાં ગ્રામ પંચાયત અને લોકભાગીદારી દ્વારા કરવામાં કરેલાં કાર્યોની વિગતો આપવામાં આવે છે અને સમાજને ઉપયોગી તમામ પ્રકારની સુવિધા ગ્રામજનને મળી રહી છે. વેબસાઈટ પર સરકારની તમામ યોજનાકીય સહાયનાં ફોર્મ પણ ઉપલબ્ધ કરવામાં આવ્યાં છે.

ગામની સાફલ્યગાથા વર્ણવતાં ઉપસરપંચ શ્રી દર્શનભાઈ પટેલે જણાવ્યું હતું કે, ઉભેળ ગામમાં એક સમયે પાયાની સુવિધાઓનો અભાવ હતો. આ જે સરકારની સાથે મળીને અનેક સુવિધાઓ શરૂ કરવામાં આવી છે. ગામડાંઓની સમૃદ્ધિ કેવી હોય તેનું ઉદાહરણ અમારું ઉભેળ ગામ છે. અહીંયાં, સંપૂર્ણપણે શુદ્ધ આર.ઓ. વોટર પૂરું પાડવામાં આવે છે.


વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રગતિશીલ ગામડાંઓની પરિકલ્પનાને અમે ચરિતાર્થ કરી રહ્યા છીએ. ઉભેળ ગામનો આ વિકાસ પહેલાં આવો નહોતો. ગામમાં અનેક સુવિધાઓ છેલ્લા એક દોઢ દાયકામાં પ્રાપ્ત થઈ છે. આગામી સમયમાં પણ અમે સરકારની મદદથી ઉભેળ ગામને વધુ સમૃદ્ધ અને વધુ સુવિધાયુક્ત બનાવવા કટિબદ્ધ છીએ.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, ગામના વિકાસમાં લોકોનો સંપૂર્ણ સહયોગ મળી રહ્યો છે. ગામ ખેતી, પશુપાલન અને નાના મોટા ઉદ્યોગ સાથે સંકળાયેલું છે. ગામનાં એકતા અને સંપના કારણે અત્યાર સુધી સામૂહિક નિર્ણય થકી ગામમાં અનેક પ્રકારની સુવિધાઓ ગ્રામજનોને ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

ગામમાં સફાઈની સંપૂર્ણપણે કાળજી લેવામાં આવે છે અને દરેક ઘર ગટરથી જોડાયેલા છે. ગ્રામ પંચાયત દ્વારા ઠરાવ કરીને ગામ પ્રદૂષણમુક્ત રહે તેની કાળજી લેવામાં આવે છે. પંચાયત દ્વારા ટ્રેક્ટર દ્વારા શેરીએ શેરીએ જઈને કચરો એકઠો કરી કચરો ગામની બહાર બનાવવામાં આવેલી કૂંડીમાં નાખીને તેનો નિકાલ કરવામાં આવે છે. આ ઉપરાંત, પ્રવાહી કચરાના નિકાલ માટે ગામથી બહાર પાણી શુદ્ધીકરણ પ્લાન્ટ બનાવ્યો છે. જેમાં પાણી શુદ્ધીકરણ કરી ચોખ્ખું પાણી વહેતું કરવામાં આવે છે. જેનાથી જળસ્તરમાં વધારો થાય તેવા પ્રયત્નો હાથ ધરાય છે.

ઉભેળ ગ્રામપંચાયત દ્વારા ગ્રામજનો માટે ત્રણ યોજનાઓ શરૂ કરવામાં આવી છે. 'દીકરી મારી લક્ષ્મીનો અવતાર'માં ગામમાં જન્મેલ દરેક દીકરીનાં માતા-પિતાને ચાંદીનો સિક્કો, સન્માનપત્ર અને મીઠાઈનું બોક્સ એમનાં ઘરે જઈ આપીને સન્માનિત કરવામાં આવે છે. બીજી યોજના 'હરિશ્ચંદ્ર-તારામતી અંત્યેષ્ટિ સહાય'માં ગામમાં મરણ પામતા કોઈ પણ ગ્રામજનની અંતિમક્રિયામાં સ્મશાનનો ખર્ચ અને જરૂરી સામાન આપવામાં આવે છે. ત્રીજી યોજના 'નિરાધારનો આધાર'માં ગામમાં ધોરણ ૧ થી ૮માં અભ્યાસ કરતાં અને જેમના માતા-પિતા હયાત ન હોય તેવા બાળકોને વાર્ષિક રૂ. ૩,૦૦૦ ગ્રામ પંચાયત તરફથી અને રૂ.૨,૦૦૦ પૂર્વ સરપંચ દર્શનભાઈ પટેલ તરફથી એમ કુલ રૂ.૫,૦૦૦ની સહાય આપવામાં આવે છે.

ઉભેળ ગામને અત્યાર સુધી અનેક પ્રકારના ઍવૉર્ડ મળેલા છે, જેમાં વર્ષ ૨૦૦૬માં સમરસ ગામ પંચાયત, વર્ષ ૨૦૧૯માં શ્રેષ્ઠ ગ્રામપંચાયત, કોવિડમાં શ્રેષ્ઠ કામગીરી અને સ્વર્ણિમ પુરસ્કાર સહિતના પુરસ્કારનો સમાવેશ થાય છે. ગામના વિકાસમાં કેન્દ્ર અને રાજ્ય સરકારે રસ લીધો છે, જેને કારણે આજે આ નાનકડું ગામ ભારતના નકશામાં સ્માર્ટ વિલેજ તરીકે સ્થાન પામ્યું છે. ●







# આધુનિક ભારતના ગામડાંઓની બદલાતી તસવીર : નાર




હેતલ દવે

જ્યાં રૂપિયા એકાદ કરોડથી વધુના ખર્ચે નિર્માણ થયું છે બાલમંદિરનું આધુનિક ભવન... જ્યાં રૂપિયા ૪ કરોડથી વધુના ખર્ચે બનાવવામાં આવી છે સંપૂર્ણ વાતાનુકૂલિત વૃંદાવન વાડી... જ્યાં આવેલી છે, ત્રણ નૅશનલાઈઝ્ડ અને એક સહકારી બેંક તથા બે કો-ઑપરેટિવ સોસાયટીઓ... જ્યાંના લોકોને માત્ર ૩ રૂપિયામાં મળી રહ્યું છે ૨૦ લિટર ROનું શુદ્ધ પાણી...

કરોડો રૂપિયાના ખર્ચે લોકસુખાકારી અર્થે ઊભી કરવામાં આવેલી ઉપરોક્ત માળખાકીય સુવિધાની વિગતો વાંચતાં જ આપણાં મનોચક્ષુ સમક્ષ ૨૧મી સદીના કોઈ આધુનિક શહેરનું દૃશ્ય ખડું થાય તે સ્વાભાવિક છે. પરંતુ ના, આ કોઈ આધુનિક શહેરની વાત નથી. આ વાત છે, આજના વિકસિત ભારત રાષ્ટ્રના ગૌરવવંતા ગુજરાતના આધુનિકતા સાથે કદમ મિલાવતા અને ગાંધીજીની પરિકલ્પનાને સાકાર કરતા આણંદ જિલ્લાના નાર ગામની.

મુખ્યમંત્રીશ્રીના દિશાદર્શનમાં તૈયાર થયેલી સ્માર્ટ વિલેજ યોજનામાં ગુજરાતનાં અન્ય ગામોની સાથે આણંદ જિલ્લાના આ નાર ગામની પસંદગી કરવામાં આવી છે. આણંદ જિલ્લાના વાસદ - તારાપુર હાઈવેથી માત્ર બે કિલોમિટરના અંતરે આવેલા આ આધુનિક ગામમાં દાખલ થતાં જ સ્વચ્છતાની સાથે પાકા રસ્તાથી જોડાયેલા તેના વિસ્તારો સવિશેષ ધ્યાન ખેંચે છે. અંદાજે ૬ હજારની વસ્તી ધરાવતા નાર ગામની છેલ્લા બે દાયકાની વિકાસયાત્રાને વર્ણવતાં ગામના તલાટી મેહુલભાઈ વાઘેલા કહે છે કે, આ ગામમાં છેલ્લા ૨૦ વર્ષોમાં સરકારની વિવિધ યોજનાઓ હેઠળ રૂ. ૮ કરોડથી વધુના ખર્ચે લોક સુખાકારીનાં કામો કરવામાં આવ્યાં છે.







નારના વિકાસની વાત કરીએ તો આ ગામના તમામ વિસ્તારો સી.સી. રોડ તેમજ પેવર બ્લોકથી જોડાયેલા છે. ગામની સફાઈ અને પીવાના પાણીના કાર્યને પ્રાથમિકતા આપી દરરોજ રાત્રે નિયમિત ગામની સફાઈ કરવાની સાથે લોકોના ઘરના કચરાનું પણ ડોર ટુ ડોર કલેક્શન કરી નિયત ડમ્પ સાઈટ ઉપર તેનો નિકાલ કરવામાં આવે છે. ગામની સ્વચ્છતાને ધ્યાને લઈ આ ગામને ૨૦૦૮ના વર્ષમાં નિર્મળ ગ્રામ પુરસ્કાર પણ મળ્યો છે.

નારમાં શૈક્ષણિક સુવિધાઓ પણ ખૂબ સારી ઉપલબ્ધ બની છે. ગામમાં ત્રણ સરકારી પ્રાથમિક શાળા ઉપરાંત બે ખાનગી શાળાઓ પણ આવેલી છે. આ ઉપરાંત એક સરકારી માધ્યમિક શાળા અને વિજ્ઞાન પ્રવાહની ઉચ્ચતર માધ્યમિક શાળા પણ આવેલી છે. ગામમાં જ ધોરણ ૧૨ સાયન્સ સુધીની શિક્ષણ સુવિધા ઉપલબ્ધ બનતા હવે આ ગામના દીકરા - દીકરીઓને બહાર ભણવા માટે જવું નથી પડતું.

આમ જોવા જઈએ તો, નાર ગામની 'વિલેજ' માંથી 'સ્માર્ટ વિલેજ' બનવા સુધીની સફરમાં સરકારની સાથે દાતાઓ અને સંસ્થાનો ફાળો જેટલો મહત્ત્વપૂર્ણ રહ્યો છે, તેટલો જ મહત્ત્વપૂર્ણ ફાળો ગ્રામજનોનો પણ રહ્યો છે. નાર ગ્રામ પંચાયતના ઇ-ગ્રામ સેન્ટરના માધ્યમથી ગ્રામજનોને તમામ પ્રકારની સુવિધાઓની સાથે ગ્રામ પંચાયત દ્વારા લોકોનાં કામ સમયસર થાય તે દિશામાં કાર્ય કરવામાં આવી રહ્યું છે, જેનાથી ગ્રામજનોને સંતોષ છે. જેના કારણે ગ્રામજનો પણ સમયસર વેરા ભરી ગામના વિકાસમાં સહભાગી બની રહ્યા છે. આજ છે, આધુનિક ભારતનાં ગામડાઓની બદલાતી તસવીર. ●

# વિશ્વ પ્રસિદ્ધ અડાલજ ગામને મળી નવી 'સ્માર્ટ' ઓળખ




**પરિમલ પટેલ**

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતનાં ગામોને શહેરો સમકક્ષ, સ્માર્ટ અને સસ્ટેઇનેબલ અને સુવિધાયુક્ત બનાવવાની નેમ સાથે રૂર્બન- 'આત્મા ગામનો, સુવિધા શહેર'ની તેવો ઉમદા વિચાર આપેલો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ વિચારધારાને આગળ ધપાવતાં સ્માર્ટ વિલેજ પ્રોત્સાહક યોજનાને વધુ વ્યાપક સ્વરૂપે વિસ્તારી છે.

મુખ્યમંત્રીશ્રીના દિશાદર્શનમાં તૈયાર થયેલી સ્માર્ટ વિલેજ યોજનામાં આવા સ્માર્ટ વિલેજની પસંદગી માટેનાં જે ધોરણો નિર્ધારિત કરાયાં છે, તેમાં ગામમાં અદ્યતન ટેક્નોલોજિનો વિનિયોગ, ગ્રામીણ જીવનશૈલીને જાળવી રાખીને ગ્રામજનોના ક્વૉલિટી ઓફ લાઇફમાં સુધારો કરવા તેમજ ગામના આર્થિક, સામાજિક અને પર્યાવરણીય







મૂલ્યના સંવર્ધન સાથે માળખાકીય સુવિધા ઉપલબ્ધ કરાવવાનો ઉમદા ભાવ રાખવામાં આવ્યો છે. તાજેતરમાં જ ગાંધીનગર જિલ્લાના અડાલજ અને કલોલ તાલુકાના રામનગર ગામની 'સ્માર્ટ વિલેજ' તરીકે પસંદગી કરવામાં આવી છે. અમદાવાદ-ગાંધીનગરના મુખ્ય ધોરીમાર્ગ પર આવેલું અડાલજ ગામ સર્વ સુવિધાઓથી સજ્જ છે.

ગામમાં મહેસૂલી તથા પંચાયતના વેરાની છેલ્લા મહિનામાં ૮૨ ટકા વસૂલાત કરવામાં આવી છે. તેની સાથે ગામની સુરક્ષા માટે ગામમાં સી.સી.ટી.વી. કૅમેરા પણ લગાવવામાં આવ્યા છે. ગ્રામ પંચાયતના કર્મયાગીઓની હાજરી બાયોમેટ્રિક ફેસ આઇ.ડી.થી પૂરવામાં આવે છે. તેની સાથે તમામ ગ્રામ પંચાયતના કર્મયોગીઓ અને સફાઈ કામદારોને યુનિફોર્મ આપવામાં આવ્યા છે. ગામમાં અગત્યની જાહેરાત કરવા માટે પી.એ.સિસ્ટિમની પણ સુવિધા છે. તેની સાથે ગ્રામજનોને ૭/૧૨, ૮/અ, હક્કપત્રકો ગ્રામ પંચાયત ઑફિસમાં સરળતાથી મળી રહે છે. તેની સાથે ગ્રામ પંચાયતનું પોર્ટલ બનાવવામાં આવ્યું છે.

આ ગામમાં ગટરલાઈન, નળ કનેકશન, બાળકોનું નામાંકન અને રસીકરણનું ૧૦૦ ટકા કામ થયેલું છે. તેની સાથે ગામને નિરોગી રાખવા માટે નિયમિત રીતે ડોર ટુ ડોર કચરાનું કલેકશન કરવામાં આવે છે. ગામમાં નર્મદાનું પાણી આવે છે. જેનું પાઈપલાઇનથી વિતરણ કરવામાં આવે છે. સરકારની યોજનાના લાભથી કોઈ વંચિત ન રહી જાય તે માટે પણ સુચારુ આયોજન કરવામાં આવ્યું છે.

ગામના સરપંચશ્રીએ અડાલજની સ્માર્ટ વિલેજ તરીકે પસંદગી થવાનો આનંદ વ્યક્ત કરીને જણાવ્યું હતું કે, સ્માર્ટ વિલેજ અંતર્ગત મળેલા ૫ લાખ રૂપિયાના પુરસ્કારને ગામનાં વિકાસ કામો માટે વાપરવામાં આવશે. તેઓએ જણાવ્યું હતું કે, સ્માર્ટ વિલેજ પુરસ્કારમાં મળેલા ૫ લાખથી ગામમાં નવી સ્ટ્રીટલાઇટ તેમજ અન્ય વિકાસકામોમાં વાપરવાનું આયોજન છે. ●



## સુજલામ્ સુફલામ જળસંચય અભિયાનનું છઠ્ઠું ચરણ સંપન્ન

# જળસંચય અભિયાનના છઠ્ઠા ચરણમાં ૨૩ હજારથી વધુ કામો પૂર્ણ થયાં





ગુજરાતને જળસમૃદ્ધ બનાવવા સાથે ખેડૂતોને સમૃદ્ધ કરવાની દિશામાં સરકારે આદરેલું જળસંચય અભિયાન દૂરંદેશીભર્યું ભરેલું પગલું સાબિત થયું છે. રાજ્ય સરકારે આદરેલા આ અભિયાનમાં વ્યાપક જનસહયોગ સાંપડ્યો હોવાથી તેનું છઠ્ઠું ચરણ પણ સફળતામાં પરિણમ્યું છે.

રાજ્યમાં સુજલામ્ સુફલામ્ જળસંચય અભિયાનનું છઠ્ઠું ચરણ તાજેતરમાં પૂર્ણ થયું છે. આ અભિયાનમાં કુલ ૨૪,૧૫૩ કામોનું આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં ૧૦૪ દિવસના અંતે તા. ૩૧મી મે સુધીમાં ૨૩,૮૬૦ કાર્યો પૂર્ણ થયા છે. ૧૦૪ દિવસના આ મહાઅભિયાન કુલ ૧૨,૭૦,૦૦૦ જેટલા માનવદિનની રોજગારી મળી છે. રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારના સહયોગથી જળ સંચયનાં કામોમાં સફળતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ગુજરાતને હરિયાળો પ્રદેશ બનાવવાની મૃદુ છતાં મક્કમ નિર્ણાયકતા તથા પ્રતિબદ્ધતા દર્શાવે છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટ બેઠક બાદ મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં ગાંધીનગરથી શરૂ થયેલા જળસંચય અભિયાન હેઠળ રાજ્ય સરકાર અને સેવાકીય સંસ્થાઓની સહભાગિતા હેઠળની ચેકડેમ રિપેરિંગ ૮૦:૨૦ની યોજના હેઠળ કુલ ૧૬૧ ચેકડેમનાં કામો પ્રગતિ હેઠળ છે જે પણ ટૂંક સમયમાં પૂર્ણ થશે તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

તેમણે વધુમાં કહ્યું હતું કે, ૩૧-૫-૨૦૨૩ પછી નવા કોઈ પણ ચેકડેમ રિપેરિંગનાં કામો શરૂ કરવામાં આવશે નહીં. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજ્યના નર્મદા યોજના સિવાયના મહત્ત્વના ૨૦૬ જળાશયોમાં તા. ૨૬-૫-૨૦૨૩ સુધીમાં આશરે ૨ લાખ મિલિયન ઘનફૂટ ઉપરાંત જથ્થો સંગ્રહિત થયો છે. જે પૈકી પીવાના પાણીનો વપરાશ ધરાવતાં ૭૩ જળાશયોમાં ૩૧મી મે સુધીમાં ૧૦,૫૦૦ મિલિયન ઘનફૂટ પાણીનો જથ્થો આરક્ષિત રાખ્યા બાદ જળાશયનું વધારાનું પાણી ખેડૂતોની માંગણી આધારિત પ્રિ-ખરીફ સિંચાઇ માટે આપવામાં આવશે.

અત્રે નોંધનીય છે કે, અગાઉના પાંચ તબક્કામાં રાજયભરમાં જળસંગ્રહ માટેનાં ૭૪,૫૧૦ કામો પૂર્ણ થયાં છે. જેનાથી જળ સંગ્રહ ક્ષમતામાં ૮૬,૧૯૯ લાખ ઘનફૂટ વધારો થયો હતો અને રાજ્યના ૩૩ જિલ્લાઓમાં ૨૬,૯૮૧ તળાવો ઊંડાં કરવામાં આવ્યાં હતાં.

મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકારના મહત્ત્વાકાંક્ષી અભિયાનને સ્થાનિક સ્તરે નાગરિકોનો પણ ખૂબ સહયોગ મળ્યો છે. જનભાગીદારી દ્વારા હાથ ધરાયેલા આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ જળસંચયનો વ્યાપ વધારવો, ભૂગર્ભ જળસ્તર ઊંચા લાવવા, સિંચાઈ વ્યવસ્થા વધુ સુદ્રઢ કરવી, ખેત ઉત્પાદનમાં વધારો કરવો, પાણીનો બગાડ ઘટાડવો તથા પર્યાવરણમાં સુધારો લાવવાનો રહ્યો છે એમાં પણ સૌ લોકોએ સહયોગ આપ્યો છે, જેના પરિણામે આ અપ્રતિમ સફળતા મળી છે. ●

### જળસંચય અભિયાનથી લાભ

- *ખોદકામ તથા ડીસિલ્ટિંગની કામગીરીથી નીકળનાર માટી/કાંપનો ઉપયોગ ખેડૂતોના ખેતરોમાં થવાથી જમીન ફળદ્રુપ બની.*
- *પાણીના સંગ્રહમાં વધારો થવાથી ભૂગર્ભજળ સ્તર ઊંચાં આવ્યાં.*
- *સ્થાનિક કક્ષાએ ઘરગથ્થુ વપરાશ, ઢોર-ઢાંખરને પીવાના પાણીની સમસ્યાઓ હલ થઈ.*
- *સિંચાઇ વ્યવસ્થા સુદ્રઢ બની, જેથી વધુને વધુ જમીન સિંચાઈ હેઠળ આવરી લેવાય.*
- *સિંચાઇ વ્યવસ્થા સુદ્રઢ બનતા ખેતપેદાશ વધુ થવાના કારણે ખેડૂતો સમૃદ્ધ બન્યા.*
- *જળસંચયના પરિણામે પર્યાવરણમાં સુધારો થયો છે.*
- *જનભાગીદારીથી આ અભિયાન ચાલતું હોવાથી પાણીનો બગાડ ઘટ્યો.*

## અંબાજીમાં 'વન કવચ'નું લોકાર્પણ

# વિશ્વ પર્યાવરણ દિવસે વૃક્ષાચ્છાદિત વિસ્તાર વધારવાનો સંકલ્પ




વિશ્વ આબોહવા પરિવર્તનનાં ગંભીર પરિણામોનો સામનો કરી રહ્યું છે ત્યારે સમગ્ર દેશમાં ગુજરાતે ક્લાઈમેટ ચેન્જ વિભાગ શરૂ કરીને પર્યાવરણના પડકારો માટે મક્કમ કામગીરી કરી છે. તાજેતરમાં આદ્યશક્તિના ધામ અંબાજીમાં વિશ્વ પર્યાવરણ દિવસની રાજ્ય કક્ષાની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સહભાગી થતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગ્રીન અંબાજી પ્રોજેક્ટ અન્વયે ગબ્બર પર્વત નજીક મીયાવાકી પદ્ધતિથી તૈયાર કરાયેલા ૧૦ હજાર રોપાઓના વન કવચનું લોકાર્પણ કર્યું હતું. તેમણે ગુજરાતમાં ગ્રીન કવરની વૃદ્ધિ સાથે વૃક્ષાચ્છાદિત વિસ્તારમાં વધારો કરવા સમગ્ર રાજ્યમાં ૮૨ સ્થળોએ ૧૦૦ હેક્ટરમાં ૧૦ લાખ વૃક્ષોના આવા વન કવચની નેમ દર્શાવી હતી.

પર્યાવરણપ્રિય જીવનશૈલી અપનાવી વૃક્ષોના જતન-સંવર્ધનથી ગ્રીન કવર વધારવાનું આહ્વાન કરી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ક્લાઈમેટ ચેન્જ અને ગ્લોબલ વોર્મિંગના પડકારો સામે પર્યાવરણ જતનની લડાઇ લડીને ભાવિ પેઢીને સ્વસ્થ ભવિષ્ય આપવાનો સંકલ્પ કરવા અનુરોધ કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ અંબાજી તથા તેની આસપાસના ડુંગરાળ વિસ્તારોમાં ડ્રોન ટેક્નોલોજીની મદદથી સીડ બૉલ અને સીડ વાવેતરનો પ્રારંભ કરાવ્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ બનાસકાંઠાને પાણીદાર બનાવવાની નેમ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, આ જિલ્લાને હરિયાળો બનાવવામાં કશું બાકી ન રહી જાય એ ગુજરાત સરકારની જવાબદારી છે.

મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યુ હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજ્યમાં સાંસ્કૃતિક વનોના નિર્માણનો પ્રારંભ અંબાજીમાં માંગલ્યવનથી કરાવ્યો હતો. હાલ આવાં ૨૨ વન રાજ્યભરમાં છે અને અમદાવાદ જેવા શહેરી વિસ્તારોમાં મોટાપાયે વૃક્ષો વાવીને ઑક્સિજન પાર્ક ઊભા કરવામાં આવી રહ્યા છે.

દરિયાઇ ખારાશ વધતી અટકાવવા વડાપ્રધાનશ્રીના દૃષ્ટિવંત નેતૃત્વમાં 'મિષ્ટી' પ્રોજેક્ટ અન્વયે ગુજરાતમાં ૧૧ જિલ્લામાં ૨૫ સ્થળો સહિત દેશભરમાં ૭૫ સ્થળોએ મેંગ્રોવ(ચેર)ના વાવેતર માટે આ વર્ષના પર્યાવરણ દિવસથી લોકજાગૃતિ જગાવવામાં આવી રહી છે તેની પણ માહિતી મુખ્યમંત્રીશ્રીએ આપી હતી.

મુખ્યમંત્રીશ્રીએ વન વિભાગ દ્વારા લોકોને વાવેતર માટે રોપાઓ નજીકના સ્થળેથી મળી રહે તે માટે QR કોડ પણ લોન્ચ કર્યો હતો. મુખ્યમંત્રીશ્રીના હસ્તે અમીરગઢ ખાતે પવિત્ર ઉપવનનું લોકાર્પણ, આંતરોલી-થરાદ ખાતે પંચવટી વિકાસ કેન્દ્રનું લોકાર્પણ, વૉટ્સએપ દ્વારા ઉદ્યોગોને CTE/CCAના ઓનલાઈન હુકમો આપવાની શરૂઆત કરવામાં આવી હતી.

**રાજ્યમાં વૃક્ષાચ્છાદિત વિસ્તાર વધારવાના સંકલ્પ સાથે ૧૦ હજાર રોપાથી નિર્મિત 'વન કવચ'ને મુખ્યમંત્રીશ્રીએ ખુલ્લું મૂક્યું**

**રાજ્યભરમાં ૮૨ સ્થળે ૧૦૦ હેક્ટરમાં ૧૦ લાખ વૃક્ષોના 'વન કવચ' નિર્માણની નેમ**

આ પ્રસંગે GPCB દ્વારા જાપાનીઝ ભાષામાં પર્યાવરણીય કાયદાઓ અંતર્ગત મંજૂરીઓ માટે માહિતી આપતા પુસ્તકની ચોથી આવૃત્તિનું વિમોચન, પર્યાવરણીય ઓડિટિંગ, મોનિટરિંગ અને ટૅક્નોલોજિ પર પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા કોર્સ માટે ચારૂસેટ યુનિવર્સિટી સાથે MOU અને "આઝાદી કા અમૃત મહોત્સવ"ની ઉજવણી દરમિયાન પ્રદૂષણમુક્ત ગામ માટે શ્રેષ્ઠ કામગીરી કરનાર સરપંચશ્રીઓનું પ્રશસ્તિપત્ર આપી સન્માન કરાયું હતું. વર્ષ-૨૦૨૧માં ટીમરુ પાનની હરાજીથી ઉપજેલા નફાની વહેંચણી DBT મારફત લાભાર્થીઓને કરવામાં આવી હતી.

બજેટમાં પર્યાવરણને પ્રાધાન્ય અંગે મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, રાજ્ય સરકારે આ વર્ષે પાંચ સ્થંભ આધારિત વિકાસ બજેટમાં ગ્રીન ગ્રોથનો સમાવેશ કર્યો છે. કાર્બન ડાયોક્સાઇડ ઉત્સર્જનમાં ઘટાડો, સૌર ઊર્જા ઉત્પાદન અને ઉપયોગને વેગ આપવો જેવા નવતર આયામો વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં અપનાવાઈ રહ્યા છે.

આ પ્રસંગે સાંસદ સર્વશ્રી પરબતભાઈ

પટેલ, દિનેશભાઈ અનાવાડિયા, ધારાસભ્ય સર્વશ્રી કેશાજી ચૌહાણ, અનિકેતભાઈ ઠાકર, પ્રવીણભાઈ માળી, માવજીભાઈ દેસાઈ, પૂર્વ કેન્દ્રીય મંત્રી શ્રી હરિભાઈ ચૌધરી તથા પદાધિકારીશ્રીઓ તથા નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.


**દેવભૂમિ દ્વારકાના** નરારા ખાતે ચેરનાં વૃક્ષોનું વાવેતર કરી જિલ્લા કક્ષાના વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી વન અને પર્યાવરણ, ક્લાઈમેટ ચેન્જ મંત્રી શ્રી મૂળુભાઈ બેરાના અધ્યક્ષસ્થાને કરવામાં આવી હતી. આ તકે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી દ્વારા અમૃત ધરોહર અને મિષ્ટી પ્રોજેક્ટની શરૂઆત કરાઈ છે. 'મિષ્ટી પ્રોજેક્ટ' અંતર્ગત રાજ્યનાં ૨૫ સ્થળે ચેરનું વાવેતર કરાયું છે. ચેરનાં વૃક્ષ ક્ષારયુક્ત પવનોને અટકાવે છે અને સાથે સાથે વાવાઝોડા, ત્સુનામીની સામે પણ રક્ષણ આપે છે. આ ઉપરાંત આ વખતના વિશ્વ પર્યાવરણ દિવસની થીમ "બીટ પ્લાસ્ટિક પોલ્યુશન" અન્વયે પર્યાવરણને બચાવવા માટે પ્લાસ્ટિકને જાકારો આપવા મંત્રીશ્રીએ અપીલ કરી હતી. આ તકે સાંસદ શ્રી પૂનમબહેન માડમ સહિત વન વિભાગના અધિકારી, કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

**વલસાડ** જિલ્લામાં વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે ગુજરાતના નાણા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈની અધ્યક્ષતામાં ઉમરગામના મરોલીમાં મેંગ્રોવ(ચેર)નું વાવેતર કરી 'મિષ્ટી (Mangrove Initiative for Shoreline Habitats and Tangible) પ્રોજેક્ટ'ની શરૂઆત કરાઈ હતી.

ગુજરાત પવન ઊર્જા અને સોલાર ઊર્જા ક્ષેત્રે દેશમાં નં-૧ છે અને એના કારણે ઘણું પરિવર્તન પણ આવ્યું છે એમ જણાવતાં મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, હાલના તબક્કે ઋતુ પરિવર્તન મોટી સમસ્યા છે. દરિયાઈ ધોવાણથી જીવસૃષ્ટિને વ્યાપક નુકસાન પહોંચી રહ્યું હોવાથી 'મિષ્ટી પ્રોજેક્ટ' ની પહેલ વડાપ્રધાનશ્રીએ કરી છે. જેમાં ચેર(મેંગ્રોવ)ના વાવેતર અને જતનથી દરિયાઇ વિસ્તારોમાં પર્યાવરણની જાળવણી સાથે જમીનનું ધોવાણ અટકશે, જળચર જીવોને આશ્રયસ્થાન મળવાથી ઈકોલોજિકલ સિસ્ટિમની જાળવણી થશે.

વલસાડ જિલ્લાના ૩,૦૩૫ ચો.કિ.મી. ભૌગોલિક વિસ્તાર પૈકી વધુ વૃક્ષોનું વાવેતર થવાથી જંગલ વિસ્તાર વધીને ૯૩૭.૫૨ ચો.કિ.મી.(કુલ વિસ્તારના ૩૦.૯ ટકા) વન વિસ્તાર બન્યો છે. આ અવસરે જિલ્લામાંથી પર્યાવરણ ક્ષેત્રે કરેલી ઉત્કૃષ્ટ કામગીરી માટે મંત્રીશ્રી અને મહાનુભાવોના હસ્તે પ્રમાણપત્રો પણ એનાયત કરાયાં હતાં. આ પ્રસંગે ધારાસભ્ય સર્વશ્રી રમણલાલ પાટકર, જીતુભાઈ ચૌધરી સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

**આણંદ**ના વડગામમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિ અને આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલના અધ્યક્ષસ્થાને 'MISHTI' અંતર્ગત મેંગ્રોવના વાવેતરનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં આરોગ્ય મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, દરિયાની ખારાશથી દરિયાકાંઠાની સારી જમીનને નુકસાન ન થાય તે માટે ભારતના ઇતિહાસમાં સૌપ્રથમ વાર વર્ષ ૨૦૨૩-૨૪ ના બજેટમાં મેંગ્રોવના વાવેતર માટે ખાસ બજેટની ફાળવણી કરવામાં આવી છે. માનવજીવન બચાવવા માટે પર્યાવરણની જાળવણી કરવી ખૂબ જરૂરી બની છે તેવા સમયે વૃક્ષારોપણને












સામાજિક ઝુંબેશ બનાવવી પડશે.

આ તકે મંત્રીશ્રી અને ઉપસ્થિત મહાનુભાવોએ દરિયાકાંઠાના વિસ્તારમાં મેંગ્રોવના રોપાઓનું વાવેતર કર્યું હતું. આ પ્રસંગે ધારાસભ્ય શ્રી ચિરાગભાઈ પટેલ તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

**મહેસાણા**ના વડનગરમાં વિશ્વ પર્યાવરણ દિવસે ઉદ્યોગ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે,પર્યાવરણની જાળવણી એ સૌની ફરજ છે. કોવિડની સ્થિતિમાં ઑક્સિજનની કિંમત સૌને સમજાઈ છે. આગામી પેઢીને સારું ભવિષ્ય આપવા માટે આપણે સૌએ સાથે મળીને વૃક્ષારોપણ કરી તેની સાચવણીની જવાબદારી વહન કરવી જોઈએ. ઉદ્યોગમંત્રીશ્રીએ પ્લાસ્ટિક મુક્ત ભારત માટેના અભિયાનમાં સૌના સાથ

## અમદાવાદને ઑક્સિજન પાર્કની ભેટ

'ગ્રીન અમદાવાદ, ક્લીન અમદાવાદ' અભિયાનને આગળ વધારવાના ભાગરૂપે તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે શહેરીજનોને વધુ એક ઑક્સિજન પાર્કની ભેટ આપી હતી. તાજેતરમાં વિશ્વ પર્યાવરણ દિન' નિમિત્તે આ પાર્કમાં ૭૫૦૦ જેટલાં વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું.

અમદાવાદના ત્રાગડમાં ઑક્સિજન પાર્કમાં વૃક્ષારોપણ કરી નિર્માણ કાર્યનો પ્રારંભ કરાવતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, આ ઑક્સિજન પાર્ક વિશાળ વિસ્તારમાં આકાર પામવા જઈ રહ્યો છે. જેમાં ૭૫ હજાર વૃક્ષોનું વૃક્ષારોપણ કરવામાં આવશે. બીજી એક વિશેષતાની વાત કરવામાં આવે તો 'મિયાવાકી' પદ્ધતિથી વૃક્ષારોપણ હાથ ધરવામાં આવ્યું છે.



અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આકાર પામનાર આ ઑક્સિજન પાર્કમાં મુલાકાતીઓ માટે વિવિધ પ્રકલ્પો બનાવવામાં આવશે. આ પ્રસંગે મ્યુનિસિપલ કમિશનર શ્રી એમ. થેન્નારસન, સર્વે ધારાસભ્યશ્રીઓ, કોર્પોરેટરશ્રીઓ તથા કોર્પોરેશનના અધિકારીઓ અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●






અને સહકારની જરૂર છે તેમ જણાવી પ્લાસ્ટિકનો નહીંવત્ ઉપયોગ કરવા ખાસ અપીલ કરી હતી.

વિશ્વ પર્યાવરણ દિવસ અંતર્ગત વડનગરમાં મેડિકલ કૉલેજ કેમ્પસમાં ૨૦૦ રોપાઓનું વાવેતર તેમજ મહેસાણા જિલ્લાની ૯ શાળાઓમાં આશરે ૧,૦૦૦ જેટલા રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું હતું. રાજ્યમાં મહેસાણા જિલ્લાની નર્સરીઓમાં ઉપલબ્ધ વિવિધ જાતિના રોપાની ઓળખ માટે બનાવવામાં આવેલ QR CODEને ઉદ્યોગમંત્રીશ્રીએ ખુલ્લો મૂક્યો હતો. મહેસાણા જિલ્લામાં લીંચ, ખેરવા અને તિર્થંકર વન મુકામે વન કવચ અંતર્ગત ૧.૩૦ હેક્ટર વિસ્તારમાં ૧૩,૦૦૦ રોપાઓના વાવેતર સાથે નિર્માણ કરાશે. આ પ્રસંગે ધારાસભ્ય સર્વશ્રી કરશનભાઈ સોલંકી, સરદારભાઈ ચૌધરી, સુખાજી ઠાકોર, મુકેશભાઇ પટેલ તથા પ્રકૃતિપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**બોટાદ**માં પાણી પુરવઠા મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયાની અધ્યક્ષતામાં Beat Plastic Pollution થીમ સાથે જિલ્લાકક્ષાનો “વિશ્વ પર્યાવરણ દિવસ તેમજ મિશન લાઇફની સામૂહિક ગતિશીલતાની” ઉજવણીનો કાર્યક્રમ યોજાયો હતો. મંત્રીશ્રીએ બોટાદ જિલ્લા પંચાયત સ્થિત અંદાજે રૂ.૨૦.૮૯ લાખના ખર્ચે તૈયાર થયેલા ૫૦ KWP રૂફ ટોપ સોલાર પ્રોજેક્ટ અને રૂ.૧.૪૨ કરોડના ખર્ચે તૈયાર કરાયેલા સ્વિમિંગ પુલની ઇ-તકતીનું અનાવરણ કર્યું હતું.

પર્યાવરણ દિવસ નિમિત્તે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી દ્વારા 'મિશન લાઇફ'ની શરૂઆત કરાઇ હતી. સરકારી પડતર જમીન, રોડ સાઇડ તેમજ ખેડૂતના શેઢે પાળે વૃક્ષો વાવી ગ્રીન ગુજરાતની સંકલ્પનાને પરિપૂર્ણ કરી શકાય. બોટાદ શહેરી વિસ્તારમાં બોટાદ નગરપાલિકા અને અન્ય સંસ્થાઓના સહયોગ થકી નદી સફાઈ, વૃક્ષારોપણની સાથોસાથ પ્લાસ્ટિકને એકઠું કરીને તેને રિ-યુઝ, રિ-રિસાઇક્લિંગ કરીને ભાવિ પેઢી માટે સ્વસ્થ પ્રાકૃતિક વારસાનું નિર્માણ કરવા મંત્રીશ્રીએ આહ્વાન કર્યું હતું.

વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીના ભાગરૂપે **સુરત**ના ઓલપાડ તાલુકાના દાંડી ગામે ગૃહ રાજયમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ મેંગ્રોવ(ચેર)નું વાવેતર કર્યું હતું. દાંડીના હનુમાન મંદિર ખાતે આયોજિત કાર્યક્રમમાં મંત્રીશ્રી સંઘવીએ જણાવ્યું હતું કે, પર્યાવરણના જતનમાં મેંગ્રોવ(ચેર)ની મહત્ત્વપૂર્ણ ભૂમિકા રહેલી છે. દરિયાકાંઠાનું ધોવાણ અટકાવવા માટે મેંગ્રોવએ કલ્પવૃક્ષ છે. ચેરના વાવેતરથી દરિયાઇ જીવોને ખોરાક મળી રહે છે. બે હેક્ટરમાં મેંગ્રોવના વાવેતરની શરૂઆત કરાઇ છે. આગામી એક વર્ષમાં સુરત વન વિભાગ દ્વારા ૨૦૦ હેક્ટરમાં મેંગ્રોવનાં વૃક્ષોનું વાવેતર કરીને દરિયાકાંઠાના વિસ્તારોને નવપલ્લવિત કરાશે.

આ પ્રસંગે વાંસ સુધારણા યોજના હેઠળ વાંસના ઉત્પાદનમાંથી સાત ગામની વનસમિતિઓને રૂ.૨૫.૭૪ લાખના ચેકોનું મંત્રીશ્રીના હસ્તે વિતરણ કરાયું હતું. આ પ્રસંગે ધારાસભ્ય શ્રી સંદીપભાઈ દેસાઈ, કલેક્ટર શ્રી બી. કે. વસાવા તથા વનવિભાગના અધિકારીશ્રીઓ, ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

**અમદાવાદ**ના ધોલેરા તાલુકાના કાદીપુર-ખુણ ગામે સહકાર રાજય મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માની ઉપસ્થિતિમાં પર્યાવરણ દિવસની જિલ્લા કક્ષાની ઉજવણી કરવામાં આવી હતી. ‘મિષ્ટી’ પ્રોજેક્ટ અંતર્ગત









મંત્રીશ્રીએ ચેરનું વાવેતર પણ કર્યું હતું.

મંત્રીશ્રીએ અમદાવાદ જિલ્લાના વન વિભાગને અભિનંદન પાઠવતાં કહ્યું હતું કે, વન વિભાગના માર્ગદર્શન અંતર્ગત ધોલેરા તાલુકામાં ચેરનું વાવેતર ખૂબ સારા એવા પ્રમાણમાં થયું છે. ધોલેરા તાલુકામાં ૧૨ હજાર હેક્ટરમાંથી અત્યાર સુધીમાં ૭ હજાર હેક્ટરમાં ચેરનું વાવેતર પૂર્ણ થઈ ચૂક્યું છે અને આવનારા સમયમાં 'મિષ્ટી' પ્રોજેક્ટ અંતર્ગત પાંચ હજાર હેક્ટરમાં ચેરનું વાવેતર કરી દેવામાં આવશે. આ અવસરે ધંધુકાના ધારાસભ્ય શ્રી કાળુભાઈ ડાભી, વન વિભાગના અધિકારી અને પદાધિકારીઓ તેમજ ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

**પંચમહાલ**ના પાવાગઢમાં કૃષિ રાજ્ય મંત્રી શ્રી બચુભાઈ ખાબડની અધ્યક્ષતામાં જિલ્લા કક્ષાના વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી કરાઈ હતી. આ પ્રસંગે મંત્રીશ્રીના હસ્તે પાવાગઢ તળેટીમાં વૃક્ષારોપણ કરાયું હતું.

આ તકે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં ધાર્મિક સ્થળો સહિત ૭૦થી પણ વધુ વનો તૈયાર કરીને પર્યાવરણના જતન તરફ સરકાર આગળ વધી રહી છે. વનનીતિ અનુસાર ગુજરાત ૩૩% વનવિસ્તાર તરફ આગળ વધી રહ્યું છે. મંત્રીશ્રીએ દરેક વ્યક્તિને પાંચ વૃક્ષો વાવવા અને તેનું સંવર્ધન કરવા હાકલ કરી હતી.

**ભરૂચ**ના હાંસોટ તાલુકાના વમલેશ્વર ખાતે વન અને પર્યાવરણ રાજ્ય મંત્રી શ્રી મુકેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી કરવામાં આવી હતી. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી દ્વારા શરૂ કરાયેલી "મિષ્ટી" યોજનાને આગળ ધપાવતાં રાજ્યમાં વાવેતર દ્વારા ચેરના જંગલોમાં ઉત્તરો-ઉત્તર વધારો જોવા મળ્યો છે. દક્ષિણ ગુજરાતમાં દરિયાઈ જંગલોમાં ૧૩૪ ચો.કિ.મિ.નો વધારો ૨૦૦૧થી ૨૦૨૧ સુધીમાં નોંધાયો છે. જેમાં ભરૂચના ૪૫ ચો.કિ.મિ.ના ચેરના જંગલોમાં વધારો થયો છે.

અન્ન અને નાગરિક પુરવઠા રાજ્ય મંત્રી શ્રી ભીખુસિંહજી પરમારની અધ્યક્ષતામાં બીટ પ્લાસ્ટિક પોલ્યુશન થીમ અંતર્ગત વિશ્વ પર્યાવરણ દિવસ તેમજ મિશન લાઈફ સામૂહિક ગતિશીલતા કાર્યક્રમ અંતર્ગત **ખેડા**ના ડાકોરમાં વૃક્ષારોપણ કરાયું હતું. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર ગ્રીન ગ્રોથ વિકાસના સંકલ્પને સિદ્ધ કરવા કટિબદ્ધ છે. તેમણે વાતાવરણના સંતુલનને જાળવવામાં વૃક્ષોના મહત્ત્વને સમજાવ્યું હતું. મંત્રીશ્રીએ ઉપસ્થિત સૌને ઓછામાં ઓછા એક વૃક્ષની વાવણી અને જાળવણી રાખવાની અપીલ કરી હતી. આ પ્રસંગે ધારાસભ્ય સર્વશ્રી અર્જૂનસિંહ ચૌહાણ, યોગેન્દ્રસિંહ પરમાર, સંજયસિંહ મહિડા સહિત વનવિભાગના અધિકારીશ્રીઓ તથા પર્યાવરણપ્રેમીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

**નવસારી**ના જલાલપોર તાલુકાના કનીયેટ ગામે જિલ્લાકક્ષાના વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી શ્રી કુંવરજીભાઈ હળપતિના અધ્યક્ષસ્થાને કરવામાં આવી હતી.

આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ચેર દુનિયાના સૌથી મહત્ત્વના કાર્બન સીંક પૈકીનું એક છે જે ગ્લોબલ વોર્મિંગ ઘટાડવામાં અગત્યનું પરિબળ છે. મંત્રીશ્રીએ સૌના સહિયારા સંકલ્પથી ગુજરાતને પ્રદૂષણમુક્ત ગુજરાત બનાવવાનું આહવાન પણ કર્યુ હતું. કાર્યક્રમ દરમિયાન મંત્રીશ્રી તથા મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યુ હતું તેમજ પર્યાવરણ બચાવ ઉપર દસ્તાવેજી ફિલ્મ રજૂ કરવામાં આવી હતી. ●

## પ્રાથમિક શાળાના આચાર્યનો અનોખો પ્રકૃતિ પ્રેમ ૮ હજાર વૃક્ષોને એકલપંડે ઉછેર્યાં

**પીનલ પટેલ**

સ્વસ્થ્ય સમાજનું નિર્માણ શિક્ષકો થકી થાય છે. આ શિક્ષકો બાળકોને માત્ર શિક્ષણ જ નહીં પરંતુ સંસ્કાર અને જીવન ઘડતરનું કામ પણ કરે છે. વાત કરવી છે સાબરકાંઠા જિલ્લાના વડાલી તાલુકાની સવાસલા પ્રાથમિક શાળાના આચાર્ય શ્રી સુરેશભાઈ વણકરની... કે જેઓ છેલ્લાં ૧૫ વર્ષથી એકપણ રજા પાડ્યા વગર પર્યાવરણની જાળવણીનું પણ કાર્ય કરી રહ્યા છે.

સાબરકાંઠા જિલ્લાના વડાલી તાલુકાની સવાસલા પ્રાથમિક શાળાના તાલુકા-જિલ્લાના કક્ષાના શ્રેષ્ઠ શિક્ષક તરીકે સન્માનિત, ગુણવત્તાસભર શિક્ષણ માટે પ્રખ્યાત



અને આચાર્ય તરીકે કાર્યરત શ્રી સુરેશભાઈ વણકર વૅકેશનમાં પણ છેલ્લાં ૧૫ વર્ષથી પર્યાવરણની જાળવણીમાં જોતરાયેલા છે.

શ્રી સુરેશભાઇ વર્ષ ૨૦૦૧થી સવાસલા પ્રાથમિક શાળામાં ફરજ બજાવે છે. બાળકોને પર્યાવરણના પાઠ ભણાવવા અને પ્રકૃતિની જાળવણી થાય તે માટે તેઓએ વૃક્ષારોપણને જીવનમંત્ર બનાવ્યો છે. આજદિન સુધીમાં ગામમાં ૮,૦૦૦થી વધુ વૃક્ષો, તાલુકાની ૧૫ જેટલી શાળાઓમાં બગીચા નિર્માણ, ઈડર ડાયેટ અને વડાલી મામલતદાર કચેરી ખાતે બગીચા તેમજ અનિયાદરા ખાતે ફોરેસ્ટ વિભાગના સહયોગથી નીલગિરિનું વાવેતર કરી જિલ્લાના સાચા 'ગ્રીનમેન' બન્યા છે.

વૃક્ષો વાવવા આસાન છે પરંતુ તેની માવજત કરવી મુશ્કેલ છે ત્યારે અવિરત ૧૫ વર્ષ સુધી વિવિધ વૃક્ષોની માવજત કરવી એ સહેલું કાર્ય નથી. શાળામાં વાવેલ મહેંદીનું જાતે જ કટિંગ કરી વિવિધ ડિઝાઈન બનાવે છે. સ્વખર્ચે વૃક્ષો અને બગીચાનું રંગરોગાન પણ કરાવે છે. પ્રકૃતિ સાથે પક્ષીઓને આશ્રય સાથે ખોરાક મળે તે માટે તેઓ લીમડો, સરગવો, કાડિયો, ગુલમહોર, આસોપાલવ, લીંબુડી, બોરસલ્લી જેવાં વૃક્ષો વાવે છે.

તેમના જીવનમાંથી ઘણું શીખવા જેવું છે. તેઓ ૧૫ વર્ષથી બહાર ફરવા ગયા નથી. માદરે વતનમાં જવાનું થાય તો ગામના અન્ય વ્યક્તિને વૃક્ષોની જવાબદારી સોંપીને જાય છે. ગામમાં એક પણ છોડ કે વૃક્ષને આજદિન સુધી સુકાવાં દીધું નથી. આ ઉપરાંત, ફૂલછોડ કે વૃક્ષોને ઉધઈ લાગે તો જાતે જ દવાનો છંટકાવ કરીને તેને જીવંત રાખવાનું કાર્ય કરે છે. ●

## પ્લાસ્ટિકના કચરાથી થતા પ્રદૂષણને રોકવા માટે બે સ્તંભોની વ્યૂહરચના

**ધ્રુવી ત્રિવેદી**

સમગ્ર વિશ્વમાં પ્રતિવર્ષ ૫મી જૂનના રોજ 'વિશ્વ પર્યાવરણ દિન' તરીકે ઉજવણી કરવામાં આવે છે. ઈ.સ. ૧૯૭૨માં સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભા દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીની શરૂઆત કરવામાં આવી હતી. આ વર્ષે વિશ્વ પર્યાવરણ દિવસની ૫૦ મી વર્ષગાંઠ ઉજવાઈ છે. આ વર્ષે વિશ્વ કક્ષાની વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીની યજમાની નેધરલેન્ડ્સની સહભાગિતામાં પશ્ચિમ આફ્રિકામાં આવેલો કોટ ડી'આવિયર (COTED'IVOIRE) દેશ કરી છે. પર્યાવરણના જતન અને સંરક્ષણ માટે સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા #BEATPLASTICPOLLUTION (પ્લાસ્ટિક પ્રદૂષણને હરાવો) થીમ હેઠળ સમગ્ર વિશ્વમાં પ્લાસ્ટિક પ્રદૂષણના નિકાલ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.

વર્ષ ૨૦૨૧માં યુ.એન ક્લાઈમેટ ચેન્જ કૉન્ફરન્સમાં (UNFCCC COP૨૬), વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વૈશ્વિક ક્લાઈમેટ એક્શન નેરેટિવમાં 'મિશન લાઈફ'ની (MISSION LIFE) જાહેરાત કરી હતી. મિશન લાઇફનું લક્ષ્ય વર્ષ ૨૦૨૨ થી ૨૦૨૮ સુધી ઓછામાં ઓછા ૧ અબજ ભારતીયો અને અન્ય વૈશ્વિક નાગરિકોને પર્યાવરણીય સંરક્ષણ માટે પ્રેરિત કરવાનું છે. આ મિશન હેઠળ ઊર્જા બચત, પાણીની બચત, સિંગલ-યુઝ પ્લાસ્ટિકનો ઓછો ઉપયોગ, ટકાઉ ખાદ્ય પ્રણાલી, કચરો ઘટાડવો, સ્વસ્થ જીવનશૈલી અપનાવવી અને ઇ-કચરાનું સંચાલન એમ સાત શ્રેણીઓને આવરી લેવામાં આવ્યું છે.

આજે પ્લાસ્ટિક રોજિંદા જીવનનો ભાગ બની ગયું છે અને તેનો અસંયમિત ઉપયોગ થઈ રહ્યો છે. આપણે તેનો વપરાશ જાણીએ છીએ પણ તેનો નાશ કેવી રીતે કરવો તે અંગે જાગૃતિ નથી. એકંદરે, સમગ્ર વિશ્વમાં ૪૬ ટકા પ્લાસ્ટિક કચરો જમીનમાં ધરબાયેલો છે. જેમાંથી ૨૨ ટકા નિકાલપાત્ર નથી. જે દરિયાઈ વન્યજીવોને નુકસાનકર્તા હોવાની સાથે-સાથે જમીનને નુકસાન પણ પહોંચાડે છે. જમીનમાં ઓગળેલું પ્લાસ્ટિક ભૂગર્ભજળને ઝેરી બનાવીને, આરોગ્યને

ગંભીર અસર કરે છે અને બીજી અનેક રીતે પર્યાવરણને હાનિ પહોંચાડે છે.

પ્લાસ્ટિકના કચરાથી થતા પ્રદૂષણને રોકવા માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ કેન્દ્રિય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલયે બે સ્તંભોની ખાસ વ્યૂહરચના અપનાવી છે. જેમાં સિંગલ-યુઝ પ્લાસ્ટિકની વસ્તુઓ પર પ્રતિબંધ અને તેનું કડક અમલીકરણ તેમજ પ્લાસ્ટિક પૅકેજિંગ કચરાનું રિસાઇક્લિંગ, પુનઃઉપયોગ અને સમગ્ર પ્રક્રિયા સુનિશ્ચિત કરવાની જવાબદારી ઉત્પાદકો, આયાતકારો અને બ્રાન્ડ-માલિકોની રહેશે. આ સ્તંભો થકી કેન્દ્ર સરકાર દ્વારા પ્લાસ્ટિકના ઉપયોગના નિયંત્રણ માટે ખાસ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે.

આ ઉપરાંત, કેન્દ્ર અને રાજ્ય સરકારોએ શહેરો, નગરો અને મહાનગરોમાં જળ પ્રદૂષણ, વાયુ અને વાહનોનું પ્રદૂષણ, ઔદ્યોગિક પ્રદૂષણ, અયોગ્ય કચરાના નિકાલ વગેરેને લગતી સમસ્યાઓના ઉકેલ માટે શ્રેણીબદ્ધ પગલાં લીધાં છે. જેમાં રાષ્ટ્રીય એમ્બિયન્ટ એર ગુણવત્તા ધોરણો અંગે જાહેરનામું, પર્યાવરણીય નિયમો, કાયદાની રચના, આસપાસની હવાની ગુણવત્તાના મૂલ્યાંકન માટે મોનિટરિંગ નેટવર્કની સ્થાપના, ક્લિનર, વૈકલ્પિક ઈંધણ જેવા કે વાયુયુક્ત ઈંધણ (CNG, LPG વગેરે), ઇથેનોલ મિશ્રણ વગેરેનો વપરાશ, સ્વચ્છ ઉત્પાદન પ્રક્રિયાઓના પ્રોત્સાહનથી ક્લીન અને ગ્રીન ટૅક્નોલોજિનો ઉપયોગનો સમાવેશ થાય છે.

વર્ષ ૨૦૨૩-૨૪માં ગુજરાત સરકારે અંદાજપત્રમાં પાંચમા સ્તંભ તરીકે ગ્રીન ગ્રોથને સ્થાન આપ્યું છે. જેમાં વન અને પર્યાવરણના જતન અને સંરક્ષણ માટે વિભાગને રૂ. ૨,૦૬૩ કરોડની જોગવાઈ અને ક્લાઈમેટ ચેન્જ વિભાગ માટે રૂ. ૯૩૭ કરોડની જોગવાઈ કરી છે. જે અંતર્ગત વનોના વિકાસ સંવર્ધન અને સંરક્ષણની કામગીરી માટેની જોગવાઈ, વનવિસ્તારની બહારના વિસ્તારોમાં સામાજિક વનીકરણ, વન્ય પ્રાણી વ્યવસ્થાને વિકાસ હાથ ધરાશે. વનીકરણ તથા અન્ય વન વિકાસની કામગીરીઓ, હરિત વસુંધરા પ્રોજેક્ટ, પાવન વૃક્ષ - વાટિકા અને વૃક્ષોનું આવરણ વધારવાની વિવિધ યોજનાઓ, "મિશન લાઈફ" અંતર્ગત પર્યાવરણ ક્ષેત્રમાં તાલીમ અને માનવ સંસાધન વિકાસ હાથ ધરવા તેમજ જનજાગૃતિ અભિયાન હાથ ધરાશે. ●

# 'પવિત્ર ઉપવન' પર્યાવરણ જાળવણી સાથે સંસ્કૃતિનું જતન



શ્વેતા પટેલ

પર્યાવરણ સમગ્ર જીવસૃષ્ટિ માટે આધારભૂત પરિબળ છે. પર્યાવરણ જાળવણી એ આપણા સૌની નૈતિક ફરજ બની જાય છે. ધાર્મિક તથા સાંસ્કૃતિક માન્યતાઓ સાથે સંકળાયેલી જગ્યાઓ પર વન વિભાગ દ્વારા પવિત્ર ઉપવનનું નિર્માણ કરવામાં આવે છે. જે અંતર્ગત સાબરકાંઠા જિલ્લામાં વન વિભાગ દ્વારા વિજયનગર તાલુકામાં વિરેશ્વર મહાદેવ મંદિર કાલવણ, તલોદનું ઉજેડિયા મંદિર અને ખેડબ્રહ્માનું મોર્ટનેશ્વર મહાદેવ મંદિર આ ત્રણ સ્થળે 'પવિત્ર ઉપવન'નું નિર્માણ કરવામાં આવ્યું છે.

આ પવિત્ર સ્થળોએ ગામના વડીલો ભગવાનની ઉપાસના કરી શકે તેમજ બાળકો આનંદ માણી શકે અને પર્યાવરણ પ્રત્યે જાગૃતિ કેળવી શકે તે માટે પવિત્ર ઉપવનનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ પવિત્ર ઉપવનમાં ૧૯ જાતનાં ૧૭૬ જેટલાં વૃક્ષો લહેરાઈ રહ્યાં છે. જે મંદિર સાથે ગામની શોભામાં પણ વધારો કરી રહ્યા છે. અહીં, ઉછરી રહેલા વૃક્ષમાં કાંચનાર સફેદનાં ૨૩, કાંચનાર ગુલાબીનાં ૨૪, લીમડાનાં ૪૫, કદમનાં ૩, ભદ્રાક્ષનાં ૮, સેવનનાં ૩, સિંદૂરનાં ૩, રાયણનાં ૫, લક્ષ્મીતરૂનાં ૬, પારિજાતનાં ૧૦, બોરસલ્લીનાં ૧૦, વડનું ૧, કંચનારનાં ૧૮, પીપળનાં ૨, બીલીનાં ૩, આંબાનાં ૫, લીંબુનાં ૩ અને સરગવાનાં ૪ વૃક્ષોનો સમાવેશ થાય છે.

પવિત્ર ઉપવન નિર્માણનો હેતુ ગામ લોકોમાં વૃક્ષ અને પર્યાવરણ પ્રત્યે જાગૃતિ આવે. તેમજ ગ્રામ્ય સંસ્કૃતિ સાથે વૃક્ષારોપણ થકી વનીકરણને જોડવાનો છે. તેથી સાંસ્કૃતિક અને ધાર્મિક હેતુસર ઉપયોગમાં આવતાં વૃક્ષોનું વાવેતર કરવામાં આવે છે. આ ઉપવનમાં ગામનાં બાળકો, યુવાનો, મહિલાઓ અને વડીલો પ્રકૃતિના ખોળે બેસી આનંદદાયક રીતે આરામ કરી શકે છે. તેમજ પક્ષીઓને આદર્શ નિવાસસ્થાન અને જરૂરી ખોરાકપાણી અને રક્ષણ મળી રહે છે. આવા પવિત્ર ઉપવન ગ્રામ્ય વિસ્તારમાં પ્રદૂષણ ઘટાડવામાં પણ ઉપયોગી બને છે. ●



# રણકાંઠાનું વૃક્ષપ્રેમી ગામ-માલણપુર
# જ્યાં વનરાજી લહેરાઈ રહી છે



**શક્તિ મુંધવા**

લોકોમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતતા વધારવા સમગ્ર વિશ્વમાં ૫ જૂનના રોજ 'વિશ્વ પર્યાવરણ દિવસ' ની ઉજવણી કરવામાં આવે છે. પર્યાવરણના જતન માટે રાજ્ય સરકાર તરફથી અનેકવિધ પહેલ કરવામાં આવી છે. જેના કારણે રાજ્યમાં વૃક્ષ આવરણમાં મોટા પ્રમાણમાં વૃદ્ધિ થઈ છે.

વિષમ પરિસ્થિતિ ધરાવતા સુરેન્દ્રનગર જિલ્લાનો પાટડી તાલુકો શુષ્ક અને સૂકોભઠ્ઠ પ્રદેશ ગણવામાં આવે છે. આ વિસ્તારમાં જ્યાં પણ નજર કરીએ ત્યાં માત્ર આવળ, બાવળ અને બોરડી જ જોવા મળે છે. પરંતુ રાજ્ય સરકાર અને ગામ લોકોના સહયોગથી રણ પ્રદેશમાં હરિયાળી શક્ય બની છે. વાત કરવી છે, પાટડી તાલુકાના માલણપુર ગામની કે જ્યાં ઘટાદાર ૮૦૦૦થી વધુ વૃક્ષો લહેરાઈ રહ્યાં છે. માલણપુરના લોકોએ વૃક્ષો વાવીને સૂકા રણને જાણે એક લીલી ચાદર ઓઢાડી છે.

સૂકા વિસ્તારને લીલોછમ બનાવવાના આ ભગીરથ કાર્યમાં જેનો અગત્યનો ફાળો છે એવા માલણપુર ગામના પૂર્વ સરપંચ શ્રી પરષોત્તમભાઈ જાદવે કહ્યું હતું કે, અમે રાજ્ય સરકારની બિનપિયત યોજનાનો લાભ લઈ ગામમાં વૃક્ષોનું વાવેતર કર્યું હતું. જેમાં ગ્રામ લોકો અને ગામનાં યુવાનોના સાથ સહકારથી ઉનાળામાં પણ વૃક્ષોનું જતન કર્યું છે. જેના પરિણામે આજે ગામમાં ૮૦૦૦થી પણ વધારે વૃક્ષો લહેરાઈ રહ્યાં છે.

ગામની વસ્તી અંદાજે ૧૨૦૦ થી ૧૪૦૦ની આસપાસ છે. જ્યારે ગામમાં વૃક્ષોની સંખ્યા ૮૦૦૦ થી વધારે છે. ગામની એક વ્યક્તિએ પાંચથી સાત વૃક્ષોનો ઉછેર કર્યો છે. વૃક્ષોના કારણે આજે ગામમાં પક્ષીઓની સંખ્યામાં પણ મોટો વધારો થયો છે. ત્યારબાદ, અમે રોડસાઇડ વાવેતર યોજનાનો લાભ લઈને રોડ પરથી ગામમાં પ્રવેશતા અંદાજે ૧.૫ કિલોમિટરથી પણ વધારે વિસ્તારોમાં પાંજરા ગોઠવી વૃક્ષોનું વાવેતર કર્યું હતું. આ વૃક્ષોને અમે ઉનાળાના સમયમાં પણ પાણીના ટેન્કર મારફતે પાણી આપીને તેનું જતન કર્યું છે. આજે એ બધાં જ વૃક્ષો ઘટાદાર થઈ ગયાં છે.

ગામમાં પ્રવેશતાં જ રસ્તાની બંને બાજુએ વૃક્ષોની હારમાળા તમારું સ્વાગત કરવા ઊભી હોય એવો અનુભવ થાય છે. આપણે નાના રણમાં નહીં પણ કોઈ હરિયાળા વિસ્તારમાં હોઈએ તેવું લાગે છે. અમારું ગામ રણકાંઠાની નજીક આવેલું ગામ છે. બીજા વિસ્તારોમાં જ્યારે તાપમાન ૪૪ ડિગ્રી હોય ત્યારે પાટડી તાલુકાનાં આ વિસ્તારમાં સરેરાશ તાપમાન ૪૭ થી ૪૮ ડિગ્રી હોય છે. પરંતુ, માલણપુર ગામમાં વૃક્ષોના લીધે તાપમાનમાં પણ થોડું નીચું રહે છે.

ગામ લોકોએ સંકલ્પ કર્યો છે કે, દર વર્ષે ગામમાં નવાં એક હજાર વૃક્ષો વાવીને તેનો ઉછેર કરવો. અમારું આખું ગામ વૃક્ષ પ્રેમી છે અને વૃક્ષોનું જતન પણ કરે છે, તમામ લોકો પોતાના જન્મદિવસે અથવા કોઈ તિથિ નિમિત્તે વધારેમાં વધારે વૃક્ષોનું વાવેતર કરીને મનાવે તો વિશ્વને ગ્લોબલ વોર્મિંગની સમસ્યામાંથી મુક્તિ મેળવી શકાય તેમ તેઓ માને છે.

ગામના સરપંચશ્રી નરેશભાઈ જાદવે જણાવ્યું હતું કે, ગામ લોકો દ્વારા વૃક્ષોનું જતન સારી રીતે કરવામાં આવે છે. ગામ લોકોના પૂરતા સહયોગથી અત્યારે ૪૫ થી ૪૬ ડિગ્રી તાપમાનમાં પણ ગરમીનો અહેસાસ થતો નથી. દરેક વધુમાં વધુ વૃક્ષો વાવી તેનું જતન કરે એવો સંદેશો પણ આપ્યો હતો.

આજના સમયમાં વિશ્વ જ્યારે ગ્લોબલ વોર્મિંગ જેવી સમસ્યાઓના કારણે પીડાઈ રહ્યું છે ત્યારે માલણપુર ગામે હરિયાળાં વૃક્ષો વાવીને પર્યાવરણ સંરક્ષણનું ઉમદા ઉદાહરણ પૂરું પાડ્યું છે. ●



## ગાંધીનગરના કોલવડાની ડમ્પિંગ સાઇટ પર હવે કચરો નહીં હરિયાળી લહેરાશે



**વિશાલ દંતાણી**

પૃથ્વી પરના વન એ પૃથ્વીનું સાચું ધન છે. વધતા પ્રદૂષણ અને મોસમી ફેરફારો વચ્ચે પર્યાવરણ પ્રદૂષિત થઈ રહ્યું છે. માનવ જીવનના અસ્તિત્વ માટે આ પ્રદૂષણને અટકાવવા મનોમંથન જરૂરી બની ગયું છે. પર્યાવરણના વૈશ્વિક પડકારોને નાથવા ‘વસુધૈવ કુટુંબકમ્’ની ભાવના સાથે આપણા દીર્ઘદ્રષ્ટા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ‘મિશન લાઈફ’ અને ગ્રીન ગ્રોથના કન્સેપ્ટ સાથે પર્યાવરણની રક્ષા માટે જનશક્તિને જોડવાનું અભિયાન ઉપાડ્યું છે. વડાપ્રધાનશ્રીની પ્રેરણાથી ગુજરાતને હરિયાળું બનાવવાના હેતુથી રાજ્ય સરકાર દ્વારા વનકવચની થીમ સાથે વૃક્ષારોપણનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

રાજ્ય સરકારના વન કવચના અભિયાનને કારણે કોલવડાવાસીઓ આનંદમાં છે એનું કારણ એ છે કે, હવે તેમને ડમ્પિંગ સાઇટની દુર્ગંધમાંથી મુક્તિ મળવાની છે. આ વિસ્તાર ૫૦ હજાર વૃક્ષોથી લહેરાતો થવાનો છે.

વાત જાણે એમ છે કે, છેલ્લા ઘણા સમયથી કોલવડા ડમ્પિંગ સાઇટ ખાતે કચરો ઠલવાતો હતો. આ વિસ્તારમાં કચરાનો મોટો ઢગ સર્જાયો હતો. આ ડમ્પિંગ સાઇટને લીધે કોલવડા ગામના લોકો અને ગામ તરફ જતા રાહદારીઓને દુર્ગંધ અને દૂષિત વાતાવરણને લીધે ઘણું વેઠવું પડતું હતું.

ગાંધીનગર જિલ્લા વન વિભાગ દ્વારા આ પ્રદૂષણને નાથવાના સંકલ્પ સાથે આ વિસ્તારને વન કવચ અંતર્ગત આવરી લઈને ડમ્પિંગ સાઇટને હરિયાળા વિસ્તારમાં પરિવર્તિત કરવાનો નિર્ધાર કરાયો છે. જેમાં પાંચ હેક્ટર વિસ્તારની આ ડમ્પિંગ સાઇટને સમથળ કરીને ત્યાં ઉચ્ચ, મધ્યમ અને નાનાં એમ ત્રીસ્તરીય વૃક્ષોનું વાવેતર કરવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. આ વનકવચ વિસ્તારમાં લોકોને ચાલવા માટે સુંદર મજાનો પબ્લિક વોક પથ, આરામથી બેસવા માટે બેન્ચ તેમજ વન કુટીરની વ્યવસ્થા કરવામાં આવશે. વન વિભાગના આ પ્રયાસથી શહેરની જનતા માટે આ વન વિસ્તાર ઑક્સિજનનો સ્રોત બનીને ઊભરી આવશે.

કોલવડાના રહેવાસી દીપકસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, જૂની ડમ્પિંગ સાઇટને દૂર કરીને વન ઊભું કરવું એ ગામના ઉજ્જવળ ભવિષ્ય માટેનું મહત્ત્વનું પગલું છે. ગામની બાજુમાં જ વનરાજી ઊભી થતાં ગ્રામજનોના સ્વાસ્થ્ય માટે પણ ઉમદા પગલું છે.

કોલવડા ડમ્પિંગ સાઇટ ઉપર આકાર લઈ રહેલા વન કવચથી પ્રદૂષણ ફેલાતું અટકશે, એટલું જ નહીં, આ વિસ્તારની હરિયાળીમાં વધારો થશે. ●

## દુર્લભ - લુપ્ત પ્રાય વનસ્પતિઓનું સંવર્ધન અને સંરક્ષણ કેન્દ્ર : રાબડાળ

ક્લિન અને ગ્રીન કવર માટે પર્યાવરણની જાળવણી જરૂરી છે. આ વાતને સમજીને પ્રતિવર્ષ તા. ૫ જૂનના રોજ વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવે છે. રાજ્યના વિવિધ જિલ્લાઓમાં વનસ્પતિનું કવર વધે તે માટે વિવિધ વનનું નિર્માણ રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવ્યું છે. આવું જ એક આરોગ્ય વન દાહોદ શહેર નજીક રાબડાળ ખાતે ૪.૪૦ હેક્ટર વન વિસ્તારમાં નિર્માણ કરવામાં આવ્યું છે. જેમાં વિલુપ્તપ્રાય વનસ્પતિઓનું સંવર્ધન અને સંરક્ષણ કરવામાં આવી રહ્યું છે.



આ વનમાં ૬૧ અલગ - અલગ જાતના કુલ ૩,૧૧૧ ઔષધિય તથા સુશોભિત જાતના રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું છે. આ ઉપરાંત, દરેક જાતનો મહિમા દર્શાવતાં સાઇન બોર્ડ મૂકવામાં આવ્યાં છે કે જેથી આ વનની મુલાકાત લેનાર મુલાકાતીને તેના વિશેની જાણકારી મળી શકે. આ સિવાય, આ વનમાં વિવિધ રાશિને આધારે ‘રાશિ વન’ તૈયાર કરવામાં આવ્યું છે. દાહોદ જિલ્લામાં કુલ ૧૩ રેન્જમાં વન વિસ્તાર આવેલો છે. જેમાં વિવિધ વન તથા ફૂલછોડ અને વૃક્ષોનું વાવેતર કરી પ્રયાવરણની જાળવણી કરવામાં આવી રહી છે. ●



# CCCમાં ૪૦ થી વધુ સેવાઓ મળશે

## મુખ્યમંત્રીશ્રીએ એકસાથે ૨૧ નગરોમાં સિટી સિવિક સેન્ટરનો પ્રારંભ કરાવ્યો

લોકતંત્રમાં નાગરિકો અને વહીવટીતંત્ર વચ્ચેના સંવાદનો સેતુ જળવાઈ રહે અને તે અસરકારક અને કાર્યક્ષમ શાસન માટે જરૂરી છે. નાગરિકને સરકારી યોજના કે સેવાનો લાભ લેવા માટે ઘણીવાર એક કરતાં વધારે સરકારી કચેરીઓનો સંપર્ક કરવો પડતો હોય છે. તે સ્થિતિમાં યોગ્ય જાણકારીના અભાવે નાગરિકોને ઘણી હાલાકી ભોગવવી પડે છે. ત્યારે એક જ સ્થળેથી બધી સેવાઓ મળે તે વિચારને કેન્દ્રમાં રાખીને તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જન સેવા કેન્દ્રનો પ્રારંભ કરાવ્યો હતો. આ જન સેવા કેન્દ્રમાં એક છત નીચે એકથી વધુ સરકારી સેવાના લાભ મળતા થયા છે. તેના કારણે નાગરિકોને સુગમતા થવા લાગી છે અને નાગરિકોને વહીવટીતંત્ર પરનો વિશ્વાસ વધવા લાગ્યો. આ જન સેવા કેન્દ્ર પર નાગરિકો પાસે સેવાઓ માટે સરકારી વહીવટીતંત્રનો સંપર્ક કરતી વખતે કઈ કચેરીનો સંપર્ક કરવો અને કયા દસ્તાવેજો અને માહિતી પ્રદાન કરવી તે અંગે યોગ્ય જાણકારી આપવામાં આવે છે. તેમજ સમય મર્યાદામાં અરજીનો નિકાલ કરવા અંગે સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવી છે.

આ જન સેવા કેન્દ્રોમાં નાગરિકોને તેમની અરજીઓ સંબંધિત સમય મર્યાદા અને પ્રક્રિયા-પ્રવાહ વિશે સ્પષ્ટતા કરવા આવી છે. ઈન્ફોર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેક્નોલોજી (ICT) એ ઉદ્યોગો અને સંસ્થાઓની કાર્યક્ષમતા અને અસરકારકતામાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે. રાજ્ય સરકારે ICTની સેવાનો લાભ લઈને જનોપયોગી બાબતોમાં તેનો ઉપયોગ કરવાનો અભિગમ અપનાવ્યો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે તાજેતરમાં પાલનપુર ખાતેથી રાજ્યની ૨૧ નગરપાલિકાઓમાં રૂ. ૨૨.૬૫ કરોડના ખર્ચે નિર્માણ પામેલ સિટી સિવિક સેન્ટર્સ (CCC)નું લોકાર્પણ કર્યું હતું.

આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, આપણા યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ સમાજના નાનામાં નાના માનવી, નગરો-ગામોમાં વસતા લોકોને ઈઝ ઓફ લિવિંગ આપવા કરેલા સંકલ્પને સાકાર કર્યો છે. શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં કેન્દ્રની સરકારે સુશાસનના ૯ વર્ષ પૂર્ણ કર્યા છે. આ વર્ષોમાં ગરીબ અને વંચિત લોકોના ઘર આંગણા સુધી યોજનાઓ પહોંચાડી છે. વડાપ્રધાનશ્રીએ વિકાસનો મજબૂત પાયો નાખ્યો છે તેમાં પણ નાના માનવી, ગરીબ વર્ગોની સતત ખેવના કરી છે.

મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રીએ વિકાસની રાજનીતિ કેવી હોય અને સમય સાથે કદમ મિલાવતી ટેક્નોલોજીનો ઉપયોગ જનહિતમાં કેવી રીતે થઈ શકે તે દુનિયાને બતાવ્યું છે. વિશ્વના વિકસિત દેશો પણ આ વિકાસની રાજનીતિ માટે પ્રેરિત થયા છે. શ્રી નરેન્દ્રભાઇ મોદીને વિશ્વના વરિષ્ઠ નેતાઓ સન્માન આપે છે. જે સમગ્ર દેશ માટે ગૌરવની બાબત છે.

તેમણે જણાવ્યું હતું કે, આજના ફાસ્ટ યુગમાં ગામ, નગર કે મહાનગર દરેક વ્યક્તિને પોતાને મળતી સેવાઓ- સુવિધાઓ ઝડપી, પારદર્શી અને સરળતાએ મળે તેવી ઈચ્છા હોય છે. લોકોમાં હવે વિકાસની ભૂખ ઉઘડી છે. સેવા સેતુ દ્વારા નગરો-ગામોના લોકો પાસે સામેથી સરકાર જાય છે અને પ્રશ્નો ઉકેલે છે. તેમણે ઉમેર્યું હતું કે, સમયથી બે ડગલાં આગળ ચાલીને આગવા વિઝન સાથે ટેક્નોલોજીનો મહત્તમ ઉપયોગ કરી 'ડિલિવરી એટ ડોરસ્ટેપ'નો અભિગમ અપનાવ્યો છે. મહાનગરોમાં મ્યુનિસિપાલિટીને નગર સેવાસદન બનાવી લોકોને ઝડપી સેવાઓ આપવા ઓનલાઈન સેવાઓ આપવા ODPS, ટેક્ષ પેમેન્ટ, પ્રમાણપત્રો કઢાવવા જેવી સેવાઓ અંડર વન રૂફ એવા સિટી સિવિક સેન્ટર્સ દ્વારા અપાય છે. તેની જેમ જિલ્લા - તાલુકા મથકોએ કલેક્ટર કચેરી, મામલતદાર કચેરીમાં જનસુવિધા કેન્દ્રો તરીકે વિસ્તારી છે. સિટી- સિવિક સેન્ટર- મહાનગરો જેવી સિટિઝન સેન્ટ્રીક સુવિધા નગરોમાં નગરજનો માટે વન સ્ટોપ-શોપ-૪૦ થી વધુ સેવાઓ એક જ સાથે વિકસાવી છે. મોટા શહેરો જેવી આવી અદ્યતન સુવિધા અને સિટિઝન સેન્ટ્રીક સર્વિસીસ નાના નગરોને પણ મળે તેવા જનહિત ભાવથી નગરપાલિકાઓમાં સિટી સિવિક સેન્ટર-નાગરિક સુવિધા કેન્દ્રો ઊભા કરાયા છે.



યાત્રાધામ અંબાજીના સર્વાંગી વિકાસની નેમ વ્યક્ત કરતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, યાત્રાધામોમાં ઈન્ફોર્મેશન ટેક્નોલોજીનો ઉપયોગ કરી વડાપ્રધાનશ્રીનો નવતર અભિગમ એટલે ચેટબોટ-અંબાજીની શરૂઆત કરવામાં આવી છે. જેનાથી દરેકને ઘરે બેઠા અંબાજી દર્શનનો લાભ મળશે.

પાલનપુર શહેર માટે મહત્ત્વની જાહેરાત કરતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, પાલનપુર નગરના પ્રવેશદ્વાર અને અમદાવાદ, આબુ રોડ, ડીસાને જોડતા નેશનલ હાઈવે પરના એરોમા સર્કલ પર થતી ટ્રાફિક જામની સમસ્યા દૂર કરવાનું નક્કર આયોજન કર્યુ છે. એરોમા સર્કલની ટ્રાફિક સમસ્યા નિવારવા માટે સાડા ૬ કરોડ રૂપિયા સરકારે મંજૂર કર્યા છે. આ એરોમા સર્કલને દૂર કરીને સ્મૂધ ડાયવર્ઝન, ડેડિકેટેડ લેન, સર્વિસ રોડ, ટ્રાફિક સિગ્નલની કામગીરી ટૂંક જ સમયમાં હાથ ધરાશે. જેનાથી પાલનપુર શહેરને ટ્રાફિકની સમસ્યામાંથી મુક્તિ મળશે.

દુનિયાના કોઈપણ ખૂણે વસતા માઈભક્તો પોતાના મોબાઈલ મારફતે ઘેર-બેઠાં એટ વન ક્લિક મંદિર દર્શન કરી શકશે તથા પૂજન અર્ચન, વિધિ-વિધાનની વિગતો મેળવી શકશે તે માટે મુખ્યમંત્રીશ્રીના હસ્તે અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટની વોટ્સઅપ ચેટ બોટ- અંબાજી ઈ-મંદિરનું લોકાર્પણ, ગબ્બર જ્યોતના લાઈવ દર્શન યુ-ટ્યૂબ ચેનલ પરથી થઇ શકે તેનો શુભારંભ, અંબાજીને આંતરરાષ્ટ્રીય સ્તરના ISO સર્ટિફિકેશન-૨૦૨૦ એનાયત, પાલનપુર નગરપાલિકાને સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ અને ભૂગર્ભ ગટર યોજના માટે રૂ. ૭૨ કરોડના કામની મંજૂરીના હુકમો અને પી.એમ. સ્વનિધિ યોજના અંતર્ગત લાભાર્થીઓને ચેકનું વિતરણ કરવામાં આવ્યું હતું.


આ પ્રસંગે સાંસદ શ્રી પરબતભાઈ પટેલ, રાજ્યસભા સાંસદ શ્રી દિનેશભાઈ અનાવડીયા, ધારાસભ્ય શ્રી અનિકેતભાઈ ઠાકર અને શ્રી પ્રવીણભાઈ માળી, પૂર્વ કેન્દ્રીય મંત્રી શ્રી હરિભાઈ ચૌધરી, નગરપાલિકાના પ્રમુખ શ્રી કિરણબેન રાવલ, શહેરી વિકાસ વિભાગના અગ્રસચિવ શ્રી સંજીવકુમાર, કમિશનર ઓફ મ્યુનિસિપાલિટીઝ શ્રી રાજકુમાર બેનીવાલ, કલેક્ટર શ્રી વરુણકુમાર બરનવાલ સહિત અધિકારીઓ, પદાધિકારીઓ અને નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. ●

## સુવિધાઓનું વન સ્ટોપ સેન્ટર - ભરૂચનું 'CCC'



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ દ્વારા ભરૂચના મકતમપુર ખાતે જનસુવિધા કેન્દ્રનું ઈ-લોકાર્પણ કરાયું હતું. આ સેન્ટરથી નાગરિક સુવિધા કેન્દ્રનો લાભ જાહેરજનતાને મળનાર છે. આ ઉપરાંત આ જન સુવિધા કેન્દ્રની મદદથી નાગરિકોને વિવિધ સેવાઓ એક સ્થળેથી મળી રહેશે. આ 'જન સુવિધા કેન્દ્ર'માં નાગરિકલક્ષી વિવિધ સુવિધાઓ જેવી કે મિલકત વેરાનું ચુકવણું, મિલકત વેરાની આકારણી, મિલકત વેરાની રસીદ, વ્યવસાય વેરો, વાહન કર, વ્યવસાય નોંધણી, વ્યવસાય કર્મચારી નોંધણી, જન્મ/મરણ પ્રમાણપત્ર, પાણી/ગટર જોડાણની અરજી, હોલ બુકિંગ, ફરિયાદ નોંધણી, મકાન નકશાની અરજી, બિલ્ડીંગ પ્લાનની અરજી, બાંધકામની રજાચિઠ્ઠી, ગુમાસ્તાધારા નોંધણી, લગ્ન નોંધણી જેવી સેવાઓ સિટી સિવિક સેન્ટરમાં એક જ જગ્યાએ ઉપલબ્ધ કરાવવામાં આવશે. ઉપરોક્ત કામગીરી માટે અલગ અલગ ડેસ્કની ફાળવણી પણ કરવામાં આવી છે, જેથી અરજદારોના પ્રશ્નોનું ઝડપથી નિવારણ લાવી શકાય. વધુમાં અરજદારોની મુંઝવણને દૂર કરવા સુવિધા કેન્દ્રમાં હેલ્પ ડેસ્કની સવલત ઉભી કરવામાં આવી છે. આ ઉપરાંત નાગરિકા માટે પીવાના સ્વચ્છ પાણીની સુવિધા માટે આર.ઓ. સિસ્ટિમ તથા બેસવા માટેની વ્યવસ્થા સહિતની આધુનિક વ્યવસ્થા સાથે સિવિક સેન્ટર તૈયાર કરવામાં આવેલ છે. ●

## મહેસાણાનું સિટી સિવિક સેન્ટર



રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ દ્વારા મહેસાણા ખાતે તૈયાર થયેલા અદ્યતન સરદાર વલ્લભભાઈ પટેલ જન સુવિધા કેન્દ્રનું ઈ-લોકાર્પણ કરાયું હતું. આ સેન્ટરથી નાગરિક સુવિધા કેન્દ્રનો લાભ જાહેરજનતાને મળશે. આ ઉપરાંત સરદાર વલ્લભભાઈ પટેલ જનસુવિધા કેન્દ્રની મદદથી નાગરિકોને વિવિધ સેવાઓ એક સ્થળે મળી રહેશે. આ સિટી સિવિક સેન્ટર ખાતે નાગરિકોને મિલકત વેરો, વ્યવસાય વેરો, ગુમાસ્તાધારા નોંધણી, લગ્ન નોંધણી, જન્મ-મરણ પ્રમાણપત્ર, પાણી-ગટર જોડાણની અરજીઓ, હોલ બુકીંગ, ફરિયાદ નોંધણી, બાંધકામની રજાચિઠ્ઠી તેમજ ફાયર એન.ઓ.સી. અરજી વગેરે જેવી સેવાઓ એક જ સ્થળેથી ઉપલબ્ધ થશે. આ સિવિક સેન્ટરમાં અરજદારોને બેસવાની વ્યવસ્થા, પીવાના પાણીની વ્યવસ્થા સહિતની આધુનિક વ્યવસ્થા સાથે અદ્યતન સુવિધાઓ સાથે તૈયાર કરવામાં આવ્યું છે. ●

## અમદાવાદની ઓળખ સમાન

# ઐતિહાસિક લાલ દરવાજા બસ ટર્મિનસનું લોકાર્પણ



અમદાવાદ શહેરમાં પરિવહનના ક્ષેત્રે 'લાલ બસ'ની પોતાની આગવી ઓળખ છે. લાલ બસ એ શહેરની ધોરી નસ સમાન ગણાય છે. છેલ્લાં ૭૫ વર્ષથી શહેરીજનોની સેવામાં રત બસ સેવા માટે શહેરની મધ્યમાં લાલ દરવાજા બસ બનાવવામાં આવેલું છે. આ ટર્મિનસનું રૂ.૮.૮૦ કરોડના ખર્ચે હેરિટેજ દેખાવ સાથે નવીનીકરણ કરવામાં આવ્યું હતું. આ નવીનીકરણ પામેલા ટર્મિનસનું લોકાર્પણ તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કર્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ દેશની આઝાદીનાં ૭૫ વર્ષ અને AMTSની સ્થાપનાનાં ૭૫ વર્ષ બેય સુભગ સમન્વય પ્રસંગે આનંદ વ્યક્ત કરી, આ ટર્મિનસના નિર્માણ માટે કોર્પોરેશનને અભિનંદન પાઠવ્યા હતાં. દરરોજ દોઢ લાખ જેટલા પ્રવાસીઓની અવર-જવર ધરાવતા આ બસ ટર્મિનસનું નવનિર્માણ હેરિટેજ સિટી અમદાવાદને શોભે એવી હેરિટેજ થીમ પર થયું છે.

વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં રાજ્યમાં પરિવહન ક્ષેત્રે ક્રાંતિકારી પરિવર્તનો વિશે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, એક સમય હતો કે જ્યારે તૂટેલી ફૂટેલી અને કંગાળ હાલત રાજ્યની બસ સર્વિસની ઓળખ હતી. પરંતુ ૨૦૦૧માં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં વિકાસની રાજનીતિનો સૂર્યોદય થયો અને સમયને અનુરૂપ બદલાવો આવ્યા છે.

તેમણે જણાવ્યું હતું કે, અમદાવાદના નાગરિકોને લાલ બસ ઉપરાંત, મેટ્રો, બી.આર.ટી.એસ, ઈલેક્ટ્રિક બસ સહિતની આધુનિક પરિવહન સુવિધાઓ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની ભેટ છે. આ સુવિધાઓનો ઉલ્લેખ કરતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, હાલમાં અમદાવાદ શહેરમાં એ.એમ.ટી.એસ.ની ૨૦૦ ઈલેક્ટ્રિક, ૯૦૫ સી.એન.જી અને ૧૩૦ ડિઝલ એમ કુલ ૧,૨૩૫ બસ અમદાવાદના લાખો નાગરિકોની સેવામાં કાર્યરત છે.

અમદાવાદના હૃદય સમા વિસ્તાર લાલ દરવાજા ખાતે રૂ. ૮.૮૦ કરોડના ખર્ચે AMTSના હેરિટેજ લાલદરવાજા ટર્મિનસનું નવનિર્માણ કરાયું છે. સમગ્ર પરિસરમાં ઑફિસ સ્ટાફની બિલ્ડિંગ, પ્રવાસીઓ માટે પાણીની વ્યવસ્થા, કેશ કલેક્શન માટે કેબિન, મિટિંગ હૉલ, પ્રવાસીઓ માટે વેઈટિંગ એરિયા, પ્રવાસીઓની સુવિધા માટે પબ્લિક ઈન્ફોર્મેશન સિસ્ટિમ, કૅમેરા, કમાન્ડ એન્ડ કંટ્રોલ રૂમ તથા પ્રવાસીઓને લાલ દરવાજાથી શરૂ થતી અને પસાર થતી બસના સમયની જાણકારી આપવા એલ.ઈ.ડી. સ્ક્રીન ઊભી કરવામાં આવી છે. આ ઉપરાંત, સિંગલ યૂઝ પ્લાસ્ટિકને ટાળવાની વડાપ્રધાનશ્રીની અપીલનો ઉલ્લેખ કરી તેમણે જણાવ્યું હતું કે, લાલ દરવાજા ટર્મિનસમાં સી.એસ.આર. હેઠળ ઓટોમેટિક પ્લાસ્ટિક બોટલ ક્રશિંગ મશીનનું લોકાર્પણ પણ થયું છે, તે પ્લાસ્ટિકથી થતાં પ્રદૂષણને નાથવામાં સરકાર સાથે સમાજની ભાગીદારી દર્શાવે છે. ઉલ્લેખનીય છે કે આ મશીન કાંકરિયા અને અટલ બ્રિજ ખાતે મૂકાશે. જેનાથી પ્લાસ્ટિક બોટલનું રિસાઈકલિંગ થશે અને સ્વચ્છતા પણ રહેશે. આ ઉપરાંત, હેરિટેજ લૂક સાથે બનાવાયેલા ટર્મિનસ પર ૧૯૪૭થી આજદિન સુધીના અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસના ઈતિહાસને પ્રદર્શિત કરાયો છે. જેનું નિરીક્ષણ પણ મુખ્યમંત્રીશ્રીએ કર્યું હતું.



આ સમારોહમાં સાંસદ શ્રી કિરીટભાઈ સોલંકી, શ્રી હસમુખભાઈ પટેલ, ધારાસભ્ય સર્વશ્રી અમિતભાઈ શાહ, બાબુભાઈ પટેલ, અમૂલભાઈ ભટ્ટ, ડૉ પાયલબહેન કુકરાણી, દર્શનાબહેન વાઘેલા, કંચનબહેન રાદડિયા તેમજ શહેરીજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.●

# કરોલી અને હરસોલી ગામની ઓચિંતી મુલાકાત લેતા CM



ગુજરાતની વિકાસ યાત્રા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં તેજ રફતારથી આગળ વધી રહી છે. રાજ્યના નાગરિકોને સરકારની સહાય પારદર્શી અને ઝડપી મળી રહે તે માટે રાજ્યના મુખ્યમંત્રીશ્રી ખુદ નજર રાખી રહ્યા છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના મૃદુ, મક્કમ અને સહજ સ્વભાવથી રાજ્યનો દરેક નાગરિક પરિચિત છે. તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના આવા મૃદુ અને સહજ સ્વભાવનો ગાંધીનગરના દહેગામ તાલુકાના કરોલી અને હરસોલી ગામના ગ્રામજનોને પરિચય થયો હતો.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તાજેતરમાં સાંજના સમયે ગાંધીનગરના દહેગામ તાલુકાના કરોલી ગામના અમૃત સરોવરના નિરીક્ષણ માટે ઓચિંતા જ પહોંચી ગયા હતા. મુખ્યમંત્રીશ્રીએ અમૃત સરોવરની પ્રગતિ હેઠળની કામગીરીનું નિરીક્ષણ અને ગુણવત્તા ચકાસણી સ્થળ ઉપર જ કરી હતી.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના અમૃતકાળમાં દરેક જિલ્લામાં ૭૫ અમૃત સરોવર નિર્માણના કરેલા આહ્વાનને ઝીલી લઈને ગુજરાતે અમૃત સરોવરનું નિર્માણ વેગવંતુ બનાવ્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં રાજ્ય સરકારે મે-૨૦૨૩ સુધીમાં ૨,૪૭૦ અમૃત સરોવર સાઈટ પર કામગીરી પૂર્ણ કરી છે. અમૃત સરોવર ૧ એકર વિસ્તારમાં નિર્માણ કરવામાં આવે છે અને અંદાજે ૧૦,૦૦૦ ક્યુબિક મીટર જળસંગ્રહ ક્ષમતા ધરાવે છે. અમૃત સરોવરના નિર્માણમાં જળસંચય સાથે જનભાગીદારી પ્રેરિત કરવાનો ઉદાર અભિગમ રાખવામાં આવેલો છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ આવા અમૃત સરોવરની કામગીરીના પ્રત્યક્ષ નિરીક્ષણ માટે ગાંધીનગરના દહેગામ તાલુકાના કરોલી ગામે અચાનક પહોંચ્યા હતા. ત્યાર બાદ તેમણે દહેગામના હરસોલી ગામની મુલાકાત લઈને ગામજનો સાથે સંવાદ કર્યો હતો. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની મૃદુતા અને સહજતાથી ગ્રામજનો અભિભૂત થયા હતા. ●

# ગુજરાતમાં લિથિયમ આયન સેલ મૅન્યુફૅક્ચરિંગની ગીગા ફૅક્ટરી સ્થપાશે



ગુજરાત દેશમાં લિથિયમ આયન સેલ મેન્યૂફેક્ચરિંગનું અગ્રણી રાજ્ય બનવા સજ્જ થયું છે. આ હેતુસર લિથિયમ આયન સેલ મેન્યુફેક્ચરિંગ ગીગા ફેક્ટરીની સ્થાપના માટે તાજેતરમાં ગુજરાત સરકાર અને ટાટા ગ્રૂપ વચ્ચે ગાંધીનગરમાં મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં MoU સંપન્ન થયા હતા. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના દિશાદર્શનમાં ઘડાયેલી નવી ઈલેક્ટ્રોનિક્સ પૉલિસીની ફલશ્રુતિ રૂપે આ MoU કરવામાં આવ્યા હતાં.

ટાટા ગ્રૂપની સબસિડીયરી કંપની અગ્રતાસ એનર્જી સ્ટોરેજ સોલ્યુશન પ્રાઈવેટ લિમિટેડના CEO અને ગુજરાત સરકારના સાયન્સ ટેક્નોલોજિ સચિવ શ્રી વિજય નહેરાએ આ MoU પર હસ્તાક્ષર કરી મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં MoUની પરસ્પર આપ-લે કરી હતી.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૩૦ સુધીમાં દેશમાં ૫૦ ટકા કાર્બન ઉત્સર્જન રહિત ઊર્જા તથા ૧૦૦ ટકા ઈલેક્ટ્રિક વાહન ઉપયોગનું જે લક્ષ્ય રાખ્યું છે તેને સાકાર કરવા ગુજરાતે આ ગીગા ફેક્ટરીની સ્થાપનાના MoUથી નવી દિશા આપી છે.

ગીગા ફેક્ટરી ભારતમાં આ પ્રકારનો પ્રથમ લિથિયમ આયન સેલ ઉત્પાદન પ્લાન્ટ ગુજરાતમાં કાર્યરત કરશે. એટલું જ નહીં, આ પ્લાન્ટમાં અંદાજે ૧૩ હજાર કરોડ રૂપિયાના પ્રારંભિક રોકાણ સાથે ૨૦ GWHની ઉત્પાદન ક્ષમતા હશે અને પ્રત્યક્ષ તથા પરોક્ષ મળીને ૧૩ હજારથી વધુ લોકોને રોજગાર અવસર આ પ્લાન્ટને પરિણામે મળતા થશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના દિશાદર્શનમાં રાજ્ય સરકાર ઈલેક્ટ્રિક વાહનોનું ઉત્પાદન વધારીને કાર્બન ઉત્સર્જન રહિત ઊર્જા-ગ્રીન ક્લિન એનર્જી વધારવા અને ફોસિલ ફ્યુઅલ કન્ઝમ્પશન ઘટાડી કાર્બન ઉત્સર્જન ઘટાડવાના વિઝન માટે પ્રતિબદ્ધ છે. આ સંદર્ભમાં ઇ.વી.નો વપરાશ વધવાની સાથે લિથિયમ-આયન બેટરી પરની નિર્ભરતા પણ નોંધપાત્ર રીતે વધશે. ટાટા ગ્રૂપના આ પ્લાન્ટની સ્થાપનાથી ગુજરાત લિથિયમ આયન સેલ મેન્યુફેક્ચરિંગમાં અગ્રણી રાજ્ય બનશે તેમજ રાજ્યમાં બેટરી મેન્યુફેક્ચરિંગ ઇકો સિસ્ટિમ સ્થાપિત કરવામાં મદદ મળશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ પ્રોજેક્ટની સફળતા માટે રાજ્ય સરકારના સહયોગની તત્પરતા આ તકે વ્યકત કરી હતી. આ MoU સાઈનીંગ અવસરે મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કૈલાસનાથન, મુખ્ય સચિવ શ્રી રાજકુમાર, અધિક મુખ્ય સચિવ શ્રી પંકજ જોષી તથા ટાટા ગ્રૂપના વરિષ્ઠ અધિકારીઓ સહભાગી થયા હતા. ●

## અમદાવાદમાં ખાખરિયા કડવા પાટીદાર શૈક્ષણિક સંકુલ બનશે

ઝાલાવાડ- ખાખરિયા, કડવા પાટીદાર કેળવણી મંડળ, અમદાવાદ દ્વારા તાજેતરમાં તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન, સમાજના મુખપત્ર 'પટેલ પરિવાર' સામયિકને ૨૦ વર્ષ પૂર્ણ થવા પ્રસંગે દ્વિદશકની ઉજવણી અને સ્નેહ સંમેલન એમ ત્રિવિધ સમારોહનું અમદાવાદમાં આયોજન મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. પાટીદાર કેળવણી મંડળ દ્વારા આગામી સમયમાં અમદાવાદમાં રૂ. ૫૦ કરોડના ખર્ચે ભવ્ય શૈક્ષણિક સંકુલ બનાવાશે.

મુખ્યમંત્રીશ્રીએ આ અવસરે જણાવ્યું હતું કે, પાટીદાર સમાજ પ્રારબ્ધને આશરે બેસી રહેનારો સમાજ નથી. આ સમાજે બાવડાંના બળે સફળતાના પરચમ દેશ-વિદેશમાં લહેરાવ્યા છે. પરિશ્રમથી પારસમણિ બનાવનારા આ સમાજે શિક્ષણનું મહત્ત્વ પિછાણ્યું છે. આજે પાટીદાર સમાજના અનેક દીકરા-દીકરીઓ ભણી-ગણીને આગળ આવી સમાજ સાથે રાજ્યનું નામ રોશન કરી રહ્યા છે. રાજયના અર્થતંત્રના વિકાસમાં પાટીદાર સમાજ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યો છે.

તેમણે ઉમેર્યું હતું કે, દેશ જ્યારે આઝાદીનો અમૃત મહોત્સવ મનાવી રહ્યો છે ત્યારે વિકસિત ભારત બનાવવા માટે આત્મનિર્ભર ગુજરાતની નેમ સાથે સૌ એક બની-નેક બની પ્રયાસ કરીએ. તેમણે 'પટેલ પરિવાર' સામયિક' ને ૨૦ વર્ષ પૂર્ણ થવાના ઉપલક્ષ્યમાં ૨૦ વર્ષની તક્તીવાળા ફુગ્ગાઓવાળા ગુચ્છને અવકાશગમન કરાવી ફુગ્ગાઓ જેવી ઊંચાઈ આ સામયિક મેળવે તેવી અભ્યર્થના વ્યક્ત કરી હતી. સામયિકમાં પાટીદાર સમાજ વિશે ટાંકેલી પંક્તિ ' અશક્યને શક્ય બનાવવાવાળો સમાજ' ને ટાંકીને તેમણે કહ્યું હતું કે, જીવનની સફળતાનો રાહ આ વાક્ય દર્શાવે છે.

પૂર્વ નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે પાટીદાર સમાજ પથ્થરને પાટું મારીને પરિણામ મેળવનાર સમાજ છે. પાટીદાર સમાજ તેની મહેનત સાથે સખાવતી કાર્યોમાં પણ અગ્રેસર રહ્યો છે. પાટીદાર સમાજ દ્વારા આજે જે રીતે શૈક્ષણિક સંકુલ માટે ફાળો મળી રહ્યો છે તે જોતાં આગામી બે વર્ષમાં રૂ. ૫૦ કરોડનું સંકુલ જરૂર તૈયાર થઈ જશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝાના પ્રમુખ અને ધારાસભ્ય સર્વ શ્રી બાબુભાઈ પટેલ અને પ્રકાશભાઈ વરમોરા તથા સમાજના નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. ●



## મેગા એક્સ્પો-૨૦૨૩નો શુભારંભ

સરદારધામ અને ગુજરાત પાટીદાર બિઝનેસ ઓર્ગેનાઈઝેશન દ્વારા ત્રિ-દિવસીય મેગા એક્સ્પો-૨૦૨૩નું આયોજન મહેસાણા ખાતે કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે તેનો તાજેતરમાં પ્રારંભ કરાવ્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ આ અવસરે જણાવ્યું હતું કે, ગુજરાત રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના કાર્યકાળથી ગુજરાતમાં શરૂ થયેલી અવિરત વિકાસની સફળતાને કારણે આજે ગુજરાત સમગ્ર દેશમાં વિકાસનું ગ્રોથ એન્જિન બન્યું છે. વિકાસ માટે જરૂરી માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા સહિત દરેક ક્ષેત્રે ગુજરાત અગ્રેસર રહ્યું છે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિકાસનો મજબૂત પાયો ગુજરાતમાં નાંખ્યો હતો. તેનો અનુભવ આજે દેશ અને સમગ્ર દુનિયાને થઈ રહ્યો છે. ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાનશ્રીએ તો ત્યાં સુધી કહ્યું હતું કે 'મોદી ઇઝ અ બોસ', જે સૌ ભારતના સૌ નાગરિકો માટે એક ગૌરવની વાત છે.

સ્ટાર્ટઅપ ક્ષેત્રમાં છેલ્લાં ૩ વર્ષથી ગુજરાત ટોપ પર છે તેમ જણાવી તેમણે કહ્યું કે, ઉત્તર ગુજરાતમાં આ પ્રકારનું આયોજન પ્રથમ વખત થઈ રહ્યું છે. આ સિવાય, પાટીદાર સમાજે તમામ સમાજને સાથે રાખીને આગળ વધવાનો જે પ્રયાસ કર્યો છે. યુવા ઉદ્યોગકાર અને સ્ટાર્ટઅપ ક્ષેત્ર સાથે સંકળાયેલા યુવાનો માટે આ એક્સ્પો અનેક તકો લઈને આવ્યું છે. આ પ્રસંગે આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઇ પટેલે જણાવ્યું હતું કે, છેલ્લા દાયકાઓમાં ગુજરાતમાં ઉદ્યોગ ક્ષેત્રે ક્રાંતિ થઈ છે. વાઈબ્રન્ટ ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટનું અનુકરણ સમગ્ર દેશમાં થઈ રહ્યું છે અને તેણે આજે દેશભરમાં આંદોલનનું સ્વરૂપ ધારણ કર્યું છે. ગુજરાતમાં સતત ઈનોવેશન અને આવિષ્કારો થઈ રહ્યા છે, સ્ટાર્ટઅપ વિકસી રહ્યાં છે, જે આવનારા સમયમાં ઉદ્યોગ ક્ષેત્રે મોટી ક્રાંતિ લાવશે. આ પ્રસંગે ઉદ્યોગ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે, જ્યારે સમાજ આ પ્રકારે દૂરંદેશી વિચારથી કાર્યક્રમોનું આયોજન કરે ત્યારે ચોક્કસથી યુવાધનને દિશા મળે છે. પાટીદાર સમાજના યુવાનોએ ૨૧મી સદીમાં સમાજ માટે શું કરી શકાય તેનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

આ પ્રસંગે પૂર્વ નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ, ધારાસભ્ય શ્રી બાબુભાઇ પટેલ, સાંસદ શ્રીમતી શારદાબેન પટેલ, પૂર્વ ગૃહ મંત્રી શ્રી રજનીભાઇ પટેલ, ધારાસભ્ય શ્રી મુકેશભાઈ પટેલ,શ્રી કિરીટભાઈ પટેલ, સરદારધામના પ્રમુખ શ્રી ગગજીભાઈ સુતરિયા (વર્ચ્યુઅલ ઉપસ્થિતિ) તથા ટ્રસ્ટીઓ, વેપાર-ઉદ્યોગ સાથે સંકળાયેલા લોકો, આગેવાનો સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યાં હતાં. ●

## થરાદ અને ધાનેરા તાલુકાના ગામોનાં તળાવો ભરવા મહત્ત્વપૂર્ણ નિર્ણય

રાજ્યના તમામ નાગરિકોને પીવાનું અને સિંચાઈનું પાણી મળી રહે તે માટે ગુજરાત સરકાર પ્રતિબદ્ધ છે. તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે બનાસકાંઠા જિલ્લાના થરાદ અને ધાનેરા તાલુકાના ગામોનાં તળાવો નર્મદાના પાણીથી ભરવાનો મહત્ત્વપૂર્ણ સંવેદનાસભર નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રીશ્રીએ આ બંને તાલુકાઓમાં ઉદવહન પાઈપલાઈનનું આયોજન કરીને સિંચાઈથી વંચિત એવા આ વિસ્તારોમાં ભૂગર્ભ જળ ઊંચા લાવવાનો ખેડૂત હિતકારી અભિગમ અપનાવ્યો છે.

બનાસકાંઠા જિલ્લાના આ બે તાલુકાઓમાં કોઈ મોટી સિંચાઈ વ્યવસ્થા ઉપલબ્ધ નથી. એટલું જ નહીં, થરાદ તાલુકાનો પૂર્વ તરફનો ઉપરનો વિસ્તાર સિંચાઈ વિહોણો છે. થરાદ અને ધાનેરા તાલુકાઓને સિંચાઈ માટે પૂરતું પાણી મળી રહે તેની અતિ આવશ્યકતાને ધ્યાનમાં લઈને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ બંને તાલુકાઓનાં ગામોના ૨૦૦થી વધારે સરકારી પડતર તળાવોને નર્મદા નહેર આધારિત ઉદવહન પાઈપલાઈનથી આવરી લેવાના દિશાનિર્દેશો આપ્યા છે.

મુખ્યમંત્રીશ્રીએ આ સંદર્ભમાં ૬૧ કિ.મિ. લાંબી મુખ્ય પાઈપલાઈન અને ૧૩૫ કિ.મિ. લાંબી પેટા લાઈન દ્વારા ૨૦૦ ક્યુસેક્સ પાણી ઉદવહન કરવા માટે આશરે ૩ પમ્પિંગ સ્ટેશન બનાવવા સહિતની સમગ્ર યોજનાકીય કામગીરી માટે ૧૪૧૧ કરોડ રૂપિયાની રકમ માટે સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.

નર્મદાના વધારાના એક MAF પાણીના ઉદવહન માટે સ્થાપિત ક્ષમતા વધારવી પડે તેમ છે તે સંદર્ભમાં મુખ્યમંત્રીશ્રીએ થરાદ અને ધાનેરા તાલુકાના બાકી રહી જતાં ગામોનાં ૨૦૦થી વધુ તળાવો નર્મદા જળથી ભરવાનો આ ખેડૂત હિતલક્ષી નિર્ણય કર્યો છે. ●

## ગાંધીનગર અને સુરતમાં વિકાસ કામો માટે રૂ. ૪૧.૮૦ કરોડ મંજૂર



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યના નગરો-મહાનગરોમાં વસતા નાગરિકોની સુખાકારીમાં વૃદ્ધિથી ઈઝ ઓફ લિવિંગને વેગ આપવાની નેમ રાખી છે. આ સંદર્ભમાં તેમણે મહાનગરોના આઉટગ્રોથ વિસ્તારમાં વિકાસ કામો તથા શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારમાં જન સુવિધા વૃદ્ધિનાં કામો માટે સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ગ્રાન્ટ ફાળવણીનો ઉદાત્ત અભિગમ અપનાવ્યો છે. જે અંતર્ગત ગાંધીનગર અને સુરત મહાનગરને રૂ. ૪૧.૮૦ કરોડનાં વિકાસ કામો માટે સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે તદઅનુસાર, ગાંધીનગર મહાનગરપાલિકાને આઉટગ્રોથ યોજનામાં રૂ. ૫.૧૧ કરોડનાં કામો હાથ ધરવા સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. મુખ્યમંત્રીશ્રીએ આપેલી આ સૈદ્ધાંતિક અનુમતિને પરિણામે હવે ગાંધીનગર મહાનગરપાલિકામાં સમાવિષ્ટ ભાઈજીપુરા, અમીયાપુરા, રાયસણ, રાંદેસણ, કોલવડા તેમજ અન્ય ગામોમાં પાણી પુરવઠો પૂરો પાડવા પાણીની ઊંચી ટાંકી બનાવવાનું કામ હાથ ધરવામાં આવશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ ઉપરાંત સુરત શહેરી વિકાસ સત્તામંડળ (સુડા)એ ગુજરાત શહેરી વિકાસ મિશન મારફતે રજૂ કરેલી તળાવ વિકાસના ૧૦ જેટલાં કામોની રૂ. ૩૬.૬૯ કરોડની દરખાસ્તને પણ અનુમોદન આપ્યું હતું. સુરત શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા બોર્ડની મંજૂરી મેળવવાની તેમજ આ કામોનું થર્ડ પાર્ટી ઈન્સ્પેક્શન કરાવવાનું રહેશે એવું પણ નિર્ધારિત કરવામાં આવ્યું છે.

એટલું જ નહીં, સુરત મહાનગરના દિન-પ્રતિદિન વધી રહેલા ટ્રાફિક ભારણના યોગ્ય સંચાલન માટે મુખ્યમંત્રીશ્રીએ સુરત મહાનગરપાલિકાએ ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ મારફત રજૂ કરેલી ૮ ફ્લાયઓવર નિર્માણની ૩૯૦ કરોડ રૂપિયાની રિવાઈઝ્ડ દરખાસ્તને પણ સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. ●

## રાજ્યના ૩૫ હજારથી વધુ પુલોની સર્વેક્ષણ કામગીરી હાથ ધરાઈ

મોરબી પુલ હોનારત બાદ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સૂચના અનુસાર રાજ્યના ૩૫,૭૩૧ પુલોની સમીક્ષા કામગીરી હાથ ધરવામાં આવી છે. સર્વેમાં મરામતની જરૂર હોય તેવા ૧૨૧ પુલોની મરામતની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે તેમ પ્રવક્તા મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે તાજેતરમાં યોજાયેલી મંત્રીમંડળની બેઠક બાદ જણાવ્યું હતું.

મંત્રીશ્રીએ વધુ વિગતો આપતાં જણાવ્યું હતું કે, સર્વેમાં જે ૧૨ પુલો ભયજનક જણાયા હતા, ત્યાં ટ્રાફિકની અવરજવર બંધ કરી ટ્રાફિકને ડાયવર્ઝન અપાયું છે. જ્યારે અન્ય ૧૨ પુલોનું તાત્કાલિક રિપેરિંગ કરી ટ્રાફિક ચાલુ રખાયો છે. આ તમામ ૨૪ પુલોના પુન:બાંધકામ માટે રૂ. ૧૪૫.૬૪ કરોડનો ખર્ચ મંજૂર કરવામાં આવ્યો છે.

તેમજ રૂ. ૧૫૧.૪૧ કરોડનો ખર્ચ મંજૂર કરી ૧૧૬ પુલોનું મજબૂતીકરણ કરવા માટે મરામત કામગીરી હાથ ધરવામાં આવી છે. પુલોના પુન:બાંધકામ તથા મજબૂતીકરણ માટે રૂ. ૨૯૭ કરોડની ફાળવણી કરવામાં આવી છે. ●



# ચેતના સાથે ચિત્તને જોડે એ યોગ

## આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ૨૧ જૂન, ૨૦૨૩ના રોજ "એક પૃથ્વી એક સ્વાસ્થ્ય માટે યોગ"ના સૂત્ર સાથે ઉજવાશે

**નીરવ રાવલ**

પૌરાણિક કાળથી ભારતે વિશ્વને વેદો સહિત એવા ગ્રંથો આપ્યા છે કે જેના અગાધ જ્ઞાનના ઉપયોગથી માનવ ઉત્કર્ષ થાય છે. તે સર્વ જીવ માટે કલ્યાણકારી તો છે જ તેની સાથે પ્રકૃતિને પણ લાભકારી છે. માનવ ઉત્કર્ષ માટે શારીરિક તંદુરસ્તી, ઉત્તમ નિયમિત જીવનશૈલી જ શ્રેષ્ઠ ઉપાય છે. શારીરિક અને માનસિક તંદુરસ્તીને સાધ્ય બનાવવાનો રસ્તો જ ઉત્તમ છે. સનાતન ધર્મમાં પુરાતન કાળથી તેનો માર્ગ બતાવવામાં આવ્યો છે અને તે છે યોગ. દર વર્ષે ૨૧ જૂનના રોજ 'વિશ્વ યોગ દિવસ'ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની આગેવાનીમાં વડાપ્રધાનશ્રીએ શરૂ કરાવેલી યોગ પરંપરાને આગળ વધારતાં રાજ્યભરમાં સવા કરોડથી વધુ નાગરિકો યોગદિવસની ઉજવણી કરશે.

બે અર્થમાં યોગને સમજવામાં આવે છે. એક છે યોગ એટલે જોડવું, સંયોગ અને બીજો અર્થ છે સમાધિ. જીવનને સ્વાસ્થ્ય સાથે જોડવું, સંધાન કરવું એ યોગ છે. એમ સમાધિ પણ મન સહિતની ઈંદ્રિયોને કાબૂમાં, સંતુલિત રાખવા કરવામાં આવતી ક્રિયા છે. યોગ ચિત્તને વૈશ્વિક ચેતના સાથે જોડે છે. સ્વામી વિવેકાનંદે કહ્યું હતું કે, "દરેક વ્યક્તિ દિવ્યતા પ્રાપ્ત કરવાની સંભાવના ધરાવે છે." યોગ આપણામાં છુપાયેલી દિવ્યતાને પ્રગટ કરે છે. આમ, વ્યક્તિના જીવનને દિવ્ય અને ભવ્ય યોગ થકી જ બનાવી શકાય છે.

યોગની વાત હોય એટલે મહર્ષિ પતંજલિની યાદ આવ્યા વિના ન રહે. મહર્ષિ પતંજલિએ તેમના યોગસૂત્ર નામના ગ્રંથમાં પ્રથમ પ્રકરણના બીજા સૂત્રમાં યોગની વ્યાખ્યા આ પ્રમાણે આપી છે. "योग: चित्तवृत्ति निरोध:।" એટલે આપણા ચિત્તમાં સતત જન્મ લેતી નિરંકુશ વૃત્તિઓને યોગાભ્યાસ દ્વારા રોકવી તેનું નામ જ યોગ છે. મહર્ષિ પતંજલિના મતે યોગ એ મનોવિજ્ઞાન પણ છે. યોગનું મુખ્ય ધ્યેય ચિત્તની વૃત્તિઓના નિયંત્રણ દ્વારા નકારાત્મક વિચારોને નાબૂદ કરી, વ્યક્તિત્વના વિકાસમાં ઉપયોગી બને એવા વિચારોને સ્થિર કરવાનું છે.

મહર્ષિ પતંજલિએ યોગનું ઉત્તમ નિરૂપણ કરી સરળ સમજૂતી આપી છે. વિવિધ આસનો, પ્રાણાયામ તેમજ નિયત શ્વસનક્રિયા દ્વારા શારીરિક અને માનસિક તંદુરસ્તી પ્રાપ્ત કરવાની સાધના એટલે યોગ. નિરોગી રહેવા માટે પ્રાચીન ભારતે વિશ્વને આપેલી અમૂલ્ય ભેટ એટલે યોગ. વિશ્વના સૌથી પ્રાચીન ગ્રંથ એવા વેદ, સાહિત્ય, ઉપનિષદ સહિત અનેક ગ્રંથોમાં યોગનું વર્ણન છે. યોગની આ ઉપયોગિતાને વિશ્વ સમક્ષ મૂકનાર આપણો ભારત દેશ યોગનો જનક દેશ છે.



વર્તમાન સમયમાં કામનું અતિશય ભારણ, હતાશા, નિરાશા, તાણ વધુ શારીરિક અને માનસિક શ્રમ, શારીરિક પીડા, બીમારીની ભરમાર જેવી અનેક સમસ્યાઓ માનવીના શારીરિક સ્વાસ્થ્યને ગંભીર અસર કરી રહી છે. યુવાનોમાં હાર્ટએટેકનું પ્રમાણ વધ્યું છે. સહનશીલતા ઘટતાં આત્મહત્યાના બનાવો પણ વધ્યાં છે. ત્યારે સમગ્ર વિશ્વને યોગના માર્ગે પ્રશસ્ત કરવાની દિશા ભારતે બતાવી છે. યોગ માત્ર બીમારીઓથી દૂર રાખી તંદુરસ્તી જ નથી આપતો તે વ્યક્તિત્વને પણ ખીલવે છે. બૌદ્ધિક વિકાસની પણ તે ગુરુચાવી છે. યોગ ઇન્દ્રિયોનું દમન નહીં રૂપાંતરણ કરે છે. મહર્ષિ પતંજલિ કહે છે કે, સ્વસ્થ આત્મચિત જ સમાધિ મેળવી શકે છે.

ભારતની વિશ્વને ભેટ ગણાતા 'યોગ'ની અસરકારકતા માત્ર શરીર અને મનના સંતુલન સુધી જ મર્યાદિત નથી. યોગનો સંબંધ મન-શરીર સહિત વ્યક્તિના સમગ્ર વ્યક્તિત્વને

પાંચ મુખ્ય તત્ત્વો અગ્નિ, પૃથ્વી, જળ, વાયુ ને આકાશ સાથે જોડવાનો પણ છે. આ પાંચ તત્ત્વોનું શરીરમાં યોગ દ્વારા સંતુલન સાધીને વ્યક્તિ પોતાના તન-મનને સમગ્ર વિશ્વ સાથે એકરૂપતા સાધી શકે છે. ઉપરાંત યોગના નિયમિત અભ્યાસથી શરીરના પંચતત્ત્વોની શુદ્ધિ થાય છે અને કાયા નિરોગી રહેવા સાથે વ્યક્તિને માનસિક અને શારીરિક બળ પ્રાપ્ત થાય છે. તંત્રમાં એને જ પંચભૂત-શુદ્ધિના નામથી ઓળખવામાં આવે છે.

યોગ એ શરીર અને મન બંનેનું વિજ્ઞાન છે. તેથી તેને દુનિયાભરમાં આવકાર અને વૈજ્ઞાનિક સ્વીકૃતિ મળી છે. સંયુક્ત રાષ્ટ્રોની વિશ્વ-આરોગ્ય સંસ્થા (WHO)એ પણ શારીરિક અને માનસિક સ્વાસ્થ્યની મહત્ત્વની કડી તરીકે યોગના પ્રશિક્ષણ પર ભાર મૂક્યો છે. આજના સમયમાં ભૌતિક વસ્તુઓ પાછળની સમજણ વિનાની દોડને કારણે શારીરિક બીમારીઓ અને માનસિક યાતનાઓ વધી છે. આ બધી વિકારયુક્ત સ્થિતિમાંથી મુક્તિ મેળવવાનો રાજમાર્ગ યોગ છે.

આમ, જો કોઈપણ બીમારીથી બચવા માંગતા હોવ તો તેનો ઉત્તમ માર્ગ યોગ જ છે. જે વ્યક્તિની જીવનશૈલીને અને વ્યક્તિત્વને નિખારે છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આંતરરાષ્ટ્રીય યોગ દિવસે યોગને વધુને વધુ લોકો સુધી પહોંચાડવાની જે પહેલ કરી છે. તેનાથી પ્રેરાઈને વિશ્વના અનેક દેશોના નાગરિકોએ યોગને પોતાની જીવનશૈલીનું અભિન્ન અંગ બનાવી દીધું છે.

આગામી ૨૧ જૂન ૨૦૨૩ના રોજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ “એક પૃથ્વી એક સ્વાસ્થ્ય માટે યોગ”ના સૂત્ર સાથે ઉજવાશે. જેમાં સમગ્ર વિશ્વ સાથે ભારતના ખૂણે ખૂણે યોગાભ્યાસ કરવા લોકો ઉત્સાહભેર



ભાગ લેશે. આંતરરાષ્ટ્રીય યોગ દિવસની રાષ્ટ્રીય કક્ષાની ઉજવણી હેરિટેજ સિટી, મૈસુર ખાતે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં કરવામાં આવશે. જ્યારે ગુજરાતમાં અમદાવાદમાં રિવરફ્રન્ટ ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને રાજ્ય કક્ષાની ઉજવણી કરવામાં આવશે. મુખ્યમંત્રીશ્રીના સુદ્રઢ માર્ગદર્શન હેઠળ રાજ્યના ધાર્મિક, પ્રવાસન, ઐતિહાસિક તથા શૈક્ષણિક મહત્ત્વ અને કુદરતી સૌંદર્ય ધરાવતાં ૭૫ આઇકોનિક સ્થળો જેવાં કે, સાબરમતી રિવરફ્રન્ટ, સ્ટેચ્યૂ ઓફ યુનિટી, કચ્છનું સફેદ રણ તથા મોઢેરા સૂર્યમંદિર જેવાં સ્થળોએ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવશે.

એ વાત ચોક્કસ છે કે ભારત દેશ આગામી ૨૧મી જૂને સમગ્ર વિશ્વને યોગના પાઠ શીખવી ખરા અર્થમાં તે વિશ્વગુરુ છે તે પુનઃ સાબિત કરશે. ભારતે દર્શાવેલા યોગના માર્ગને અપનાવી માનવજાતે અનેક મુશ્કેલીઓમાંથી માર્ગ કાઢવાની ગુરુચાવી આત્મસાત્ કરી છે.

### જ્યારે વડાપ્રધાનશ્રીના શબ્દો યુ.એન. એ ઝીલી લીધા

સંયુક્ત રાષ્ટ્રસંઘની ૬૯મી સામાન્ય સભાને તા. ૨૭ સપ્ટેમ્બર, ૨૦૧૪ના રોજ સંબોધિત કરતી વખતે ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિશ્વસમુદાયને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ અપનાવવા માટે વિનંતી કરી હતી. જેને યુ.એન. એ ઝીલી લીધી હતી. ત્યારથી જ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ૨૧મી જૂનના રોજ ઉજવણી કરવામાં આવે છે.

### યોગનો સંક્ષિપ્ત ઇતિહાસ અને વિકાસ

યોગવિજ્ઞાનનો ઉદ્ભવ હજારો વર્ષો પૂર્વે પ્રથમ ધર્મ અથવા આસ્થા-પ્રથાઓના જન્મથી પણ ખૂબ પહેલાં થયો હતો. યોગ માન્યતા અનુસાર શિવને પ્રથમ યોગી અથવા આદિયોગી તથા પ્રથમ ગુરુ અથવા આદિગુરુ તરીકે જોવામાં આવે છે. યોગ માનવતાના ભૌતિક તથા આધ્યાત્મિક ઉત્કર્ષ માટે ઉત્તમ સાબિત થયો છે. સિંધુ-સરસ્વતી ખીણ સંસ્કૃતિના પ્રાપ્ય અનેક અશ્મિભૂત અવશેષો અને મુદ્રાઓમાં યોગના નમૂનાઓ તથા યોગસાધના કરતી પ્રતિમાઓ પ્રાચીન ભારતમાં યોગની ઉપસ્થિતિ સૂચવે છે. મહાન ઋષિ એવા મહર્ષિ પતંજલિએ પતંજલિનાં યોગસૂત્રો દ્વારા સમકાલીન પ્રચલિત યોગપ્રથાઓ, પ્રણાલીઓને સુવ્યવસ્થિત અને સંહિતાબદ્ધ કરી. આજે રોગનિવારણ, સ્વાસ્થ્યની જાળવણી તથા વૃદ્ધિ માટે યોગપ્રણાલી ઉપર સહુને દૃઢ વિશ્વાસ છે.

### યોગના મૂળભૂત સિદ્ધાંતો

યોગ વ્યક્તિના શરીર, મન, લાગણી તથા ઊર્જાના સ્તરો પર કામ કરે છે. આથી યોગનાં ચાર મુખ્ય વર્ગીકરણો થયાં છે: કર્મયોગ, જ્યાં આપણે શરીરનો ઉપયોગ કરીએ છીએ. જ્ઞાનયોગ, જ્યાં આપણે મન/બુદ્ધિનો ઉપયોગ કરીએ છીએ. ભક્તિયોગ, જ્યાં આપણે લાગણીનો ઉપયોગ કરીએ છીએ. ક્રિયાયોગ, જ્યાં આપણે ઊર્જાનો ઉપયોગ કરીએ છીએ. આપણે યોગની જે કોઈ પદ્ધતિ અનુસરીએ છીએ તે આમાંથી કોઈ પણ એક વર્ગીકરણમાં જ સમાવિષ્ટ થાય છે. ●

## સીમાવર્તી ગામોમાં ખેતી કરતા ખેડૂતો : અન્નદાતાની સાથે સીમાના પ્રહરી

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે બનાસકાંઠા જિલ્લાના પાકિસ્તાનની સરહદને અડીને આવેલા સૂઈગામ તાલુકાના સીમાવર્તી ગામો; પાટણ, ભરડવા, સૂઈગામ, બોરુ, મસાલી અને માધપુરાની મુલાકાત લીધી હતી. રાજ્યપાલશ્રી



બનાસકાંઠા જિલ્લાના આ અંતરિયાળ ગામોની મુલાકાતે આવ્યા હોય એવી આ પ્રથમ ઘટના છે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે આ તમામ ગામોમાં ગ્રામજનો સાથે સીધો સંવાદ કરી દેશના અન્ય ભાગોમાં વસતા નાગરિકો જેવી જ સુખ સુવિધાઓ સીમાવર્તી ગામોમાં વસતા નાગરિકોને મળવી જોઈએ તેમ જણાવી નાગરિકોની રજૂઆતો સાંભળીને તેના યોગ્ય નિરાકરણ માટે વહીવટી તંત્રને નિર્દેશ આપ્યા હતા. તેઓ દેશના છેવાડે નથી રહેતા પરંતુ સરહદ તરફથી જોઈએ તો સૌથી પહેલા વસાહતી છે તેમ જણાવી કહ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી પણ સરહદી વિસ્તારમાં વસતા નાગરિકોની વિશેષ ચિંતા કરે છે.

સીમાવર્તી ગામોમાં ખેતી કરતા ખેડૂતો અન્નદાતા તો છે જ સાથોસાથ સીમાના પ્રહરી પણ છે. તેમણે ગ્રામજનો-ખેડૂતોને રાસાયણિક ખેતી છોડીને પ્રાકૃતિક ખેતી અપનાવવા અનુરોધ કર્યો હતો. એટલું જ નહીં, લોકોના સ્વાસ્થ્ય માટે, ભૂમિની ફળદ્રુપતા માટે અને પર્યાવરણની જાળવણી માટે પ્રાકૃતિક ખેતીની અનિવાર્યતા સમજાવી હતી.

આ સાથે તેમણે માતૃભૂમિની રક્ષા કરતા જવાનોને મળીને દેશસેવાના વીરતાભર્યાં કામ માટે શુભેચ્છાઓ પાઠવી હતી. રાજ્યપાલશ્રીએ જવાનોને મળતી સુવિધાઓ વિશે જાણકારી મેળવી હતી. આ અવસરે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી, બનાસકાંઠાના સાંસદ શ્રી પરબતભાઈ પટેલ, ઉચ્ચ અધિકારીઓ, આગેવાનો અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ●

## વડોદરાના પ્રવેશદ્વાર સમાન દુમાડ જંકશન પરના ફ્લાયઓવર બ્રિજનું લોકાર્પણ

ગુજરાતને દેશની આર્થિક રાજધાની સાથે જોડતા રાષ્ટ્રીય રાજમાર્ગ પર આવેલા અને ઐતિહાસિક-ઔદ્યોગિક નગરી વડોદરાને તાજેતરમાં વિકાસકાર્યોની ભેટ મળી. બે રાષ્ટ્રીય રાજમાર્ગ પરિયોજનાઓનું લોકાર્પણ કરવા માટે વડોદરા આવેલા કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી શ્રી નીતિન ગડકરીએ નેશનલ હાઈવે પર અન્ય સુધારકાર્ય અને નવી પરિયોજનાઓની જાહેરાત કરી હતી. વડોદરાની હદમાં આવતા નેશનલ હાઈવે પરના જાંબુઆ-પોર-બામણગામ પાસેના સાંકડા પુલને ચારમાર્ગીય બનાવવા માટે અને છાણી જંક્શન પર અંડરપાસના નિર્માણ માટે કેન્દ્રીય મંત્રીશ્રીએ મંજૂરી આપી હતી.



કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી શ્રી નીતિન ગડકરીએ ગૃહ અને વાહનવ્યવહાર રાજયમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી, વિધાનસભાના મુખ્ય દંડક શ્રી બાળકૃષ્ણ શુક્લ અને સાંસદ શ્રીમતી રંજનબેન ભટ્ટની ઉપસ્થિતિમાં વડોદરા નજીક નેશનલ હાઈવે પર આવેલા દુમાડ અને દેણા ચોકડી પર નવનિર્મિત ફ્લાયઓવર બ્રિજ અને દેણા અંડરપાસ તેમજ સર્વિસ રોડ સહિત રૂ. ૪૮ કરોડના ખર્ચે તૈયાર થયેલા વિવિધ પ્રકલ્પોનું લોકાર્પણ કર્યું હતું. કેન્દ્રીય મંત્રી શ્રી ગડકરીએ નર્મદા અને તાપી નદી પર વધારે ૧-૧ પુલ બનાવવા માટે રૂ. ૧,૦૦૦ કરોડની મંજૂરીની જાહેરાત કરી હતી.

ગૃહ અને વાહનવ્યવહાર રાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ કેન્દ્ર સરકાર અને શ્રી ગડકરીનો આભાર વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે ધારાસભ્ય સર્વશ્રી યોગેશભાઈ પટેલ, કેયુરભાઈ રોકડિયા, કેતનભાઈ ઈનામદાર, ધર્મેન્દ્રસિંહ વાઘેલા, ચૈતન્યભાઈ દેસાઈ સહિત મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. ●


આફત સામે
અડીખમ
ગુજરાત



# રથયાત્રા

## સંસ્કાર, સંસ્કૃતિ અને અસ્મિતાની ત્રિવેણી

**Published on Date 16-06-2023**. R.N.I. NO. 38351/81, Regd. No. G/GNR/10/2021-23 Valid upto 31/12/2023, LPWP No. WPP PMG/NG/061/2021-23 Valid upto 31/12/2023
• Licensed to Post without Prepayment At Post : PSO/1 - Ahmedabad/Rajkot/Surat/Vadodara on every 3 to 11 and 18 to 26 E.M.,
Gujarat (Fortnightly) Annual Subscription Rs. 50.
**48 + 4 Cover = Total 52 Pages • Editor and Published by** Director of Information on behalf of Directorate of Information,
Block No-19, Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar, Gujarat. **Printed by** Sahitya Mudranalaya Pvt Ltd, City Mill Compound, Ahmedabad &
Gujarat Offset Pvt Ltd, Vatva, Ahmedabad • If undeliverd pl. return to, Information Department, Sector no. 16, Gandhinagar Respectively.

**To,**

**ગુજરાત પાક્ષિક કાર્યાલય :-**
માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦